૪૭૭

આવતીકાલનાંનાગરિકોમાટેનુંઆજનુંમાસિક
વર્ષચાળીસમુંઅંકનવમોમાહેસપ્ટેમ્બરઈ.સન
ઓગણીસસોત્રેસઠસંસ્થાપકશ્રીરવિશંકરરાવળ
તંત્રીબચુભાઈરાવત



અજંતાનાં સુશોભનોથી મંડિત તસ્તરી (ઑક્સિડાઈઝ કરેલી તાંબાની તાસક) કલાકાર · ડી. એન. ચિતળે

વાચકો લખે છે

ઑગસ્ટની 'શબ્દપલ્લવી'માં સુશીલાબિન પટેલે '૧૨' અંક સુધી વપરાતી સંજ્ઞા આપી છે. ખરેખર તે '૩૨' આંક સુધી છે.

૧૩ માટે યક્ષ, વિશ્વ, પુરુષોત્તમમાસ. ૧૪ રત્ન, મનુ, મહ, વિદ્યા, ઇન્દ્ર, અભિનય. ૧૫ તિથિ, ધસ્ર. ૧૬ નૃપ, કળા, સંસ્કાર. ૧૭ અત્યષ્ટિ. ૧૮ પુરાણ, વનસ્પતિ, ધૃતિ. ૧૯ દેવવાદ્ય, વિરાટમુખ, અંકનંદ, અતિધૃતિ. ૨૦ નખ, આંગળાં, વસા, કોડી. ૨૧ મૂર્ચ્છના, સમિત્, અનુસ્મૃતિ. ૨૨ ઉપસર્ગ. ૨૩ (કંઇ નથી.) ૨૪ અવતાર, સિદ્ધ, જિન. ૨૫ તત્ત્વ, પાસો. ૨૬ (કંઈ નથી.) ૨૭ નક્ષત્ર, ઉડુ, ઋક્ષ, ભ. ૨૮ થી ૩૧-માટે કંઈ નથી. ૩૨ લક્ષણ, દ્વિજ, દંત, રદ.

(દામનગર) —નટવરલાલ બ. વ્યાસ

અમદાવાદથી પ્રગટ થતા 'લોકસમાચાર'ના તા. ૨૬-૭-૧૯૬૩ના અંકમાં 'માતાજી' નામની ભક્ત વ્યક્તિ અનાજપાણી વગર જીવી શકે છે તેવા સમાચાર છે. વધુમાં આજના તબીબી વિજ્ઞાનને તેની પરીક્ષા કરવાનું આવાહન છે.

ઉત્તર ગુજરાતમાં વિજાપુર પાસે હરણાહોળા ગામમાં એક રજપૂત બાઇ પણ છેલ્લાં ૨૨ વર્ષથી અનાજપાણી વગર જીવી રહ્યાની તથા પાટડી પાસેના નવરંગપુરા ગામના એક ઠાકોર ભક્ત પણ ૧૨ વર્ષ સુધી અનાજપાણી વગર જીવી શકયાની લોકવાયકા છે.

આ બધા પ્રકારોમાં શું સત્ય છે તે આજના વિજ્ઞાને નિશ્ચિત કરવાની જરૂર છે. 'ખેચરી' નામની યોગવિદ્યાની મુદ્રાથી જીભના ટેરવા અને તાળવાના ઘર્ષણથી એક પ્રકારનો પ્રવાહી રસ ઉત્પન્ન થતો હોવાનું જણાવ્યું છે. આ રસ સોમકલા કહેવાય છે, જેના પીવાથી ભૂખતરસ લાગતી નથી એવી માન્યતા છે.

પાતંજલ યોગસૂત્રના વિભૂતિપાદમાં સૂત્ર ૩૧માં જણાવ્યા પ્રમાણે 'કંઠકૂપમાં સંયમ કરવાથી ભૂખતરસ લાગતી નથી.' 'લોકસમાચાર'માં પણ 'માતાજી' પોતાની ભૂખતરસ આ જ કારણથી જીતી શકાય છે તેવો ખુલાસો આપે છે.

યોગવિદ્યાના પ્રયોગ વગર અમુક ઔષધિઓથી પણ ભૂખતરસ અમુક સમય સુધી જીતી શકાય છે તેવો ઉલ્લેખ કૌટિલ્યે તેમના અર્થશાસ્ત્રના ૧૪મા અધિકરણના ૧૭૮મા પ્રકરણમાં આપ્યો છે. તેમાં બે સૂત્રો અમુક સમય સુધી ભૂખતરસને જીતવાનાં છે:

(૧) શિરષોદુમ્બર શમીચૂર્ણં સર્પિષા હ્યત્યાર્ધમાસિકઃ ક્ષુદ્યોગઃ (શિરીષ, ઉદુમ્બર ને શમીના ચૂર્ણને ઘી સાથે ખાવાથી અરધા માસ સુધી ભૂખને જીતી શકાય છે); (૨) કશેરૂકોત્પલ કન્દેક્ષુમૂલબિસ દુર્વાક્ષીર ઘૃતમણ્ડ સિદ્ધોમાસિકઃ (કશેરૂક, ઉત્પલ કંદ, ઈક્ષુમૂળ, બિસ, દુર્વા વગેરે દૂધ-ઘી સાથે સિદ્ધ કરવાથી એક મહિનો ભૂખ લાગતી નથી.) કોઇ જાણકાર આ પ્રયોગો ઉપર પ્રકાશ પાડશે તો ભારતના પ્રાચીન વિજ્ઞાનની સેવા કરી ગણાશે.

૪૭૬મા અંકમાં મારા લેખમાં '૨' (બે)ના આંકને બદલે જે શબ્દો આપ્યા છે તેમાં 'યુગ્મ' શબ્દ પછી 'વૃંદ' શબ્દ છપાયો છે તે 'દ્વંદ' જોઈએ. એ જ લેખના ત્રીજા કૉલમમાં 'કુમાર'ના ઉદાહરણમાં 'મા' અક્ષર માટે 'રસ, તત્ત્વ, વૃંદ'માં પણ 'દ્વંદ' જોઈએ.

(વીરમગામ) —સુશીલા આર. પટેલ

'નૅશનલ જીઓગ્રાફિક'ના અંકમાં વાંચ્યું કે સ્વીડનના લોકો પોતાના દેશને સ્વીડન નહિ પણ સ્વેરિજ (Sverige) કહે છે, જે પ્રાચીન નામ છે. જૂના વખતની શાસક જાતિઓએ આ નામ આપ્યું હતું. સ્વેઆ (Svea)નો વાચ્યાર્થ છે 'અમે, આપણે પોતે'; રિજ (rize, rike)નો અર્થ છે 'રાજ્ય'. આથી 'સ્વેરિજ' એટલે 'અમારું કે આપણું પોતાનું રાજ્ય.'

આ પ્રાચીન સ્વીડિશ 'સ્વે' ને 'રિજ' શબ્દો અનુક્રમે સંસ્કૃત 'સ્વ' અને 'રાજ્ય'ને કેટલા બધા મળતા આવે છે! 'સ્વેરિજ' એટલે 'સ્વરાજ' અથવા વૈદિક સંસ્કૃતમાં આવે છે તેમ 'સ્વારાજ્ય' લૅટિનમાં પણ 'ડપાં' એટલે 'પોતાનું' ને 'Regis' એટલે 'રાજ્ય' એવો અર્થ છે.

(મુંબાઈ) —રજનીકાન્ત મોદી

એપ્રિલ અંકની શબ્દકથામાં શ્રી ભાયાણીએ 'મૂછનું મૂળ અસ્પષ્ટ હોવાનું જણાવ્યું ત્યારે મને નવાઇ લાગી કે રાતદિવસ પ્રયોગમાં આવતા આ શબ્દ પર વિચાર કરવાનું કોઇને કેમ સૂઝ્યું નહિ હોય? 'આપણે કૂચં' એટલે 'કૂચો' સહજ ગ્રહણ કરી શકીએ છીએ. તે જ પ્રમાણે પુચ્છ, પિચ્છ, પીછી, પછવાડે, પીછે, પાછળમાં આવતા 'પ' અને 'છ'નાં સૂચનો પણ સહજ ગમ્ય બને છે. પાછળનાં ફરતાં પાછળનાં પીંછડાં, પૂછડાં વગેરેમાં તે પ્રકટ છે. 'છ'થી છાતરાં ફરતાં કે ફરતા જેવા વાળ સમજી શકીએ તો મૂછમાંનો 'છ' મૂ-મુહ

-મોં ઉપરના વાળ કે વાળનો જથ્થો બની જવા સંભવ ખરો કે નહિ?
(અમદાવાદ) —રવિશંકર રાવળ

[*શ્રી રવિભાઇની રમૂજી કલ્પના પાછળ તથ્ય એટલું કે આ જાતના કેટલાક શબ્દોના વર્ણો કે ધ્વનિઓ આપણને તેમનો અર્થ પ્રતિબિંબિત કરતા લાગે છે; કેટલાક શબ્દોમાં 'સાઉન્ડ સિમ્બૉલિઝમ' ઉત્કટપણે કળાય છે; પણ 'પિચ્છ', 'પુચ્છ', 'પછવાડું'નાં મૂળ અલગઅલગ છે. 'મૂછ'નું મૂળ અજ્ઞાત કહ્યું તેનો અર્થ એટલો કે વર્ણવિકાસના નિયમો પ્રમાણે પ્રાકૃત 'મંસુ' ઉપરથી 'મૂછ' સિદ્ધ ન જ થાય. 'મુચ્છિ' જેવા પૂર્વરૂપમાંથી જ 'મૂછ' નિષ્પન્ન થાય. અને 'મંસુ'ને 'મુચ્છિ'નો સંબંધ કેમે કરીને ન ઘટે. કોઈ શબ્દના સાદૃશ્યની અસર પણ લાગતી નથી. —હ. ભાયાણી]

'કુમાર'ના જૂના અંકો હાલ ક્યાં યે મળતા નથી; લાયબ્રેરીઓમાં પણ નહિ. જે મળે છે તેમાંના ઘણામાં ચિત્રો, ફોટાઓ, અગત્યના લેખો વગેરે પર બ્લેડે પોતાનું કામ કરી લીધું હોય છે. આમ જિજ્ઞાસુ એથી વંચિત રહે છે. તો તે માટે વિનતિ કરવાની કે પહેલા અંકથી અત્યાર સુધીના અંકો શક્ય હોય તો ફરીથી છાપો. અત્યારે વિવિધ જાતના હલકા સાહિત્ય માટે ઘણાં છાપાં અને માસિકો ધમધોકાર ચાલે છે તો 'કુમાર'નો તો જુદો જ પ્રશ્ન હોઈને હલકા કાગળમાં પણ છાપશો તો ઘણું જ ઉપયોગી થશે. અંગ્રેજી માસિકો તો આ રીતે છપાય છે જ. માસિકની કિંમત કાગળની જાત પર નહિ પણ તેમાંના લેખો પરથી નક્કી થાય છે. આ માટે આગોતરા ગ્રાહકો પણ તમને મળી રહેશે.

જો આ શક્ય ન હોય તો બીજું સૂચન એ કે જેઓ 'કુમાર'ના જૂના વખતથી જ ગ્રાહક છે તે પોતાના અંકો બીજાને લાયબ્રેરીની જેમ જ અમુક કિંમતે વાંચવા આપે તો તેવા લોકોનાં નામ 'કુમાર'માં પ્રસિદ્ધ કરો; તો આ રીતે મારા જેવા અનેકોને અગાઉની 'કુમાર'ની સમૃદ્ધિ મળશે, અને જે ભાઈ આવા ૮-૧૦ ગ્રાહક સ્વીકારશે તેમને આર્થિક દૃષ્ટિએ ફાયદો થશે; 'કુમાર'ના લવાજમનો બોજો નહિ લાગે ને આ જૂના અંકોથી ચાલુ 'કુમાર' મફત મેળવશે. વળી આથી 'કુમાર'ના જૂના ગ્રાહકો ટકી રહેશે અને નવા ગ્રાહકોમા વધારો થશે.
(રાજકોટ) —કે. પી. જાદવ

'સ્વામી કૃષ્ણાનંદ'વાળા લેખમાં 'માનવમૂત્ર'ના ઉપચાર વિષે જુલાઈ અંકમાં એક ભાઇએ કરેલો ઉલ્લેખ જોયો. 'હારિતસંહિતા'માં માનવમૂત્રના ગુણધર્મ બતાવતો શ્લોક:

'માનુષં ક્ષાર કટુકમ્, મધુરમ્ લઘુ ચોચ્યતે;
ચક્ષુરોગ હરમ્ બલ્યમ્, દીપનમ્ કફ નાશનમ્.'

'હારિતસંહિતા'માં મૂત્ર પ્રકરણમાં પ્રાણીઓના મૂત્રના ગુણધર્મો બતાવ્યા છે ત્યાં 'માનુષં'થી આ શ્લોકની શરૂઆત કરેલી છે.
(મુંબાઇ) —રાજાભાઈ લાદીવાળા

સર્વસામાન્યને ઉપયોગી થઇ પડે એવા લેખોમાં (દા.ત. ઘરગથ્થુ ઔષધ) વજન દર્શાવાતાં હોય ત્યાં સૌની એકસરખી સમજણ માટે કિલો યા તો ગ્રામ અથવા લીટર એવાં હાલનાં ચલણી તોલ માપમાં દર્શાવાય તો અનુકૂળતા થશે. અમદાવાદવાળા શેર ૪૦ ભારનો સમજી લખતા હોય, જ્યારે મુંબાઇવાળા એને ૮૦નો સમજે, વગેરે મુશ્કેલીઓ આથી હલ થઇ જશે.
(મુંબાઇ) —મેઘજી વિ. ગાલા

અંક ૪૭૬માં 'જીવનપટનાં સ્મૃતિચિત્રો'માં 'મંદિરના ધીરા દ્રુપદ તાલમાં ભૈરવી, માલકૌસ, કેદાર વગેરે રાગોમાં મંદિરનાં પદો સાંભળતા' એવો ઉલ્લેખ છે. પરંતુ મંદિરમાં ભૈરવી એ અસ્પૃશ્ય રાગ છે. ઈન્ગ્રીડ બર્ગમૅનની વાતમાં '૧૯૫૭ની સાલમાં સાઠ વર્ષને લાંબે ગાળે ઈન્ગ્રીડ ન્યૂયૉર્ક ગઇ' એવો ઉલ્લેખ છે તે આઠ વર્ષ હોવા સંભવ છે.
(બીલીમોરા) —પ્રબોધન પુરોહિત

અંક ૪૭૬માં 'રેવાવહુ'ની સત્યકથામાં 'અને ચતુર્ભુજની વરસીમાં જગન્નાથનાં અસ્થિ સંમુખે ભાગવત સપ્તાહ થઇ' છે, ત્યાં જગન્નાથનાં અસ્થિને બદલે ચતુર્ભુજનાં અસ્થિ હોવું જોઇએ.
(પોરબંદર) —દામોદર દયારામ

૪૭૬મા અંકમાં 'છેલ્લા પાનામાંથી ઉતારો, માં લખેલું છે કે દિવસની લંબાઈ જાણવામાટે જે કલાકે સૂર્યોદય થાય તે કલાકને બમણા કરવાથી રાત્રિની લંબાઈ જણાશે ને સૂર્યાસ્તના સમયને બેવડાવવાથી દિવસની લંબાઈ મળશે.' પરંતુ ઑગસ્ટ ૧૯મી તારીખે સૂર્યોદય ૬ ક. - ૨૨ મિ. થયો હતો, તેને બેવડાવવાથી ૧૨ ક. - ૪૪ મિ. આવે. તે દિવસે સૂર્યાસ્ત ૭ ક. - ૪ મિ. થએલો, તેને બેવડાવવાથી ૧૪ ક. - ૮ મિ. આવે. બન્નેનો સરવાળો ૨૬ ક. - ૫૨ મિ. આવે. એ કેમ બને?
(માટુંગા) —દિનકર છેડા

કુમાર · આવતી કાલનાં નાગરિકોનું માસિક · વર્ષ ૪૦ · અંક ૯ · સપ્ટેમ્બર '૬૩ · સળંગ અંક ૪૭૭

તારા

· ગાન ·

ઝલમલ ઝલમલ તારા.
ચાર દિશાએ ફેલાએલા ફરતા રજની-આરા.—ઝલ૦

આભ આખું યે આલાપે ત્યાં રાગ કયો રહી જાય?
સાગરનો શો સાજ પડયો તે મરુત વેગથી વાય;
આ ક્ષણ વાવ્યા, આ ક્ષણ ઊગ્યા, છલકે લોચન-કયારા.

નર્યો નવો કો દરિયો ઊછળે, નવાં ઝૂલે કૈં ઝાડ,
લુજ ને સુજની વચમાં આ તો ઊગી તેજની આડ;
અધકારનું અંજન આંજી લઇ લો લોચન પ્યારાં!

પ્રિયકાન્ત મણિયાર

ઝબોળો

· ગાન ·

ભર્યાં ભર્યાં નીતર્યાં જળે એક ઝબોળો!

એક ઝબોળે પાતાળ પૂગ્યો, આભમાં ઊડયો, દુનિયા મ્હાલ્યો,
અલબેલી કૈં અલકા ઘૂમ્યો, પરીઓ કેરા લોકમાં ચાલ્યો,
કયાં ય નહિ બંધન કે બાધા ચારે કોરે મોકળો ઓળો!...

એક ઝબોળે રંગબેરંગી ઝાકળ ભીંજ્યાં જલમાં ઝીલ્યો,
કોયલના કલસ્વરમાં કુજ્યો, ફાગણિયાનાં ફૂલમાં ખીલ્યો,
કયાં ય ગયો ખોવાઈ, મળું ના, મેં ય તે મને કેટલો ખોળ્યો!...

દિનેશ કોઠારી

પ્રથમ રેલો

· હરિણી · સૉનેટદ્વય ·

૧

પ્રથમ પ્રથમા વૃષ્ટિ, હૃષ્ટિ! ઝીણું જલપ્રોક્ષણ!
તરસી ક્ષિતિ લાખ્ખો છિદ્રોની વિકાસી નળીનળી
નિજ ગહનમાં લેતી ચૂસી ઊંડા સિસકારથી!

જળ ગગનથી છંટાયું જે તપ્યાં પતરાં પરે
જરી છણછણી આવ્યું તેવું ઊડી જ ગયું નભે!
પ્રથમ પ્રથમા વૃષ્ટિ ભૂની અળાઇ જ છાંટી ગૈ!

મશક બીજીએ જ્યાં છંટાયાં ધરા ઘરછાપરાં,
પ્રથમ ટપકયાં નેવાં! મોતીતણું તૂટયું તોરણ
લટકી ટકીને થોડું; નીચે ભીનું કરી લીપણ,
ભીંજવી પરસાળો, રસ્તાની ભીંજાવત ધૂળને.

જીરણ ક્ષિતિની મુદ્રા ધોતો, વહંત જૂના મળો,
તસુતસુ સૂંઘી પૃથ્વી, જોતો પૂંઠે લઇ આમળો,
અનુગ જળપેઢીને માટે નવા પથ આંકતો
નવલ જળનો પ્હેલો રેલો શેરી વચ્ચે થઇ નીકળ્યો.

૨

નવલ જળનો પ્હેલો રેલો શેરી વચાળથી નીકળ્યો,
જળ ધડકિયું થોડું, થોડી ધીમી થઇ રે ગતિ;
જલધિ તણી કો આછી-આધી ગઇ ચમકી સ્મૃતિ,
મલિન જળમાં નીલોનીલો સમંદર ઓગળ્યો!

ઉદધિ સુધી એ પ્હોંચાશે? એ હશે દૂર કેટલે?
અતટ અતલાં કેવાં હોશે સનાતન એ જળો!
પથ મળી જશે પાસેની કો નદી છીછરાં જળે?
શ્રવણવિવરોમાં જાગી ગૈ સ્ખલજ્જલ કલ્કલો.

કયહીં સુધી જવું ભાગ્યે મારે લલાટ લખ્યું હશે?
રણ શી ભૂખરી ભાગોળે આ ધૂલિ શું જશે ગળી?
તરસી સીમની વા કો સુક્કી તલાવડી પી જશે?
અવર ગલીથી જાયે જો કો પ્રવાહ બીજો મળી!

ઘુમરી ફરીને લોળી પીતો બધી અરણી ફિકરો
મલિન ફીણને છોગે રેલો શેરી વચ્ચે થઇ નીકળ્યો...

ઉશનસ્

મનમેળ

· ગાન ·

માટી શું મનમેળ હો વાલમ,
બાવડે લીલવી કેળ હો વાલમ.
આંગણે લીલો લીમ હો વાલમ,
ઢૂકડી ટૌ'કે સીમ હો વાલમ.
ઢોર તો આપણ મોર હો વાલમ,
દૂધના ફીણેલ શોર હો વાલમ.
પાઘડી છોગે લાલ હો વાલમ,
આંખમાં કાંક ગુલાલ હો વાલમ.
વાડીએ ઝૂકયો વાડ હો વાલમ,
જળનાં ઝીલે લાડ હો વાલમ.
ધરતી વેરે વ્હાલ હો વાલમ,
તારલા પૂરે તાલ હો વાલમ.
ધરતીની ધૂળ સંગ હો વાલમ,
ગલગોટયાં આ અંગ હો વાલમ.
જોબનિયું અંઘોળ હો વાલમ,
આયખું લગન-ઘોળ હો વાલમ.

પ્રજલાલ દવે

અમારી હાર ઉપર!

ગઝલ

ટકી શકયો છું, ટકયો'તો નજરની ધાર ઉપર!
સળગતા એના તરલ તેજના સિંગાર ઉપર!

થયું તે એવું થયું છે કે કૈં ઇલાજ નથી,
નભે છે ઝિન્દગી ફૂલોની સારવાર ઉપર!

થયું, જવા દો હવે; કોઇ હસે ના, જોજો,
તમારા પ્યાર ઉપર ને અમારી હાર ઉપર!

"પ્રણયની જૂજ ક્ષણો, દર્દ જિન્દગીભરનું,"
કરી ચૂકયો છું દસ્તખત હું એ કરાર ઉપર!

ક્ષિતિજ હસી ત્યાં નયનમાં છવાયું અંધારું,
ભરોસો વ્યર્થ કર્યો'તો અમે સવાર ઉપર!

હૃદયની વાત કરું શું હવે હું મ્હેફિલમાં?
નજર ફરી વળે છે સર્વ જાણકાર ઉપર!

હેમન્ત દેસાઈ

ઘુવડ

જંગલને માથેથી ઊડતાં ઊડતાં
સૂરજનું પીછું એક છૂટું પડયું;
જંગલના અંધારે આડાઅવળા અનેક લસરકે
એનું રૂપ બદલી દીધું.

ઝમઝમતાં તમરાંએ ફડફડતી પાંખ દઇ
પીંછાને પંખીનું ખોળિયું ધર્યું;
અણજાણી વાવના દેડકાએ
ખરબચડા, લીલા અવાજ ભર્યું આપ્યું ગળું.

બાવળની ડાળ બેઠી પીળેરી ડાકણે
એની આંખોમાં જીવ પૂરી દીધો;
જટિયાં ઊડાડતી રાતે આવીને
એને બહેકેલું બ્હીકેલું ચુંબન કર્યું.

સૂરજને ખોવાયા પીંછાની, ત્યાર પછી
એકે ના બાકી એંધાણી રહી.

દિલીપ ઝવેરી

જિંદગી થઇ વાદળું ભટકી રહી
કોણ જાણે કયાં વરસવાનું હશે!

મતિપદ અમીન

*પ્રિયકાન્તના 'તારા'એ, સંવેદનને એ કક્ષાએ પહોંચાડયું છે કે લોચન ત્યજીને અંધકારનું અંજન આંજવાનું મન થાય. *ઉશનસે 'પ્રથમ રેલા'ના બીજા સૉનેટમાં માનવમનની એષણા-આશંકા તો નથી મૂકી દીધી? *દિલીપના 'ઘૂવડ'માં સંવેદનની ખરબચડી ભૂમિ પર સૂર્યની ચેતનાનું રૂપપરિવર્તન કરી નાખ્યું—એવું, કે એણે મૂળનું વિરોધી રૂપ ધારણ કરી લીધું! કવિએ કશું નામ નથી આપ્યું, પણ એ ગાન-સૉનેટ બની રહ્યું છે. *એક અનેરી રસાનુભૂતિનું આલેખન કરતા 'ઝબોળા'માં દિનેશે રેખાઉતાર ગીત કંડાર્યું છે. *હેમન્તની ગઝલના સિંગારને ઓળખાવવાનો ન હોય. * 'મનમેળ'માં એક ખેડૂત સ્ત્રીની ઉક્તિ કેવા તળપદા ભાવ–ભાષામાં છે!

ભારતવાસીઓના મૂળભૂત હક્કો પ્રત્યે આચરાતા ઝુંબેશ ઉઠાવનાર, ભારતની જનતાની કપરી ગરીબી પ્રત્યે જગતની કરી એમને સ્વરાજ્યને માર્ગે

પેશ્વાઈ રાજના અંત પછી કંપની સરકારની સત્તા જામતી હતી. ગોરાઓના રાજ્ય પ્રત્યે લોકમત અનુકૂળ બનતો જતો હતો. રાજકીય અને સામાજિક પરિસ્થિતિનો લાભ લઈ ઈસ્ટ ઈંડિયા કંપનીના અમલદારો માત્ર જાતે ધનાઢ્ય બની જવાનો પુરુષાર્થ કરતા હતા. પ્રજા અજ્ઞાન ને વહેમી હતી. નરબલિ, સતીનો ચાલ અને ઠગ-પિંઢારાનો ત્રાસ પ્રવર્તતો હતો. એ અરસામાં નવસારીથી એક પારસી કુટુંબ મુંબાઈના એક પરામાં આવી વસ્યું. કુટુંબ એટલે માત્ર બે જણ: પતિ નવરોજી પાલનજી દોરડી અને પત્ની માણેકબાઇ. આઠમી પેઢીએ એક વડવા દોરાબજીનું જ્ઞાતિના એક જમણવારમાં 'દોરડી' નામ પડી ગએલું ત્યારથી આ કુટુંબ 'દોરડી' નામે ઓળખાતું. છ સૈકાથી અધ્યારૂ-પદ ભોગવતી એ પેઢીમાં નવરોજી પણ દસ્તૂર હતા. સ્થિતિ ગરીબ હતી, પણ માણેકબાઈ કરકસર અને ઘરરખુપણાથી કુટુંબમાં સુખ અને શાંતિ સીંચતાં.

સંવત ૧૮૮૧ના શ્રાવણ વદ ૭ એટલે કે ઇ. સ. ૧૮૨૫ની ૪થી સપ્ટેમ્બરે એમને ત્યાં પુત્રજન્મ થયો. નામ રાખ્યું દાદાભાઇ. નાનો 'દાદી' બચપણમાં બહુ ફૂટડો લાગતો. સગાંસંબંધીઓ એને સારે પ્રસંગે શણગારીને હોંશથી પોતાને ત્યાં તેડી જતાં. 'દાદી' ભણતાં એ શાળામાં મિસિસ પોર્ટર નામે એક વિદેશી બાઈ આવી હતી. 'પશ્ચિમ ભારત' વિષે એણે લખેલા એક પુસ્તકમાં પણ નોંધ્યું છે કે 'નાનો પારસી છોકરો દાદાભાઈ વિશિષ્ટ રીતે લક્ષ ખેંચતો હતો. વિશાળ કપાળ અને ઝીણી તેજસ્વી આંખો સૌને આકર્ષતાં.'

પણ વિશિષ્ટ રીતે લક્ષ ખેંચતા એ દાદીને પિતાનું સુખ નહોતું. ચાર વર્ષની ઉંમરે જ એણે એ છત્રછાયા ગુમાવી દીધી. પિતાની આવરદા લંબાઇ હોત તો સંભવતઃ દાદાભાઈ પણ એમને માર્ગે મોબેદ જ બન્યા હોત. માતા ભણેલાં તો નહોતાં, પણ એનામાં હૈયાઉકલત હતી. પોતાના ભાઇની સહાયથી તથા પંડે મહેનત કરીને એણે 'દાદી'-ને ભણાવ્યો. ધૂળી નિશાળનું પ્રાથમિક ભણતર એમ પૂરું થયું ત્યાર



સોરાબજી શાપુરજી તથા નવરોજજી ફર્દુનજી સાથે મળી એમણે 'રાસ્ત ગોફતાર' પત્ર કાઢ્યું, જેમાં કરસનદાસ મૂળજીતથા ખુરશેદજી ન. કામા જેવાની મોટી સહાય હતી. એ 'રાસ્ત ગોફતાર' સિન્ડિકેટ વેળાના દાદાભાઈ

સુધીમાં સૌની પ્રીતિ સંપાદિત કરી ચૂકેલા દાદીને અંગ્રેજી નિશાળમાં આગળ ભણાવવા માટે એના મહેતાજીએ જ આગ્રહ કરી માણેકબાઈને સમજાવ્યાં. અંગ્રેજી શાળામાં એ વખતમાં કંઈ ફી લેવાતી નહોતી. કદાચ એટલે જ પોતે અંગ્રેજી કેળવણી લઇ શક્યા હતા એવું ભાન દાદાભાઈને હમેશાં રહ્યા કર્યું હતું અને એટલે જ એમણે સદા મફત શિક્ષણની હિમાયત કરી હતી.

આવો તેજસ્વી છોકરો એ જમાનામાં કુંવારો કેમ રહી શકે? 'દાદી'ના પણ અગિયાર વર્ષની ઉંમરે સોરાબજી શ્રૉફ નામના એક ગૃહસ્થની સાત વર્ષની પુત્રી ગુલબાઈ સાથે લગ્ન થઇ ગયાં.

ગુજરાતી અભ્યાસ પૂરો કરી એલ્ફિન્સ્ટન ઈન્સ્ટિટ્યૂટમાં દાખલ થયા. હિંદુસ્તાનમાં અમલદાર તરીકે આવેલા અંગ્રેજોમાં ઘણાને આ દેશની પ્રજા પ્રત્યેક હમદર્દી હતી. અહીંની વ્યાપક નિરક્ષરતા દૂર કરવાના હિમાયતીઓમાં મુંબાઈના એ કાળના ગવર્નર માઉન્ટ સ્ટુઅર્ટ એલ્ફિન્સ્ટન પણ હતા. એમની નિવૃત્તિ વખતના વિદાય પ્રસંગે થએલા એક મોટા ભંડોળમાંથી આ ઈન્સ્ટિટ્યૂટની સ્થાપના થએલી. પછીથી એનો ઍલ્ફિન્સ્ટન કૉલેજ તરીકે વિકાસ થયો. એને માટે પસંદ થએલા પ્રથમ છ વિદ્યાર્થીઓમાં દાદાભાઈની વરણી થઈ હતી.

પોતાના ઘડતરકાળ વિષે દાદાભાઈએ એક સ્થળે લખ્યું છેઃ 'મને પહેલવહેલો આત્મબોધ હું લગભગ પંદર વર્ષની ઉંમરનો હતો ત્યારે મળેલો. એ બનાવ ગઇ કાલે જ બન્યો હોય એટલો મારા મનમાં તાજો છે. રસ્તે એકાંતમાં ચાલતાં મેં નિશ્ચય કર્યો કે અપશબ્દો મારે કદી બોલવા નહિ. એ દિવસથી, જેમજેમ મારી ઉંમર અને કેળવણી વધતાં ગયાં તેમતેમ મેં ઘણા નિશ્ચયો કર્યા છે, અને વફાદારીથી પાળ્યા છે. નાનપણમાં જમતાં પહેલાં અમારે ત્યાં જરા દારૂ પીવાનો રિવાજ હતો. એક દિવસ ઘરમાં દારૂ નહિ હોવાથી પાડોશીના પીઠામાંથી મને લેવા મોકલ્યો. હું ત્યાં ગયો, અને એવે સ્થળે જવાથી મને જે શરમ તથા હલકાઈ લાગી તે હું કદી નહિ ભૂલું. બસ! ત્યાર પછી આજ સુધી હું દારૂની દુકાને ચડ્યો નથી.'

યશસ્વી કારકિર્દી, દેહની સુંદરતા, આંખોની ચમક ને અણીશુદ્ધ ચારિત્ર્ય વગેરેથી ઇન્સ્ટિટ્યૂટમાં એ સૌના સન્માન્ય હતા. અહીંનું ભણતર પૂરું થયું ત્યારે એમની બુદ્ધિમત્તા અને ખંત જોઈને બોર્ડ ઑવ એડ્યુકેશનના પ્રમુખ અને મુંબાઈના વડા ન્યાયાધીશ સર અર્સ્કિન પેરી, જો દાદાભાઈની કોમના આગેવાનો અર્ધો ખર્ચ આપે તો બાકીનો ખર્ચ પોતે વેઠીને એમને વિલાયત બૅરિસ્ટર થવા માટે મોકલવા તૈયાર થયા. પરંતુ એ અરસામાં વિલાયત ગએલા કેટલાક પારસી ખ્રિસ્તી થઈ ગએલા તેમના અનુભવે પારસી આગેવાનો દાદાભાઇ માટે ખર્ચ કરતાં અચકાયા અને એમનાથી વિલાયત જઈ શકાયું નહિ.

નોકરીની શોધ શરૂ થઈ. સેક્રેટરીએટમાં માસિક ૧૪૦ રૂપિયાની એક નોકરી હતી. એ માટે સલાહ લેવા દાદાભાઇ એમના પ્રિન્સિપલ પૅજેટ સાહેબ પાસે ગયા. એમણે ના પાડી ને દાદાભાઈ મૂંઝવણમાં પડ્યા. પણ ઍલ્ફિન્સ્ટન ઇન્સ્ટિટ્યૂટમાં જ 'નૅટિવ હેડ ઍસિસ્ટન્ટ' તરીકે એમની નિમણૂક થઇ ગઈ. ૧૮૫૦માં ગણિત અને ભૌતિકશાસ્ત્રના મદદનીશ પ્રાધ્યાપક, ને ૧૮૫૪માં એ જ વિષયોના મુખ્ય પ્રાધ્યાપક બનાવાયા. આ પદ મેળવનાર તેઓ પ્રથમ હિંદી હતા.

અન્યાય સામે સૌપ્રથમ માથું ઊંચકી તે માટે અવિરત આંખો ઉઘાડી નાખનાર અને દેશવાસીઓને સજાગ દોરી જનાર ભારતીય રાજકારણના ભવ્ય પિતામહ

દાદાભાઈ નવરોજી



૧૯૧૩માં

દરમિયાન 'ધ સ્ટુડન્ટ્સ લિટરરી ઍન્ડ સાયન્ટિફિક સોસાએટી' નામે એક મંડળ સ્થાપી એનું 'ધ સ્ટુડન્ટ્સ લિટરરી મિસેલેની' નામે એક સામયિક એમણે શરૂ કર્યું. આ જ મંડળની ગુજરાતી અને મરાઠી શાખા પણ 'જ્ઞાન પ્રસારક મંડળ' નામે શરૂ કરી. એની એક બેઠકમાં બહેરામજી ગાંધીએ સ્ત્રીકેળવણીની હિમાયતમાં એક જોરદાર નિબંધ વાંચ્યો. એનાથી પ્રેરાઇને એ સૌ સુધારા વાંચ્છુઓએ સ્ત્રીકેળવણીનો પ્રારંભ કરવાનું વિચાર્યું. મહોલ્લે મહોલ્લે ફરીને એમણે સૌ લોકોને સમજાવ્યા, ને બે મહિનાની મહેનત પછી પારસી કન્યાવર્ગ માટે ૪૪ અને હિંદુ વર્ગ માટે ૨૪ વિદ્યાર્થિનીઓ તેઓ મેળવી શક્યા. પાછળથી આ વર્ગો ત્રણ કન્યાશાળા રૂપે વિકાસ પામ્યા. આ સામાજિક કાર્ય ઉપરાંત 'રહનુમે મઝદયાસ' નામે ૧૮૫૧માં સ્થપાએલી પારસી સંસ્થાના મંત્રી તરીકે પણ દાદાભાઇએ સેવા આપી.

બીજી બાજુ સોરાબજી શાપુરજી અને નવરોજજી ફર્દુનજી સાથે એમણે 'રાસ્ત ગોફતાર' (સત્યવક્તા) નામે એક સાપ્તાહિક પણ શરૂ કર્યું. ૧૮૫૧ની ૧૫મી નવેમ્બરે એનો પ્રથમ અંક પ્રકટ થયો. બાળલગ્નો વગેરે જેવી સામાજિક રૂઢિઓ તથા વહેમો સામે નવા વિચારો ને આદર્શોનો પ્રચાર કરતા આ 'રાસ્ત ગોફતાર'માં ગુજરાતી સમાજસુધારક કરસનદાસ મૂળજી મોટો સાથ આપતા હતા. ખુરશેદજી નસરવાનજી કામા જેવાની પણ એમાં સહાય હતી.

દાદાભાઇએ હવે રાજકારણમાં પણ રસ લેવા માંડયો. ૧૮૫૩માં ઈસ્ટ ઇંડિયા કંપનીનો પટ્ટો પૂરો થતો હતો. ઈ. ૧૮૩૩માં કંપનીને જ્યારે એ પટ્ટો અપાયો ત્યારે તેમાં એક એવી કલમ હતી કે કોઈ પણ હિંદીને એના રંગ, ધર્મ કે એવાં બીજાં કોઈ કારણે સરકારી અધિકારીના કોઈ સ્થાનથી વંચિત રખાશે નહિ.' આ કલમનો કોઈ અમલ થતો જ નહોતો. આ પરિસ્થિતિમાં લોકોની માગણી રજૂ કરવાના હેતુથી ઇ. ૧૮૫૨ની ૧૬મી ઑગસ્ટે મુંબાઇમાં એક સભા થઈ અને 'મુંબાઇ એસોસીએશન સ્થપાયું. દાદાભાઇએ રાજકીય પ્રશ્નો પર ત્યારે પહેલું ભાષણ આપ્યું. દેશની એ પ્રથમ રાજકીય જાહેર સભા હતી. બ્રિટિશ પાર્લમેન્ટ સમક્ષ રજૂ કરવાનું આવેદનપત્ર પણ ત્યારે તૈયાર થયું હતું.

આ જ વખતમાં કામા ઍન્ડ કંપનીએ લંડનમાં પોતાની શાખા સ્થાપી. લંડનમાં શાખા ખોલનાર એ પહેલી હિંદી પેઢી હતી. એની વ્યવસ્થા ને સંચાલન માટે દાદાભાઇને લંડન મોકલવાનું નક્કી થયું. સુએઝની નહેર તો પછી આવી. ત્યારે તો સુએઝ સુધી જહાજમાં, ત્યાંથી ઍલેક્ઝાંડ્રિયા સુધી જમીનમાર્ગે અને ત્યાંથી ફરી સ્ટીમરમાં બેસી ઇંગ્લંડ જવાતું. એમને અતિશય પ્રિય એવું પ્રાધ્યાપકપદ છોડી વેપારના ક્ષેત્રે વિલાયત જવાની એમની તૈયારીથી ઘણા મિત્રોને રંજ થયો હતો; અને કંઇક અંશે એ રંજ ખરો પણ પડયો. દાદાભાઈને પેઢીની વેપારી નીતિરીતિ ફાવી નહિ. વળી પેઢીનો વિલાયતી દારૂનો વેપાર દાદાભાઈ જેવા નિર્વ્યસનીને કેમ ફાવે? કૂડકપટ પણ એમને રુચે નહિ જ. એટલે આખરે ૧૮૬૨માં એમાંથી છૂટા થઇ દાદાભાઇએ પોતાની અલગ પેઢી સ્થાપી. આ દરમિયાન સૅમ્યુઅલ સ્મિથ નામે પાર્લમૅન્ટના એક અનુભવી અંગ્રેજ સાથે એમને મૈત્રી થઇ. રાજકીય બાબતો ને દારૂનિષેધ-પ્રવૃત્તિમાં એ દાદાભાઇને ઘણો સાથ આપતા. હિન્દી દારૂનિષેધ પરિષદમાં પણ એ સજ્જન આવ્યા હતા.

હિંદુસ્તાનનું હિત દાદાભાઇને હૈયે સદા અંકિત રહેતું. એમણે જોયું કે વિલાયતમાં લોકો હિંદ વિષે તદ્દન અજ્ઞાત છે. એમને અહીંની સાચી પરિસ્થિતિનો ખયાલ આપવા તથા ત્યાં વસેલા હિંદીઓમાં દેશહિતની ભાવના પ્રકટાવવા એમણે વ્યોમેશચંદ્ર બૅનરજીના સાથમાં 'લંડન ઇંડિયન સોસાયટી' સ્થાપી. વળી અંગ્રેજો પણ ભાગ લઈ શકે તે માટે 'ઈસ્ટ ઇન્ડિયા એસોસીએશન' નામે વિશાળ સંસ્થા ઊભી કરી. હિન્દી રજવાડાંઓ પાસેથી એ માટે એમણે ભંડોળ પણ એકઠું કર્યું અને હિંદની આર્થિક ને રાજકીય પરિસ્થિતિની સાચી સમજ ફેલાવવા માંડી. હિંદ પ્રત્યે સહાનુભૂતિ ધરાવનારા ઘણા માજી ગવર્નરો ને અમલદારો એમાં વિવિધ વિષય પર વ્યાખ્યાનો આપતા. દાદાભાઈ પોતે પણ ત્યાંનાં જુદાંજુદાં શહેરોમાં ફરી ભાષણો દ્વારા તથા છાપાંઓમાં લેખો લખીને અંગ્રેજ પ્રજાની હિંદ પ્રત્યેની સહાનુભૂતિ કેળવતા.

હિંદથી ઇંગ્લંડ આવતા પ્રત્યેક ભારતવાસીને તો તેઓ પૂરતી મદદ કરતા. ગાંધીજી પણ ઈ. સ. ૧૮૮૮માં ઇંગ્લંડ ભણવા ગયા ત્યારે એમના પર એક ભલામણપત્ર લઈ ગએલા. ગાંધીજીએ નોંધ્યું છે કે ત્યાં તેઓ ભારતીય વિદ્યાર્થીઓના પિતાને સ્થાને હતા. લંડનમાં એમણે સ્થાપેલી સંસ્થામાં ધાર્મિક પ્રશ્નો નહિ ચર્ચવાની ને બ્રિટનના કોઇ રાજકીય પક્ષ સાથે નહિ જોડાવાની પ્રારંભથી જ મર્યાદા મૂકી હતી એથી ઘણી નિખાલસતા જળવાતી. આ ઇસ્ટ ઇંડિયા એસોસીએશને દેશની ઘણી મહત્ત્વની સેવા કરી છે. છેક ઈ. ૧૯૦૭ સુધી દાદાભાઈ એના પ્રમુખ રહેલા. દેશની પ્રજાને પોતાના અધિકારનું ભાન થાય એ માટે મુંબાઈમાં પણ તેની શાખા સ્થાપી. ઇંગ્લંડના અનુભવે એમની બુદ્ધિને ઘણી કુશાગ્રતા આપી. હિંદના શાસકોની જવાબદારી સંબંધી જ્ઞાનનો ફેલાવો કરવો એ જાણે એમની મુખ્ય પ્રવૃત્તિ બની ગઈ.

ઈ. ૧૮૬૩માં કૌટુંબિક ગેરસમજને કારણે તેઓ ઓચિંતા મુંબાઇ આવ્યા. ૧૮૬૫માં ફરી ઇંગ્લંડ ગયા ત્યારે માતા, પત્ની, પુત્ર અરદેશર અને પુત્રી શીરીનને પણ સાથે લેતા ગએલા. સંતાનો પ્રત્યે એમને ઉત્કટ પ્રેમ હતો. જતાં પહેલાં મુંબાઈ યુનિવર્સિટીને એમણે પોણા બે લાખ રૂપિયાનું ભંડોળ એકઠું કરી આપેલું, જેમાં ૫૦,૦૦૦ રૂપિયા તો એમણે પોતે જ આપ્યા હતા.

એ પછી અમેરિકન આંતરવિગ્રહ ફાટી નીકળ્યો ત્યારે એમની પેઢી અઢળક ધન કમાઈ. એમાં એક અન્ય પારસી વેપારીને સહાય કરવા જતાં પોતે મોટી નાણાંભીડમાં આવી ગયા. પણ એમણે તો પોતાના બધા ચોપડા લેણદારો આગળ ખુલ્લા મૂકી દીધા; અને એમની શાખ એટલી ઉમદા કે ખુદ એ લેણદારો તથા મિત્રોએ એમને ઉગારી લીધા.

વિલાયતની એમની રાજકીય પ્રવૃત્તિમાં પ્રથમ તેમણે સિવિલ સર્વિસની વાત હાથ ધરી. ઈ. ૧૮૫૫ સુધી તો એમાં સીધી નિમણૂંક થતી, પણ હિંદીઓને એમાં સ્થાન નહોતું. એ પ્રશ્ન ઉપાડી લઇ દસ વર્ષ સુધી મહેનત કરીને આખરે દાદાભાઈએ હિંદીઓને પણ એ સર્વિસમાં સ્થાન અપાવ્યું, એટલું જ નહિ ૧૮૯૩થી સિવિલ સર્વિસની પરીક્ષા હિંદમાં લેવાનું મંજૂર કરાવવામાં પણ એમનો હિસ્સો હતો.

એ પછી ઈ. ૧૮૬૩માં તેઓ ફરી હિન્દ આવ્યા ત્યારે વિલાયતમાં એમણે કરેલી હિન્દની સેવાની કદર રૂપે મુંબાઇના દરેક વર્ગના પ્રતિનિધિઓએ એક જંગી સભા યોજી ૩૦૦૦૦ રૂપિયાની થેલી ભેટ કરીને એમનું બહુમાન કરેલું. એ નાણાં એમણે જાહેર કામોમાં વાપર્યાં. એમની તસવીર માટે પણ એક ફાળો થએલો. આ તસવીર તો પછી છેક ઇ. ૧૯૦૦માં ન્યાયમૂર્તિ રાનડેને હાથે ખુલ્લી મુકાએલી.

ઇ. ૧૮૭૩માં પાર્લમેન્ટે હિંદની આર્થિક સ્થિતિ તપાસવા મિ. ફૉસેટના અધ્યક્ષપદે એક સમિતિ રચી. એ ફૉસેટ કમિટી આગળની જુબાનીમાં એમણે હિંદની પારાવાર ગરીબીનો સાચો ખયાલ આપીને હિંદની ખૂબ ઓછી માથાદીઠ આવક તથા તેની સામે ભરવો પડતો આકરો કર અન્યાયી હોવાની જે સચોટ રજૂઆત કરી તેણે સૌને ચોંકાવી દીધા. અંગ્રેજ અમલદારોના મોટા પગારો, હિંદમાંથી અનેક માર્ગે વિલાયત ઘસડાઇ જતી જંગી રકમો અને દેશીઓને ઊંચા દરજ્જાની જગ્યાએથી વંચિત રાખવાની સરકારી નીતિની એમણે સણસણતી ટીકા કરી. બ્રિટિશ શાસન નીચે હિન્દી પ્રજા વધુ ને વધુ કંગાલ બની રહી હોવાનું અને હિન્દમાંનું બ્રિટિશ રાજ બ્રિટનને શોભારૂપ નહિ હોવાનું પ્રતિપાદિત કરવા સાથે બ્રિટનોથી હિંદને થએલા લાભોની નોંધ લેવાનું પણ તેઓ એમાં ચૂક્યા નહોતા. આ બધી હકીકતો તથા એમનાં વ્યાખ્યાનો ને લખાણોના સંપાદન રૂપે પ્રકટ થએલો એમનો ગ્રંથ 'પૉવર્ટી ઍન્ડ અનબ્રિટિશ રૂલ ઇન ઇન્ડિયા' તો ભારતીય સ્વાતંત્ર્યાભિમુખ રાજકારણના પાયારૂપ ગણાય છે.

આ દરમિયાન અહીં હિન્દમાં વડોદરાના ગાયકવાડ મલ્હારરાવ અમુક કફોડી પરિસ્થિતિમાં મુકાઇ ગએલા. દાદાભાઈ સિવાય એમને કોઇ ઉગારી શકે એમ ન હોઇ ઇ. ૧૮૭૪માં ગાયકવાડે એમને વડોદરાનું દીવાનપદ આપી હિન્દ બોલાવ્યા. એમણે એ સ્થાન સ્વીકાર્યું, પણ રાજ્યના કાવાદાવા, મલ્હારાવનું મનસ્વી વર્તન તથા ત્યાંના પોલિટિકલ એજન્ટ સાથેના અણબનાવથી અકળાઇ બીજે વર્ષે તેઓ રાજીનામું આપી છૂટા થઈ વલસાડ નજીક તીથલ ખાતે રહેવા ચાલ્યા ગયા. એમના ગયા પછી થોડા જ વખતમાં મલ્હારરાવને ગાદીત્યાગ કરવો પડ્યો હતો. એમની કારકિર્દીનાં એ બે વરસ દરમિયાન એમણે રાજ્યનો વહીવટ સુધારીને મહેસુલી તથા ફોજદારી ખાતાનો સડો દૂર કરેલો.

તીથલના ચારેક મહિનાના આરામ પછી દાદાભાઈ મુંબાઈ આવ્યા ને ત્યાંની મ્યુનિસિપાલિટીના સભ્ય બની બે વર્ષ સુધી સેવા કરી. તે પછી હિંદુસ્તાન પર લૉર્ડ લિટનનો અમલ શરૂ થયો. એ અમલના અંધેર અને જુલમોથી ખિન્ન થઈ દાદાભાઈ જાહેરજીવનમાંથી ખસી ગયા. પણ એ પછી લૉર્ડ રીપન વાઇસરોય તરીકે આવ્યા બાદ ઈ. ૧૮૮૧માં એમણે ફરી નગરપાલિકામાં પ્રવેશ કર્યો. આ જ વર્ષમા એમની લંડનની પેઢી બંધ થઇ.

ઇંગ્લંડ હતા ત્યારે એમના શિષ્ય અને મિત્ર મંચેરજી દાદી એમના કુટુંબની સંભાળ રાખતા. દાદાભાઈના પુત્ર અરદેશરનો વિવાહ આ મંચેરજીની પુત્રી સાથે કર્યો. અરદેશર પાંચ વર્ષનો હતો ત્યારે દાદાભાઈ એને ઇંગ્લંડ લઇ ગએલા. એ ત્યાં તબીબ બન્યો. હિંદુસ્તાનમાં ઉચ્ચ તબીબી નોકરી માટે એ તૈયારી કરતો હતો પણ એક અકસ્માતમાં એને એક હાથેપગે કાયમી ખોડ આવી જતાં સરકારી નોકરી લઇ શક્યો નહિ. ઇંગ્લંડના ઉછેરથી એ પારસી રૂઢિરિવાજોને ગણકારતો નહિ. કુટુંબમા એથી અશાંતિ પણ રહેતી. લગ્ન પછી એનામાં કંઇક સ્થિરતા આવી હતી. એને એક પુત્રી પણ હતી. પાછળથી કચ્છમાંડવીમાં તબીબ તરીકે એની નિમણૂક થયા પછી એનો સંસાર ઠીક થયો હતો. ઇ.સ. ૧૮૯૩માં અરદેશરનું અવસાન થયું. દાદાભાઈનાં વૃદ્ધ માતા માણેકબાઈ તો ઇ. ૧૮૭૫માં બેહિસ્તનશીન થયાં હતાં. એ માતાના ગુણ ને એનું ઋણ દાદાભાઈ કદી વિસર્યા નહોતા. પોતે જે કંઇ સિદ્ધિ મેળવી હતી તે એ માતાને જ આભારી હોવાનું તેઓ કબૂલતા.

જાહેર સેવાના ક્ષેત્રમાં ફરી પ્રવેશ કર્યા પછી એ જ વર્ષ મુંબાઈના ગવર્નર લૉર્ડ રેએ દાદાભાઇને ધારાસભામાં પણ સભ્ય તરીકે લીધા. ૧૮૮૨માં એમણે 'વૉઇસ ઑવ ઇંડિયા' નામે એક માસિક શરૂ કર્યું. ઈ ૧૮૮૫ની ૨૭મી ડિસેમ્બરે રાષ્ટ્રીય મહાસભા (કૉંગ્રેસ)નું પહેલું અધિવેશન મુંબાઇમાં મળ્યું ત્યારે એમાં એમણે ઉત્સાહભેર ભાગ લીધો.

પણ પછી એમને લાગ્યું કે હિંદનાં દુઃખ દૂર કરવા માટે તેનો અવાજ ઇંગ્લંડની પાર્લમેન્ટમા સીધો રજૂ કરવાથી વધુ સારું પરિણામ લાવી શકાશે. એટલે તેઓ તરત ઇંગ્લંડ ગયા; કેમકે એ વખતે ત્યાં પાર્લમેન્ટની ચૂંટણીની ધમાલ જ ચાલતી હતી. ત્યાંના લિબરલ પક્ષે દાદાભાઇને પોતાના એક ઉમેદવાર તરીકે ચૂંટણીમાં ઊભા રાખ્યા. જોકે એ ચૂંટણીમાં લિબરલ પક્ષ ફાવ્યો નહિ, પણ ૧૯૫૦ જેટલા મત મેળવી દાદાભાઈએ સૌનું ધ્યાન ખેંચ્યું હતું

બ્રિટિશ પાર્લમેન્ટની ચૂંટણીમાં ભાગ લેવાના એમના ખયાલની સૌ પ્રથમ જાહેરાત મદ્રાસના 'હિન્દુ' પત્રે કરેલી. ઈ. ૧૮૮૬ની ૧૩મી માર્ચે એણે જાહેર કરેલું કે દાદાભાઈ ઇંગ્લંડની પાર્લમેન્ટમાં જવા વિચારી રહ્યા છે.

તે પછી ૧૮૮૬માં રાષ્ટ્રીય કૉંગ્રેસના બીજા અધિવેશનના પ્રમુખ તરીકે દાદાભાઈ પર જ પસંદગી ઊતરી. એનું કામ પતાવી, પબ્લિક સર્વિસ કમિશન આગળ જુબાની આપીને ફરી તેઓ ઇંગ્લંડ ગયા અને ત્યાં ૧૮૯૨માં સેન્ટ્રલ ફિન્સબરી પરગણાના પ્રતિનિધિ તરીકે પાર્લમેન્ટમાં ચૂંટાઇ આવ્યા. પાર્લમેન્ટમાં ચૂંટાઇ આવનાર પ્રથમ હિંદી તે હતા. ૧૮૯૨ની ૯મી ઑગસ્ટે એમણે પાર્લમેન્ટમાં પહેલું ભાષણ કર્યું ત્યાર પછી બરાબર પચાસ વર્ષે ૧૯૪૨ની ૯મી ઑગસ્ટે ભારતે 'હિંદ છોડો'નો ઠરાવ અંગ્રેજો સામે કર્યો, એ કાળનો અજબ યોગ છે.


પાર્લમેન્ટમા રહીને દાદાભાઈએ હિંદના હિતમાં અથાક પ્રયત્નો કરવા માંડયા. ઇંડિયન પાર્લમેન્ટરી કમિટીની એમણે સ્થાપના કરાવી. સિવિલ સર્વિસની પરીક્ષાઓ હિંદમાં લેવાય એવો ઠરાવ પણ એમણે જ આમસભામાં પસાર કરાવ્યો. એ પછી ૧૮૯૩ના ડિસેમ્બરમાં જ્યારે તેઓ મુંબાઇ આવ્યા ત્યારે મુંબાઇના ગવર્નર અને કાઉન્સિલના બે સભ્યો તથા વડા ન્યાયમૂર્તિએ બંદર પર એમનું સ્વાગત કર્યું આ વખતે તેઓ રાષ્ટ્રીય મહાસભા (કૉંગ્રેસ)ના ૯મા અધિવેશનના પ્રમુખ તરીકે અને પાર્લમેન્ટના સભ્ય થયા પછી પહેલીવાર હિન્દ આવતા હતા એટલે બ્રિટનમાં હિન્દનું ગૌરવ વધારનારા પોતાના આ નેતાને દેશે, મુંબઇથી તે લાહોર અધિવેશનમાં પહોંચ્યા ત્યાં સુધી આખે માર્ગે ભવ્ય માન આપ્યા કર્યું.

પાર્લમેન્ટનાં અન્ય કાર્યોમાં, હિંદના ખર્ચની તપાસ કરવા માટે મિ. વેલ્બીના અધ્યક્ષપદે શાહી કમિશનની નિમણૂક કરાવવાનું કાર્ય પણ એમણે કરેલું. તેઓ પોતે પણ એમાં સભ્ય હતા. છતાં એમણે પોતે પણ ૧૮૯૬માં એ વેલ્બી કમિશન સમક્ષ જુબાની આપી. હિંદના ગૂંચવાડા ભરેલા આર્થિક તથા રાજદ્વારી પ્રશ્નોનું એમનું જ્ઞાન કેટલું વિશાળ અને તલસ્પર્શી હતું તે એ જુબાની ઉપરથી પ્રતીત થાય છે. એ જુબાની અને નિવેદનોનો સાર એ હતો કે, 'ઇ. ૧૮૩૩ના કાયદા દ્વારા હિંદુસ્તાન સુખી અને સમૃદ્ધ થાય એ માટે સરકારી નોકરીઓમાં પૂરો ભાગ માગવાનો અને દેશનાં નાણાં શી રીતે ખર્ચવાં એ બાબતનો પોતાનો અભિપ્રાય આપવાનો હિંદીઓનો જે અધિકાર સ્વીકારવામાં આવ્યો હતો, તેનો મુદ્દલ અમલ થતો નથી. પરિણામે દેશમાં ગરીબી ને દુર્દશા પ્રવર્તે છે. પરદેશી માણસોને મોટે પગારે રોકવાની અને રાજકાજ તથા વેપાર માટે પરદેશી મૂડી લેવાની નીતિને લીધે તથા હિંદ બહાર લડાતી સામ્રાજ્યની લડાઈનાં ખર્ચા પણ હિંદને માથે નાખવાને કારણે અને પરદેશી વેપારીઓને સગવડો અપાવાને લીધે દેશ છેક પાયમાલ થઇ ગયો છે.' વધુમાં હિંદ અને બ્રિટનનો સંબંધ મીઠો રાખવા, જે કામથી બંનેને લાભ થાય એમ હોય એવાં કામનો ખર્ચ બંનેને માથે નાખવાની, અને જે લડાઈઓ આખા સામ્રાજ્યના હિત ખાતર લડાતી હોય તેનો મોટાભાગનો ખર્ચ બ્રિટને પોતે ઉપાડવાની સૂચના પણ એમણે એમાં આપી. હિન્દીઓને રાજ્યની મોટી નોકરીઓ આપવાની ભલામણો પણ એમણે જ કરી હતી.

ઈ. ૧૮૯૫માં ઈંગ્લંડમાં લિબરલ પક્ષને રાજીનામું આપવું પડતાં તેઓ પણ પાર્લમેન્ટમાંથી છૂટા થયા. તે પછી હિંદીઓને લશ્કરમાં અને નૌકાદળમાં દાખલ કરવા સામેના પ્રતિબંધો વિરુદ્ધ એમણે વૉર ઑફિસ અને નૌકાખાતા જોડે લાંબો પત્રવહેવાર ચલાવેલો. ૧૮૯૮માં હિન્દમાં સોનાનું ચલણ દાખલ કરવું હાનિકર હોવાની રજૂઆત પણ એમણે ઇન્ડિયન કરન્સી કમિટી સમક્ષ કરી હતી. એમનાં આ બધાં નિવેદનો, નિબંધો ને મહત્ત્વનાં લખાણોના સંગ્રહ રૂપે 'પૉવર્ટી ઍન્ડ અનબ્રિટિશ રૂલ ઈન ઇંડિયા'માં પ્રસિદ્ધ થયાં છે. હિંદની દિનબદિન વધતી જતી ગરીબાઈનું એમાં સચોટ દર્શન કરાવેલું છે.

તે પછી ઈ. ૧૯૦૪માં આમ્સ્ટરડામમાં 'ઈન્ટરનૅશનલ કૉંગ્રેસ ઑવ સોશિયલ ડેમૉક્રેટ્સ'ના અધિવેશનમાં હિંદના પ્રતિનિધિ તરીકે જ્યારે ભાગ લીધો ત્યારે હિન્દ પરના અંગ્રેજી અમલને એમણે ભારપૂર્વક વખોડી કાઢતા ઠરાવ પર અસરકારક ભાષણ કરેલું. એ કૉંગ્રેસમાં ભાગ લેનાર એક જણે એનું વર્ણન આપતાં જણાવ્યું હતું કે 'મિ. દાદાભાઈ નવરોજી, એમની ૮૦ વર્ષની ઉમર છતાં કૉંગ્રેસની આખી બેઠક દરમિયાન જે મન અને શરીરનો જુસ્સો દાખવી રહ્યા હતા તે જોઈ એમનાથી ૩૦ વર્ષ નાની ઉમરનાને પણ એમની અદેખાઈ આવે. એમનો અવાજ હૉલના એક છેડાથી બીજા છેડા સુધી ખુલ્લો સંભળાતો હતો અને મધુર રણકાર કરી રહ્યો હતો. પહેલેથી ઠેઠ અંત સુધી એ બિલકુલ લથડયા નથી કે નરમ પડયા નથી. હિંદનો મુકદ્દમો એમણે શાંતપણે, વિનયથી, પણ તોડી ન શકાય એવી મજબૂત દલીલોથી કૉંગ્રેસ આગળ રજૂ કર્યો હતો.' માદામ કામાએ આ જ પરિષદમાં હિન્દનો પ્રથમ રાષ્ટ્રધ્વજ ફરકાવેલો. સામાજિક ન્યાયની સ્થાપના માટેનાં બધાં જ આંદોલનો પ્રત્યે દાદાભાઈને હમદર્દી હતી. આયર્લૅન્ડની સ્વતંત્રતાની લડતના તેઓ પક્ષકાર હતા. સામાજિક સુધારાના ઉદ્દામ પક્ષના કાર્યક્રમોને પણ તેઓ અનુમોદન આપતા.

એ જ અરસામાં લૉર્ડ કર્ઝને બંગાળના ભાગલા પાડ્યા અને દેશમાં તીવ્ર રોષની લાગણી ફેલાઈ ગઈ. તે વખતે દેશનું સુકાન સંભાળી શકે



ઈ. ૧૯૦૬માં

એવા પુરુષ તરીકે સૌએ એમને સ્વીકારી લીધા અને મહાસભાના ૧૯૦૬ના કલકત્તા અધિવેશનના પ્રમુખપદે સ્થાપ્યા. એ વખતનું પ્રમુખ તરીકેનું એમનું ભાષણ એમના જીવનભરના અનુભવના અર્ક સમાન હતું. પોતાના દેશબંધુઓને બધા ભેદભાવ ભૂલી જઈ એકતા સાધી દેશકાર્યમાં મચી પડવાની એમણે હાકલ કરી. ત્યારે હિંદની લડતનું અંતિમ ધ્યેય 'સ્વરાજ્ય' જ હોવાની ઘોષણા કરીને એમણે લોકોમાં એક નવો જ પ્રાણ રેડ્યો અને દેશની રાજકીય લડતોને એક ચોક્કસ લક્ષ્ય ચીંધી દીધું.

પણ હવે શ્રમ વેઠાતો ન હતો. મહાસભા પછી તેઓ ફરી વિલાયત ગયા હતા; પણ ત્યાં તબિયત બગડતાં ડૉક્ટરોએ સ્વદેશ જવાની સલાહ આપી, એટલે તેઓ હિંદ આવતા રહ્યા અને મુંબાઈ પાસે વરસોવામાં નિવૃત્ત જીવન ગાળવા લાગ્યા. હવે તેઓ રાજકારણમાં સક્રિય હિસ્સો લેતા ન હતા, છતાં દર વર્ષે મહાસભાને પોતાનો સંદેશો મોકલતા. દેશ અને દુનિયાની હીલચાલ પર એમની સતત નજર તો રહેતી જ. શ્રીમતી બિસન્ટની હોમરૂલ લીગના તેઓ પ્રથમ પ્રમુખ બનેલા.

૧૯૧૬માં એમની ૯૧મી વર્ષગાંઠ દેશે શાનથી ઊજવી. ને મુંબાઈ યુનિવર્સિટીએ એમને 'ડૉક્ટર ઑવ લૉઝ'ની માનાર્હ પદવી આપી. પોતાનો સઘળો કિંમતી ગ્રંથ-સંગ્રહ એમણે બૉમ્બે પ્રેસિડન્સી એસોસીએશનને ભેટ આપી દીધો. ઈ. ૧૯૧૭ની જૂનની ૧લી તારીખે એમને ગંભીર માંદગી આવી અને મુંબાઈના ઉત્તમોત્તમ દાક્તરોના ઉપચારો છતાં આખરે ૩૦મી જૂને સાંજે એમનું અવસાન થયું.

જીવનનું માધુર્ય, પવિત્રતા, સચ્ચાઈ, ઊભરાઈ જતું વાત્સલ્ય નિશ્ચલ દેશાભિમાન, અને ઉચ્ચ આદર્શોનું અનુષ્ઠાન એમના જીવનના મોઘા પદાર્થપાઠ છે, ને ભારતવાસીઓના મૂળભૂત હક્કો પ્રત્યે આચરાતા અન્યાય સામે સૌ પ્રથમ માથું ઊંચકી તે માટે અવિશ્રાંત ઝુંબેશ ઉઠાવનાર, ભારતની જનતાની કપરી ગરીબી પ્રત્યે જગતની આંખો ઉઘાડી નાખનાર, ને દેશવાસીઓને સજાગ કરી એમને સ્વરાજને માર્ગે દોરી જનાર, સુશિક્ષિત ભારતના પરિપૂર્ણ પ્રતિનિધિ રૂપ, ભારતીય રાજકારણના એ ભવ્ય પિતામહનું ઋણ તો ભારત કદિ ભૂલી શકે નહિ.

કનુ અડાસી

તમે ગમગીન છો

બીજા પુરુષ બહુવચનમાં કહેલી સર્વપુરુષ સર્વવચનની વાર્તા

તમે ગમગીન છો.

ત્રણ દિવસથી વાદળાં ઘેરાયાં છે. અસહ્ય ઊકળાટ થાય છે છતાં ટીપું ય વરસાદ વરસતો નથી. તમે ચાતક કરતાં યે વધુ ઉદ્વેગથી વરસાદની રાહ જોઇ રહ્યા છો.

તમને જીવનમાં નિરાશા જ સાંપડી છે. ફૂલ ચૂંટતાં કાંટા વાગ્યા છે. ને તમારું મન હવે એવું થઇ ગયું છે કે અત્તર સૂંઘતાં ય તમને બદબૂનો ડર લાગ્યા કરે છે.

સાહિત્યનો તમને શૉખ છે. સાહિત્યમાં વર્ણવેલા પેલા નવ રસોની વાત જવા દઉં છું; કારણ કે હું જાણું છું કે ફુરસદની પળોએ કેળવેલા શૉખથી નહિ પણ જિંદગીની કારમી ગમગીનીનો ગમ ભૂલવા તમે પુસ્તકો વાંચો છો.

તમે આમ તો સાવ સામાન્ય માણસ છો. લોકોમાં હળોમળો છો, વ્યવહાર કરવા બેસો ત્યારે ખુદના બજેટને બે થીગડાં મારી તમે પડોશીની પુત્રીના લગ્નમાં પાંચ રૂપિયા ચાંલ્લો કરી જાણો છો.

તમે હસો છો—બોલો છો, ચર્ચા કરો છો. બુઢ્ઢાઓ સાથે બેસીને ધર્મની વાત કરો છો; જુવાનો સાથેની મેહફિલમાં ધર્મમાં ચાલતાં ધતિંગ વિષે વાત કરો છો; ને બાળકોને અલાઉદ્દીનના જાદુઈ ચિરાગની વાત કરો છો. તમારી જબાન અને દિલ બંને મીઠાં છે, એટલે તમે સૌકોઇને પ્રિય છો. માત્ર તમને જ તમારો સ્વભાવ ગમતો નથી.

કારણ તમે તમારા રમૂજી સ્વભાવનું રહસ્ય સમજો છો. જિંદગીની નાનીમોટી બાબતો જ નહિ, સમસ્ત જિંદગીને તમે હસી કાઢીને તમારા જીવનમાં થોડી રાહત મેળવો છો.

તમારું નામ ગમે તે હોય. તમે મિલમાં મજૂરી કરતા હો, બૅંકના કલાર્ક હો, નિશાળમાં માસ્તર હો, મ્યુનિસિપાલિટીના જકાત ઉઘરાવનાર ઑક્ટ્રૉય-કલાર્ક હો કે ઑફિસર હો,—તમને રોજી-રોટી આપતી સંસ્થાના પગાર-પત્રકમાં તમારું નામ ગમે તે હોય. તમે મારી વાર્તાનું એક પાત્ર છો ત્યાં સુધી તમારું નામ નિરાકાર છે. પરમેશ્વરની કલ્પના નિરંજન નિરાકાર. એનાં બે વિશેષણોમાંનું એક તમારું નામ.

પાંચ ફૂટ સાડા ત્રણ ઈંચની ઉંચાઈ ધરાવતી તમારી કાયામાં ત્રીસ ઇંચની તમારી છાતી ને સત્તાવીસ ઈંચની તમારી કમર જેટલો તમારો આકાર છે. સત્તાવીસ વર્ષની ઊગતી યુવાનીમાં, ધોળાને બદલે કાળા વાળ ગણી આપવા સુગમ પડે એવું તમારું માથું, વાળને કાળા રાખનાર વિટામિન 'સી'નો તમારામાં અભાવ સૂચવે છે.

તમારું નામ નિરાકાર છે, પણ તમારા ચહેરા પર તમારી ચિંતાના આકાર ચીતરાએલા છે. ચોકડીમાં વહેતા ગંદા પાણીની છાલકો વાગવાથી ઊંધો પડી ગએલો વંદો જેવી જિજીવિષાથી પગ હલાવીને સીધો થવા જાય એવા તમારા પ્રયત્નો છે, પરિસ્થિતિ સામેના.

તમને સ્વપ્નાં મોટરનાં આવે છે, પણ અધૂરે શમણે જ્યારે તમે ઝબકીને જાગી જાઓ છો ત્યારે તમારા અંગેઅંગે કળતર થતું હોય છે.

તમે ભણવામાં હોશિયાર હતા. બાવીસમે વર્ષે તમે બી. એ. થયા. આગળ ભણવાના મનસૂબા તમે અમલમાં ન મૂકી શકયા. કારણ: પૈસેટકે ઘસાઈ ગએલું તમારું ખાનદાન ખોરડું. બાપદાદાની સમૃદ્ધિની વાયકાના બોદા મોભ પર ટકી રહેલી આબરૂનું છત્ર, તમે તમારી કમાણીનો ટેકો ન કરો તો, ગમે ત્યારે તૂટી પડવાની સંભાવના હતી.

એમ્પ્લૉયમેન્ટ એક્સ્ચેન્જની ઑફિસમાં દર ત્રણ માસે રિન્યૂ કરાવવાં પડતાં કાર્ડ તમે પાંચ વાર રિન્યૂ કરાવ્યાં ત્યારે તમને એક જગાએ ઇન્ટરવ્યૂ માટે બોલાવવામાં આવ્યા. સાડા ત્રણ જગા માટે અઢારસો ઉમેદવારો હતા. તમને દિલાસો મળ્યો; તમે એકલા જ બેકાર ન હતા.

પણ ચાલો; તમે નસીબદાર છો. તમને નોકરી મળી ગઈ છે.

જોકે પગાર ખૂબ ઓછો છે. તમે નિસાસો નાખો છો. તમારા એક મિત્રના બાપાની મિલ ચાલે છે. તમારો મિત્ર નાપાસ થઈને ત્યાં જ ગોઠવાઈ ગયો છે. એના વેતન પેટે મિલને ચોપડે દર માસે બારસોની રકમ ઊધરે છે અને અઢીસો રૂપિયા કાર-ઍલાવન્સ મળે છે. એ બધું વિચારી તમારા વેતનના આંકડા પર તમે નિસાસો નાખો છો.

તમને જ્યોતિષમાં શ્રદ્ધા છે, કારણ કે જ્યોતિષ આવતી કાલની ઉજ્જવળ આશાનો સંદેશો આપી તમારાં આજનાં દુ:ખ હળવાં કરે છે. તમને કહેવામાં આવ્યું છે કે તમારા સાડી-સત્તાવીસમે વર્ષે તમારા જીવનમાં મહત્ત્વના ફેરફારો થવાના છો. તમારી મની-લાઇનના દરવાજા ત્યારે જ ખૂલે છે. અત્યારના તમારા સંજોગો જોતાં તમને જ્યોતિષીનું એ કથન જૂઠું લાગે છે. પણ તમારી આશાને તમે વાગોળ્યા કરો છો.

બીજી ફેબ્રુઆરી ૧૯૬૪માં તમારું સાડી-સત્તાવીસમું વર્ષ પૂરું થાય છે. તમે એ દિવસોની રાહ જોતા આ દિવસો વીતાવો છો.

તમને જીવનમાં ક્યાં યે આનંદ લાગતો નથી. જિંદગી બોજા જેવી બની ગઈ છે. તમે વાર્તાઓ લખો છો, કાવ્યો લખો છો. પ્રેમના ચીલા ને પ્રણયત્રિકોણથી દૂર રહેવાનો તમારે પ્રયત્ન નથી કરવો પડતો, કારણ કે તમે પ્રેમને ધિક્કારો છો. તમારે યૌવનના ઉંમરમાં જ અફળ આરઝૂઓથી ફસડાઈ પડેલી જુવાની છે, ને તમારા ઉમંગોની કેડ ભાંગી નાખે તેવી જવાબદારી છે. દરિયાનું જોમ કાંઠામાં કેદ છે.

ત્રણ વર્ષ પહેલાં તમે પરણ્યા ત્યારે જિંદગીથી કંટાળીને જ પરણ્યા હતા. લગ્નજીવનની નવીનતા માંડ દસેક દિવસ ટકી. તમારી ગમગીની તમારી ગરદન પર સવાર થઈ બેઠી.

જિંદગીની કડવી વાસ્તવિકતામાં પ્રેમ ક્યાં ધોવાઈ જાય છે તેની ખબરે પડતી નથી. ને પછી તો ટેવ જ જીવે છે, ટેવ જ જીવાડે છે.

ત્રણ વર્ષના તમારા લગ્નજીવને બે સંતાનો નોતર્યાં છે. બાળકો પ્રભુના પયગંબરો છે એવું તમે સાહિત્યમાં વાંચેલું, ને તમારા મન પર એ સંસ્કારો પડેલા. હવે એમની વરાધની ડબ્બી, બાળોતિયાં, લાળિયાં ને લીલા ઝાડાએ તમારા વિચારો ફેરવી નાખ્યા છે.

બે સુવાવડોમાં તમારી પત્નીની જુવાની ભાંગી પડી છે. એને અંગેઅંગ કળતર ઊપડે છે, વારંવાર તાવ આવે છે.

તમે તમારી ઑફિસેથી છૂટીને સીધા ડૉક્તરને ત્યાં જ જાઓ છો ને ત્યાંથી રંગીન પાણી લઈને ઘર તરફ જવા નીકળો છો.

ક્યારેક તમે ડૉક્ટરને બિલના આંકડા વિષે પૂછો છો. એમનો મહેતાજી તમારી બાકી નીકળતી રકમનો આંકડો કહે છે. તમને એ સાંભળી તાવ ચડયા જેવું થઇ જાય છે, અને જતાંજતાં તમે ડૉકટરને આ પગાર પર બિલ ચૂકવી આપવાનું વચન આપતા જાઓ છો. પણ તમે જાણો છો કે એ વચન પાળી શકાશે નહિ.

તમારા પગ શાકમાર્કેટ તરફ વળે છે. દિવસભર પડી રહીને ચીમળાઇ ગએલી ભાજી જોવા તમે નીચા નમો છો. તમે ભાવ પૂછો છો.

કાછિયણ જે ભાવ કહે છે તે પણ તમને મોંઘો લાગે છે. તમે એને કહો છો: 'કેટલી બધી માટી છે ભાજીમાં!'

કાછિયણ મોંમાં નાખેલો પાનનો ડૂચો ચાવતાંચાવતાં તમને પરખાવે છે: 'માલ માટી ને પૈસા કલદાર. ગરજ હોય તો લો, નહિ તો ચાલતી પકડો.'

અપમાનિત થયા હોવા છતાં તમે એ જ કાછિયણ પાસે માટી-વાળી ભાજી જોખાવો છો. હવે એ હેલારો મારીને ભાજી જોખી આપે છે. તમે એને 'બરાબર જોખ' એમ પણ કહી શકતા નથી.

તમે યંત્રવત્ આગળ વધો છો. બાળકો માટે બે પૈસાનો ફુગ્ગો લો છો. તમારું મન બે પૈસાની પણ ગણતરી કરે છે. તમે બાળકો પ્રત્યે પ્યાર નહિ, દયા દાખવો છો. એમને માટે કૈં પણ ખરીદતી વેળા તમને એ જ વિચાર આવે છે: 'બિચારાં! જન્મ્યાં એમાં એમનો શો વાંક!'

આજે નવમી તારીખ છે ને મંગળવાર છે.

તમને નડતા મંગળના મિજાજને ઠંડો પાડવા તમને મંગળવાર કરવાનું સૂચવવામાં આવ્યું છે. તમે એક ટંક ખાઇને મંગળવાર કરો છો.

આ દોજખ જેવી જિંદગીની હાલત સુધારવા તમને મંગળવાર તો શું આપઘાત કરવાનું કહેવામાં આવે તો તે પણ કરવા તમે તૈયાર છો.

તમે કોઇ વારમાં માનતા નથી, પણ કાગનું બેસવું ને ડાળનું ભાંગવું એ બંને યોગાનુયોગ બની ગયા છે. તમારા સાહેબ તમારા પર નારાજ રહેતા હતા. નવી સ્ટેનોગ્રાફરના દેખતાં એ તમને તમારા કામમાં વારંવાર ભૂલો કાઢી ધમકાવતા હતા. એને બદલે, તમે પહેલો મંગળ-વાર કર્યો તે સાંજે જ એમણે તમારા કામની પ્રશંસા કરી. મિસ રીટા લોબો પણ તમારી સામે પ્રશંસાની નજરે જોઈ મીઠું મલકી. તમને મંગળવારનાં એકટાણાંની તપશ્ચર્યામાં શ્રદ્ધા બેસી ગઈ.

હવે તમે મિસ લોબોના મોહક સ્મિતભર્યા ભીના હોઠો સાથે તમારી પત્નીના હોઠોને સરખાવી જુઓ છો. તમારી પત્ની ક્યારે ય હસી હોય એવું તમને યાદ નથી આવતું. જ્યારે તમે એનો વિચાર કરો છો ત્યારે એ ગંદાંગોબરાં કપડાં પહેરેલી વાસણ માંજતી જ તમારી કલ્પનામાં આવે છે.

આજે તમે રોજ કરતાં વધુ ગમગીન છો. સવારે જ તમારી બેનનો પત્ર આવ્યો છે. તેણે પ્રેમલગ્ન કરેલાં. પણ લગ્ન પછી તમારા બનેવીનો પ્રેમ કરમાઇ ગયો. હવે એમની વચ્ચે ઝગડા ચાલે છે. તમારી બેને પત્રમાં એના સંસારનું કરુણ ચિત્ર દોર્યું છે. એક વખત જ્યારે તમે એના લગ્નનો વિરોધ કર્યો હતો ત્યારે એણે તમને કહેલું, 'મારો પ્રેમ મને તારશે.' અત્યારે એ જ બૂમો પાડે છે: 'પ્રેમ જ ડુબાડી રહ્યો છે.'

ત્યારે પણ તમે ખામોશ હતા; આજે પણ તમે ખામોશ છો. તમે કૈં જ નથી કરી શકતા—તમારું દિલ બાળવા સિવાય.

તમે જાણો છો, સંસારની આ બધી દારુણ ઘટનાનું મૂળ ગરીબી છે, દિલ અને દિમાગને પીડયા કરતી નાણાંભીડ છે. પણ ગરીબી અને નાણાંભીડ ટાળવાનો ઉપાય જ તમે જાણતા નથી.

મિસ લોબોની આકર્ષક તંદુરસ્તી તમને ય ગમે છે. પણ તમારા સંસારની યાતનાઓ અને તમારી ચિંતાની ભાગીદાર તમારી પત્નીને તમે એટલી તંદુરસ્ત રાખી શકતા નથી.

દવા ભરેલી બાટલીમાંની પ્રવાહી દવાના રંગ તરફ અછડતી નજર ફેરવી લઇ તમે આગળ ચાલો છો. તમને આવતી કાલે તૈયાર કરવાના કાગળોની ચિંતા છે. સાહેબ કાલે છના શોમાં સિનેમા જોવાની ઈચ્છા રાખી છે. ચાર વાગ્યે જ એ ઑફિસમાંથી ચાલ્યા જવાના છે.

તમે થાકેલા છો. તમારે કશું જ યાદ કરવું નથી. તમારે બધું જ ભૂલી જવું છે. વાદળો ઘેરાયાં છે, પવન પડી ગયો છે, ખૂબ ઊકળાટ થાય છે. તમારે ઘેર પહોંચીને હંસાના હાથની બનાવેલી એક પ્યાલો ચા પી નાખવી છે ને પછી વાર્તા લખવી છે.

તમે વિચારો છો: આ ધમપછાડા, આ ધાંધલ-ધમાલ, આ એષણાઓ—એ બધાંને અંતે આપણે ઇચ્છીએ છીએ શું? પોતાની ખાલી જિંદગીને ભરી દેવાનો પ્રયાસ માત્ર. ને જ્યારે ખબર પડે છે કે આ પરિસ્થિતિ સામે કશો જ ઉપાય નથી, જીવનને આ જ સ્વરૂપે સ્વીકારી લેવાનું છે, ત્યારે આપણે આપણા હૃદયને દિલાસો જ દેવાનો રહે છે કે જે જાગૃત જિજ્ઞાસાને જોરે આપણે જીવતા હોઇએ છીએ અને જીવનની ઘસડબોળાભરી લઢણ સામે જે દુઃખ અને વેદના અનુભવીએ છીએ એ ચેતના જ આપણી મૂડી છે. આટલું તો તમે વિચારી રાખ્યું છે. હવે તમારે ઘેર જવાનું જ બાકી છે.

ઘેરાએલાં વાદળો ત્રણ દિવસથી વરસ્યાં નથી. એથી વાતાવરણમાં ખૂબ ઊકળાટ છે, ગમગીની છે. આ વાતાવરણની અસરને કારણે જ તમારી જિંદગીનો બોજો બમણો બની ગયો છે.

તમારી ડાયરીના પહેલા પાના પર લખેલાં બે વાક્યો તમને યાદ આવે છે: 'ગરજવાનું, વરસવાનું, મન મૂકીને તૂટી પડવાનું બહુ જ ઓછાંના તકદીરમાં લખાએલું હોય છે. બાકી ઘણાંનાં મન તો ઘેરા-એલાં વાદળોની વ્યાકુળ વેદનાઓ જ અનુભવતાં હોય છે.'

તમે ફરી વાદળો સામે નજર કરો છો. ઘેરાએલાં વાદળોએ આ-કાશમાં છાઈ દીધેલી કાલિમા સિવાય બીજું કૈં જ નજરે પડતું નથી.

એક રિક્ષાવાળો તમારું ધ્યાન ખેંચે છે: 'એઈ! મરવું છે? રસ્તામાં તો સીધો ચાલ!'

તમારે ગુસ્સે થવું છે; પણ તમે ગુસ્સે થઈ શકતા નથી. દોડીને તમારે એ બદતમીઝ રિક્ષાવાળાને પછાડીને પટકીપટકીને મારવો છે, પણ તમારા પગ ઊપડતા નથી. એવો વિચાર પણ પૂરતા જોશથી તમે કરી શકતા નથી. જરાક ગુસ્સો આવવાને કારણે તમારું મન થાકી ગયું છે. તમે નીચું માથું ઘાલીને હવે ફૂટપાથ પર ચાલો છો.

રસ્તે ચાલતાં તમે દુકાનોનાં પાટિયાં વાંચો છો. બાટાની દુકાનમાં મૂકેલી વરસાદી જોડાની આકર્ષક જાહેરાત વાંચી તમે તમારા જૂતામાં પડેલાં કાણાં તરફ નજર કરો છો.

તમને મિસ રીટા લોબોનાં ચમકદાર ચંપલ યાદ આવે છે. જુદી જુદી ડિઝાઇન અને રંગોનાં ફ્રૉક તેમજ પેટીકોટ સાથે 'મૅચ' કરવા વપરાતાં એના પાંચસાત જાતનાં બૂટ-ચંપલ તમે યાદ કરો છો.

હવે તમે ચોકસીની દુકાન પાસેથી પસાર થાઓ છો ત્યારે શો-કેસમાં રીટાનાં એરિંગની ડિઝાઈનની જોડ તરત જ તમારી આંખે ચડે છે. શો-કેસમાં પડેલો મોતીનો હાર તમને ગમે છે. તમારી પત્નીના ગળામાં એ કેવો શોભી રહે એની તમે કલ્પના કરો છો. મોતીનો રંગ બાટલીમાંના દવાના પાણીના રંગ જેવો છે.

તમે નીચા નમીને બૂટમાં ભરાઈ ગએલો કાંકરો બહાર કાઢવા મથો છો. તે વખતે લોકો તમને અથડાઇને પસાર થાય છે.

મેઇન રોડ પરથી પસાર થતી બસોમાં બારી પાસે બેઠેલી સિંધી છોકરીઓના ચહેરા પરની લાલી અને ખુમારી તમે જોયા કરો છો. એમના ભીના હોઠ પર જાણે મધ લગાડેલું હોય એમ તમને લાગે છે. પણ તમને કશામાં રસ નથી.

તમે રસ્તાની ગિર્દીથી કંટાળી ગયા છો. ઝડપથી વધતી જતી વસતિ-ને કારણે શહેર સાંકડું પડે છે ને હવા લેતાં ય તકલીફ થાય છે. ગલીને નાકેથી દાતણ લઇને તમારે ઘર તરફ વળી જવું છે. દાતણવાળી વાઘ-રણ પણ ઈલમી બની ગઈ છે. બાવળનાં દાતણ ભેગાં આવળનાં દાતણ એવી સિફતથી ભેળવી દીધાં છે કે તમે એમાં પણ છેતરાઓ છો.

ધીમે ધીમે તમે આગળ વધો છો. ગંધાતી ગલીમાંથી પસાર થઇને તમે તમારી ખડકી પાસે આવો છો. ત્યાં પડોશીનું છોકરું ખડકીના ઉંબર પર જ ઝાડો કરી રહ્યું છે.

તમે સુગાઈ જાઓ છો. વઢકણા પડોશીને કશું જ કહેવાય એમ નથી, એટલે તમારી જ નજર તમે પાછી વાળી લો છો.

દૂધવાળો કર્કશ અવાજે ભૂંગળું વગાડીને ગંગાજળિયા દૂધ સાથે-ની એની કમઅક્કલ હસ્તીની જાહેરાત કરે છે.

વાતાવરણમાં ઊકળાટ છે. ખૂબ બફારો થાય છે. તમે દાદરો ચડો છો ત્યાં જ તમારા ઘરમાંથી ગમગીનીના ઓથાર આવે છે.

તમારા મનમાં વાર્તાનું કથાવસ્તુ ઘૂમે છે. ઘેરાએલાં વાદળોએ સર્જેલી પારાવાર વેદનાનું તમારે આલેખન કરવું છે. તમારા પોતાના જ હૃદયની વેદનાને કાગળ પર ઉતારી નાખીને તમારે હૃદય પરનો બોજ હળવો કરવો છે. તમે ઘરમાં પ્રવેશ કરો છો.

તમારું બાળક ભોંયે મમરા વેરીને રડીરડીને ઊંઘી ગયું લાગે છે. તમારી પત્ની પથ્થર પર પાતળી પથારીમાં સૂતી છે. તમારા હાથમાંની દવાની બાટલી પર એની ફિક્કી નજર પડે છે.

એના મોં સામે જોતાં જ એને તાવ ચડયો હોવાનો તમને ખયાલ આવી જાય છે. શાકની થેલી અને દાતણ નીચે મૂકી તમે એના કપાળ પર હાથ મૂકો છો. એનું શરીર તાવે ધખે છે.

તમારી બારીમાંથી વાદળછાયું આકાશ દેખાય છે. મૂક ગમગીની જાણે પૃથ્વીને ઘેરી વળી હોય એવું લાગે છે.

તમને ભૂખ લાગી હતી; ચ્હા પીવાની ઈચ્છા હતી. પણ આ વાતા-વરણમાં તમને હવે ચા યાદ પણ નથી, ને ભૂખ પણ ભુલાઈ ગઈ છે.

તમારી પત્નીને સરખું ઓઢાડી તમે આરામ ખુરશીમાં આડા પડો છો. રડીરડીને ઊંઘી ગએલું બાળક ઊંઘમાં ડીબકા ભરી લે છે. તમે ભોંય પર પડેલા મમરા ભેગા કરો છો. ખાલી વાડકી એણે ખૂબ જોરથી પકડી રાખી છે. તમે ખેંચવા છતાં એના હાથમાંથી વાડકી છૂટતી નથી. તમે એને માથે હાથ ફેરવો છો. આંસુથી ખરડાએલા એના ગાલ તરફ તમે તાકી રહો છો. તમને તમારું બાળક તમારા કરતાં વધુ નસીબદાર લાગે છે; કારણ કે એ રિસાઈ શકે છે, ખિજાઈ શકે છે, રડી શકે છે. આંસુનો એને સહારો છે.

તમે શૂન્ય નજરે આકાશ તરફ તાકી રહો છો. ત્યાં તમારી પત્ની ઠંડી લાગવાની ફરિયાદ કરે છે. ડામચિયેથી કામળી લાવીને તમે એને ઓઢાડો છો. હવે તમે કામળી પરનાં થીગડાં જોયા કરો છો.

તમને લાગે છે જાણે એ કામળી નથી, તમારી જિંદગી જ છે, જે તમે તમારી પત્ની પર ઓઢાડી દીધી છે.

આવા પ્રસંગે જાણે તમે ગુનેગાર હો એવો ભાવ અનુભવો છો. તમને લાગે છે, તમે પરણીને તમારી પત્નીની અન્ય કોઈ સ્થાને જોડાઈ સુખી થવાની સંભાવના જ છીનવી લીધી છે. આ લઘુતાના દુઃખદ ભાન સાથે જ તમે આવે પ્રસંગે તમારી પત્નીની વધુપડતી આવજત કરવા લાગી જાઓ છો.

અચાનક જ પતરાં પર ટપટપ અવાજ શરૂ થાય છે અને વરસાદ શરૂ થઈ જાય છે. ધીમેધીમે વરસતા વરસાદ સામે તમે બારી વાટે જોઈ રહો છો. ઘેરાએલાં વાદળો મન મૂકીને વરસે એમ લાગે છે.

વરસાદનાં ટીપાંનો અવાજ પતરાં ખખડાવી રહ્યો છે. પતરાં પર થતો ધડધડ અવાજ તમારા દિલને પીડયા કરે છે.

હવે તપેલી આતુર ધરતીમાંથી મોસમના વરસાદની મધુર મ્હેક ઊઠે છે, ને એ સુગંધની સરવાણી તમારાં મન-મગજને તરબતર કરી મૂકે છે.

તમારા મનના ઉદ્વેગ ધીમેધીમે શમી જાય છે. તમારા હૃદયમાં હવે કશો ઉદ્વેગ નથી, જિંદગી સામે કશી ફરિયાદ નથી.

ધોધમાર વરસતા વરસાદને કારણે ઘણઘણી ઊઠેલાં પતરાં તમને સંગીત ઉપજાવતાં હોય એમ લાગે છે.

તાવે પડેલી, ઘડી પહેલાં ઠંડી લાગવાની બૂમ પાડતી તમારી પત્નીનો કરમાએલો ચહેરો પુષ્પની પાંખડીની જેમ ચેતનવંતો થતો જાય છે. ઓઢેલી કામળી દૂર કરી એ બેઠી થાય છે, ને બારી પાસે આવી તમારા પડખામાં ભરાઈ ઊભી રહે છે. 'કેવું સરસ લાગે છે!'–એ આનંદનો ઉદ્‌ગાર કાઢે છે.

તમે બંને, વરસતા વરસાદની ખુમારી જોતાં, બારી પાસે એક-બીજાની ઉષ્મા માણતાં ઊભાં રહો છો.

જાગી ગએલો તમારો બાબો 'પપ્પા!' કહીને તમારા તરફ પોતાના બે નાજુક આતુર હાથ લાંબા કરે છે. તમે એને ઊચકી લો છો.

તમે બંને એને માથે હાથ ફેરવતાં ફેરવતાં, પડોશનાં ઘરોનાં સ્વચ્છ થઈ ગએલાં પતરાં તરફ નજર કરી પ્રફુલ્લિતતા અનુભવી રહો છો.

જિંદગીના સર્વ વિષાદ જાણે ધોવાઈ ગયા છે.

મહિનાઓથી તપેલી ધરતીના આતુર હૈયા પર મન મૂકીને તૂટી પડેલા વરસાદે ફેલાવેલી ફોરમ માણતાં તમે બારીમાંથી હાથ લાંબો કરી, નેવાંમાંથી નીતરતા રેલાથી હથેળી ભીંજવો છો.

ઘડી પહેલાંના કોઈ વિષાદની છાયા નથી તમારા દિલ પર. તમે તમારી પત્નીને પૂછો છો: 'કેવી મધુર સુગંધ ફેલાઈ ગઈ છે!'

ને એ ઉત્સાહિત થઇ હકારમાં માથું હલાવી તમારા આનંદની અનુભૂતિનો પડઘો પાડે છે. ને તમને લાગે છે...

તમારા સંસારમાં, આ સ્ત્રી, આ મોસમ, આ મન ને આ વરસાદ સર્જનહારે જાણે ઉદાર હાથે તમને બક્ષિશ નથી આપ્યાં?

આત્મકથાનક · ૨૧

જીવનપટનાં સ્મૃતિચિત્રો

લેખક
અને આલેખક
રવિશંકર રાવળ



દી. બ.
અંબાલાલ સાકરલાલ
ગુજરાતની રાષ્ટ્રીય જાગૃતિના એક પુરોધા

૮૯ બાનું દરદ

મોટાં માના દેહાંત પછી શેરડીપીઠના ડહેલાના ઘરમાં વસવા જતાં પહેલાં ત્યાં કેટલુંક સમારકામ ને સાફસૂફી તો કરાવ્યાં, પણ ઘરનાં છાપરાં બાપદાદાના વખતનાં નીચા ઢાળનાં જ હતાં. પિતાશ્રીનાં સેકન્ડ ગ્રેઇડ ઈન્સ્પેક્ટરની નોકરીનાં ત્રણ વર્ષ પૂરાં થતાં રૂ. ૧૦૦થી તે હવે ફર્સ્ટ ગ્રેઈડ ઇન્સ્પેક્ટર થયા હતા. તેમના સબ ડિવિઝનમાં તે વખતે ભાલ, ગોહિલવાડ તથા અમરેલી સુધીનો ભાગ આવી જતો. સુપરિન્ટેન્ડેન્ટ મિ. કામદીનના રિપોર્ટો પરથી તેમના કામ માટે મુંબાઈના પોસ્ટમાસ્તર જનરલ તરફથી વખતોવખત શાબાશી મળતી હતી, ને સુપરિન્ટેન્ડેન્ટ કામદીન સાહેબ તો તેમને વહેલી તકે સુપરિન્ટેન્ડેન્ટની પરીક્ષા આપવા આગ્રહ કર્યા કરતા હતા. પરંતુ મારાં બાને હિસ્ટીરિયા લાગુ પડયો હતો તેથી બાપુજીનું મન વ્યગ્ર રહેતું હતું અને તેની ચિંતાથી તેઓ કંઇ વાંચી શકતા નહિ.

મારાં બાના આ વ્યાધિની ખબર અમને મહેસાણાથી પડેલી. તેમના મનમાં કોઇ મૂંઝવણ હોય, કે કામનો નિકાલ ન થાય, તો તે પડયાંપડયાં બેભાન થઇ જતાં. બોલાવીએ ત્યારે જવાબ ન આપે એટલે તુરત ચત્તાં સુવડાવી મોંમાં જોઇએ તો દાંત સજ્જડ બની ગયા હોય, અને શ્વાસ ઘૂંટાય એટલે તીણી ચીસો પાડવા માંડે. એમના આ દરદનો કોઈ ઉપચાર હાથ લાગ્યો નહોતો. નવસાર અને કળી ચૂનાનું મિશ્રણ કોઈ સુંઘાડતું ત્યારે દાંત છૂટતા અને પછી થોડું રોઈ લેતાં.

ઘરમાં બૈરાંઓ વાતો કરતાં કે આ કોઇ જાતનો વળગાડ છે. તેમનાં પીઅરિયાં કહેતાં કે નાનપણમાં એક ગરાસણી આશાભરી ગુજરી ગએલી તેના શબની નનામી નીકળી ત્યારે એ જોઈને તે બી ગયાં હતાં, ત્યારથી આમ બનતું. આવું બને ત્યારે ઘરકામમાં દેખરેખ ન જ રહે. એવે વખતે પડોશીઓ આવીને થોડું સંભાળી લેતાં. વળી હમણાં ભાભી હતાં તે નજર રાખતાં. આ કારણે પિતાશ્રીએ પોસ્ટલ સુપરિન્ટેન્ડેન્ટની પરીક્ષા આપવાનું માંડી વાળ્યું ને ફરી પ્રયત્ન કર્યો જ નહિ.

પણ આ હકીકત તેમણે એક વાર ગુરુશ્રી નથુરામ શર્માને જણાવી, તે પરથી તેમણે એ વર્ષે ગુરુપૂર્ણિમાને દિવસે પૂર્ણિમા-પૂજનમાં બાને પણ બીલખા સાથે લઈ આવવા પિતાશ્રીને કહ્યું. ત્યાંના સ્વચ્છ, શાંત, પવિત્ર વાતાવરણથી તે પ્રભાવિત થયાં અને શિષ્યમંડળમાં દીક્ષા લીધી. ત્યારે તેમને નિત્ય સૂર્યોપાસના, મંત્રજાપ અને પશ્ચિમોત્તાન આસન કરવાની સૂચના મળી. બીલખાથી આવ્યા પછી મારાં બાએ ચુસ્તપણે તે નિયમોનું પાલન કરવા માંડયું. તેને લીધે તેમનો હિસ્ટીરિયા તો ગયો જ, સાથે શરીર પણ સારું બન્યું અને ઘરમાં પણ પ્રસન્ન રહેવા લાગ્યાં. પડોશીઓ તેમનાં આ નિયમિત સ્નાન-ધ્યાન અને ભજનથી ખૂબ આકર્ષાયાં અને મોટાં માની જગ્યાએ તેમને સૌ માન-આદર આપવા લાગ્યાં. શ્રી નથુરામ શર્માજીના ઉપદેશથી આવી રીતે ઘણાં કુટુંબોમાં ભક્તિ સદાચાર અને સદ્‌વર્તનનો પ્રકાશ ફેલાયો હતો.

૯૦ ફરી પાછા શેરડીપીઠમાં

આવનવી પ્રવૃત્તિઓમાં એક વર્ષ બહારના વાતાવરણમાં ગાળીને ફરી ડહેલામાં પાછા આવતાં મને તો ઘણો કચવાટ થયો હતો. ફરી પાછી કચરાપેટી અને ગંદકીના અખાડાનાં રોજ દર્શન કરવાનાં અને એવી હવામાં ઊછરતા છોકરાઓનો સમાગમ વેઠવાનો. પણ હવે હું યે ભાવનગરની રીતભાતનો ભોમિયો બન્યો હતો. ડહેલામાં કોણ કેવું છે તે જાણી શકયો હતો. કેટલાક છોકરા ભણતરમાં ન ચાલ્યા તે મુંબાઇ કે બીજે ચાલ્યા ગયા હતા, કેટલાક નોકરીએ બેસી ગયા હતા. સુભાગ્યે કોઈ જ મારા વર્ગમાં ભણનાર નહોતું. મારી ચોક્કસ રીતભાતથી આકર્ષાઇ એકબે સારા ઘરના નાની વયના છોકરા હવે મારી પાસે આવતા-જતા થયા; ને મેં પણ મારી મનમોકળાશ માટે દક્ષિણીના ડહેલામાં રહીને ત્ર્યંબક, આનંદરાવ વગેરે નવા મિત્રો મેળવ્યા હતા.

મોટા ભાઈની મંડળી પણ જામી. તેમાં પ્રસિદ્ધ નાટ્યકાર વાઘજી આશારામના એક સંબંધી વ્રજલાલ ત્રિવેદી કરીને હતા, તેથી તેમનાં બધાં નાટકો જોએલાં ને બધાં જ ગાયનો મોટા ભાઇ સુંદર કંઠે ગાઇ શકતા. બીજા પણ બેત્રણ યુવકો હતા, જેમનાં નામ યાદ નથી. આ જ અરસામાં ઘરમાં થોડા માસ પહેલાં જન્મેલી બાળકી ગુજરી ગઈ. આવા બાળમરણનો કોઈ મોટો શોક કરતું નહિ. બેચાર પુરુષ-સંબંધીઓ એક વસ્ત્રમાં વીંટી એ બાળકીને સ્મશાનભૂમિમાં દાટી આવ્યા પણ અમને બાળકોને અને ભાભીને તેનું ખૂબ જ દુઃખ થયું.

મેં અગાઉ જણાવ્યું તેમ પિતાશ્રીનો ડિસ્ટ્રિક્ટ-વિસ્તાર મોટો હતો, અને તેથી ઘર આગળ બહુ દિવસે આવે ત્યારે સામટા પાંચ-સાત દિવસ રોકાય તે વખતે અમને બહુ આનંદ થતો. તેમની બેઠક ગાદી ઉપર રાખતા અને આસપાસ તેમનાં દફતરો પથરાતાં, જેનો ઉકેલ કરતાં કલાકો સુધી કામ ચાલતું. વચ્ચેવચ્ચે કારકુનો કે રજા ઉપર આવેલા પોસ્ટ-માસ્તરો મળી જતા. પોસ્ટમૅનો, વિલેજ-પોસ્ટમૅનો, હલકારા વગેરે નીચેના માણસોની નિમણૂકો, ફરિયાદો, બદલીઓ, તેમની હકૂમતમાં હોવાથી એ નોકરીના અરજદારો ઘણા આવતા.

તેમના ડિસ્ટ્રિક્ટમાં સગાંસંબંધીઓનાં તથા જ્ઞાતિજનોનાં ઘણાં ગામ હતાં અને તેથી તેમણે જ્ઞાતિસમુદાયનો સારો પરિચય કરી લીધો હતો. ગામડાંમાં રહેતા બ્રાહ્મણ સંબંધીઓની આજીવિકા મોટે ભાગે ગામોટા ઉપર કે લોટ માગવામાં અને ગામજનોનાં દાનદક્ષિણા ઉપર જ નભતી હતી. આજ સુધી એ લોકોને ગામડાના જીવન પૂરતો નિભાવ મળી રહેતો હતો એટલે તેઓ કોઇ પોતાનાં બાળકોને ભણાવવાની દરકાર કરતા નહિ. ગામડાની નિશાળનું જેવુંતેવું ભણતર મેળવી, થોડું બામણિયું કામ (પૂજા કરાવવાનું કે સંકલ્પ કરાવવાનું) કરતા, યા ગામઠી રીતે લગ્ન કે શ્રાદ્ધ–સરવણું કરાવતા. ભણવા-ભણાવવાનાં મોટાં ખર્ચ કરવાની તેમની તાકાત પણ નહોતી. આમાંના કેટલાક સશક્ત જુવાનોને હલકારા કે વિલેજ-પોસ્ટમૅનની નોકરીમાં રસ પડયો હતો અને કેટલાકને પિતાશ્રીએ નોકરીએ ચડાવી પણ દીધા હતા. તેથી ન્યાતમાં એવી જ વાત ચાલેલી કે રાવળજી ગમે ત્યારે ગમે તેને નોકરી આપી શકે છે.

એક વાર વાંકી પાઘડીવાળા એક આધેડ સગા આવ્યા. બાપુજીએ તેમને આદર આપીને ઊભા થઇ હાથ મેળવી પોતાની બાજુમાં બેસાડયા. જમવાનો સમય થયો હતો એટલે કહ્યું, 'ચાલો રોટલાનો સમય

'ચાલો, રોટલાનો સમય છે, જમી લ્યો.'




છે; જમી લ્યો.' તો કહે, 'ના, જમવાની વાત પછી. હું તો નોકરી માટે આવ્યો છું. ક્યાંક નોકરી આપો.' બાપુજી શું કહે?

'ભાઈ, નોકરી કંઈ એમ તૈયાર હોય કે ખિસ્સામાંથી કાઢી અપાય?'

'ત્યારે મારે અહીં જમવું ય નથી.' કહી મહેમાને વિદાય લીધી!

સુપરિન્ટેન્ડેન્ટ કામદીન સાહેબ સાથે એમને એકમ્ તપાસ સાથે મળીને કરવાની હતી, તેથી એક વાર એક જ ટ્રેઇનમાં બંને નીકળ્યા. ઉનાળાનો દિવસ હતો. કુંકાવાવના સ્ટેશને સાહેબે મેઈલ ટપાલ લેવા આવેલા પટાવાળાને પોતાના ડબ્બા આગળ બોલાવી પોતાનું લાંબું ટંબલર આપી સ્ટેશનમાં રાખેલા ઠંડા માટલામાંથી પાણી લાવવા કહ્યું. પટાવાળાએ પોશાક બધો ગામડાના બ્રાહ્મણનો જ પહેર્યો હતો: માથે ફેંટિયું, કપાળમાં ત્રિપુંડ, ગળામાં રુદ્રાક્ષ, કેડે થેપાડું; માત્ર તે ઉપર ચામડાનો સરકારી પટ્ટો પહેર્યો હતો. સાહેબનો સાદ થયો એટલે તે ફર્સ્ટ ક્લાસના ડબ્બાની બારી પાસે આવ્યો તો ખરો, પણ



પટાવાળાને ફટકાર્યો

ટંબલર જોતાં જ તેણે પોતાના ગળામાંથી જનોઈ કાઢીને બતાવી: 'સાહેબ! હું બ્રાહ્મણ છું!' કામદીન સાહેબ પારસી ગૃહસ્થ હતા. આ સાંભળી હસીને તે પોતે જ પાણી લેવા ડબ્બામાંથી ઊતર્યા. એ જોતાં જ સાથે પ્રવાસ કરતા ઈન્સ્પેક્ટર બાપુજીને પરિસ્થિતિ સમજાઈ અને પટાવાળો સાહેબનો હુકમ ન માને તે તેમનાથી સહન થયું નહિ. એમણે પોતે જ આગળ વધી સાહેબના હાથમાંથી ટંબલર લઈ સ્ટેશન પરના ગળતીવાળા માટલામાંથી પાણી લાવી આપ્યું અને તરત પેલા પટાવાળાનો પટ્ટો ખેંચી લઇ તેને એક ફટકાર્યો અને કહ્યું: 'બ્રાહ્મણ હતો તો અહીં નોકરી કરવા કેમ આવ્યો છે? જા, ચાલતો થા!'

કામદીન સાહેબને દયા આવી ગઈ અને બોલ્યા, 'જવા દો મા'શંકરભાઈ, એ તો મૂરખ છે.'

આમ તેમણે નોકરીમાં તો ઘણા બ્રાહ્મણોને રખાવેલા, પણ નોકરીનો પાઠ બરોબર પાળવો જોઇએ એ વાત કોઈક જ સમજતા. તેમને ઘણી વાર દુઃખ થતું કે પટાવાળા ને હલકારાની નોકરી માગતા ઘણા આવે છે, પણ કોઈ મૅટ્રિક કે ગ્રૅડ્યુએટ થઈ ખુરશીલાયક ઉમેદવાર આવતો નથી. બ્રાહ્મણનો કોઈ છોકરો મૅટ્રિક થઈ આવે ત્યારે તે બહુ રાજી થતા અને તેને માટે ભલામણ કરવામાં બને તેટલું કરી છૂટતા.

૯૧ રાષ્ટ્રીયતાની હવા

આ વર્ષે (૧૯૦૪)માં જાણીતા રુસો-જાપાની યુદ્ધે દુનિયાનું ધ્યાન ખેંચ્યું હતું. રશિયાના પ્રચંડ વિસ્તાર અને મહાકાય સૈન્ય સામે ટચુકડું જાપાન શું કરી શકશે તેની કલ્પનાઓ ચાલતી હતી. પણ પોર્ટ આર્થરના યુદ્ધમાં જાપાનીઓએ યુગવર્તી શૌર્ય દાખવ્યું અને સ્વાર્પણ, શક્તિ તથા એકતાનો પ્રચંડ પરચો બતાવ્યો ત્યારે વિશ્વનાં માનવો ચકિત થઇ ગયાં. જર્મન કૈસરે તે વખતે જાપાનને 'યલો પેરિલ' (પીળી આફત) ગણાવ્યું, જ્યારે બીજી બાજુ એશિયાવાસીઓમાં શ્રદ્ધા પ્રકટી કે પશ્ચિમનાં બળો સામે એશિયા ટક્કર લઇ શકે છે. આમ જાપાન એશિયાના સર્વ દેશોનું સ્વાતંત્ર્ય-પ્રતીક બન્યું.

આ જ અરસામાં ભારતમાં લૉર્ડ કર્ઝને બંગાળની જાગૃતિ તોડવા બંગાળના બે ભાગ પાડ્યા અને ભારતમાં પોચા ગણાતા બંગાળીઓમાં રોષ ભભૂકી ઊઠ્યો. આખો બંગાળ માતૃભૂમિનું આ ખંડન સહન કરી બેસી રહ્યો નહિ. વિદ્વાનો અને સામાન્યો સૌએ મળીને તે સામે વિરાટ પ્રકોપ દર્શાવ્યો અને તેની સામે કર્ઝનની આપખુદ સરકારે દમનનાં શસ્ત્રો સજ્યાં. 'વંદેમાતરમ્'નો ધ્વનિ પહેલી વાર રાષ્ટ્રમાં ગર્જન કરતો બન્યો, તે એટલે સુધી કે આગળ જતાં 'વંદેમાતરમ્' બોલનારની પણ ધરપકડ થવા લાગી. કેંક બંગાળી જુવાનો માતૃભૂમિના ઉદ્ધાર માટે ગુપ્ત કારવાઈઓ કરવા લાગ્યા અને ત્રાસવાદનો આશરો લીધો. લોકનેતાઓએ વિલાયતી માલનો બહિષ્કાર જાહેર કર્યો.

પંજાબમાં લાલા લજપતરાય, બંગાળમાં બિપિનચંદ્ર પાલ અને મહારાષ્ટ્રમાં બાળ ગંગાધર તિલક એ યુગના મહાન રાષ્ટ્રનેતા થયા અને લાલ-બાલ-પાલની એ ત્રિપુટીનાં ચિત્રો ઠામઠામ વેચાવા લાગ્યાં.

અમદાવાદમાં ૧૯૦૨માં ઇંડિયન નૅશનલ કૉંગ્રેસનું અધિવેશન થયા પછી રાષ્ટ્રભાવનાનો ગુજરાતમાં સારો ઉદય થયો હતો અને દી. બ. અંબાલાલ સાકરલાલ દેસાઇ લોકપ્રિય નીડર નેતા ગણાતા હતા. બંગભંગ પછી વડોદરામાંથી શ્રી અરવિન્દ ઘોષે રાષ્ટ્રભાવનાનું તત્ત્વજ્ઞાન પ્રસારવા માંડ્યું હતું. તેની અસર પણ જુવાનોમાં પહોંચી હતી અને ઠામેઠામ સ્વદેશી મંડળો સ્થપાવા લાગ્યાં હતાં.

ભાવનગરમાં પણ કેટલાક મિત્રોએ 'સ્વદેશપ્રેમી મંડળ' રચીને રાષ્ટ્રગીતો, રાષ્ટ્રીય વીરોનાં ચરિત્રો, શિવાજી પ્રતાપ આદિનાં ચિત્રો વગેરેનો પ્રચાર કરવા માંડ્યો હતો. એમાંના એક બે સભ્યોનો મને





મથાળે: અમદાવાદના દેશદાઝવાળા વીવિંગ માસ્તર શ્રી કેશવલાલ મહેતા, જેમણે બનારસ કૉંગ્રેસમાં મંચ પર ઊભા થઈ મિલઉદ્યોગનું કૌશલ શીખવવા જાહેર આમંત્રણ આપ્યું. (ફોટો: તેમના સુપુત્ર શ્રી સતુભાઇ મહેતાના સૌજન્યથી) · જમણી બાજુ: એ આમંત્રણના પ્રેર્યા આવેલા બંગાળી યુવાનોનો સમૂહ · ખુરશીમાં ડાબી બાજુથી ત્રીજા શ્રી કેશવલાલ મહેતા.

મેળાપ થઈ ગયો અને હું રાષ્ટ્રીયતાની એક નવી હવા લેવા લાગ્યો. અમે સ્વદેશી વાપરવાની પ્રતિજ્ઞાઓ લેતા અને લેવડાવતા ત્યારે વડીલો પણ ચીડાતા. કોઇ કહેતા કે સ્વદેશીમાં શાં ઠેકાણાં છે? જોઇએ એવું સસ્તું કાપડ માન્ચેસ્ટરનું મળે છે. કાપડિયા પણ દુકાનમાં જઈએ ત્યારે કહેતા કે અહીં તો બધું ઈંગ્લિશ છે, સ્વદેશી લેવું હોય તો ગામઠી કાપડની દુકાનો છે. તેમાં પણ ઘણી મિલો સૂતર વિલાયતનું વાપરીને દેશી વણાટ કરતી, એટલે ખરું સ્વદેશી મળતું જ નહિ.

નિશાળોમાં આ વાતાવરણ પહોંચે નહિ તે માટે રાજ્યો પર સરકારી સૂચનાઓ પહોંચી. પણ વડોદરામાંથી પ્રો. અરવિન્દ ઘોષ બંગાળના સાદે હોદ્દો છોડી ચાલ્યા ગયા. એ પછી કૈંક જુવાનોએ ગામેગામ સ્વદેશીનાં મંડળો સ્થાપવા માંડ્યાં. વેપારીઓ સ્વદેશી વસ્તુઓનો આગ્રહ વધતો જોઇ સ્વદેશી સ્ટોર ખોલવા લાગ્યા.

બંગાળમાં વિદેશી કાપડનો બહિષ્કાર થયો એટલે અમદાવાદની મિલોને તડાકો પડ્યો હતો. ગુજરાતના મિલમાલિકોમાંના કેટલાકે સ્વદેશીના નામે વિદેશી તારનું કાપડ બનાવીને, અને જાળી જેવા કાપડને પુષ્કળ કાંજી પાઈને પધરાવ્યાના દાખલા પણ બન્યા. બંગાળમાં તેની જાણ થઇ ત્યારે ખૂબ ફિટકાર મળ્યો. પણ એ બધાનું પ્રાયશ્ચિત કરી ગુજરાતનું નામ ઉજાળનાર એક નરરત્ન નીકળ્યા.

૯૨ દેશપ્રેમી વીવિંગ માસ્તર

૧૯૦૫ની કૉંગ્રેસ બનારસમાં મળી ત્યારે દી. બ. અંબાલાલભાઈની સાથે કેટલાક નવલોહિયા જુવાનો અને દેશસેવકો પણ ગયા હતા. ત્યાં સભામાં બંગાળના નેતાઓ કકળી ઊઠ્યા કે આપણને સ્વદેશી માલની કારીગરી શીખવનાર સંસ્થાઓ ક્યાં છે? મિલઉદ્યોગની કૉલેજો કે શાળાઓ ક્યાં છે? તે વખતે અમદાવાદની એક મિલના બાહોશ વીવિંગ માસ્તર શ્રી કેશવલાલ મહેતા ઊભા થઈ ગયા અને તેમણે મંચ ઉપર જઇ આમંત્રણ દીધું કે મિલઉદ્યોગનું કૌશલ શીખવા કોઇ પણ વિદ્યાર્થી મારી પાસે આવશે તો હું તેને જાતે ખર્ચે તથા સગવડ આપીને સાચી તાલીમ આપીશ!

એમનાં આ વચનોથી દોરાઈને પહેલા શ્રી લલિતમોહન ઘોષાલ ૧૯૦૭માં તેમની પાસે આવ્યા, અને પછી થોડા જ વખતમાં બીજા ૨૫ યુવાનો આવ્યા. તે બધાને કેશવલાલે પોતાના ઘરની પાસે—ખાડિયામાં, ધોબીની પોળમાં—મકાન આપી રાખ્યા. મકાન ઉપર પાટિયું મૂક્યું હતું Bengal United Home. કેશવલાલે તેમને મિલોમાં નોકરીઓ અપાવી અને દરેક કામમાં પ્રવીણ બનાવ્યા. આ બધા કોઈ ને કોઈ રીતે બંગાળની ક્રાન્તિ ચળવળમાં સંકળાએલા હતા અને અમદાવાદમાં ચાલતા સ્વદેશી આંદોલનમાં અગ્ર ભાગ લેતા. સભામાં સુંદર કંઠે રાષ્ટ્રગીતોથી પ્રેરણા આપતા અને લોકોનાં ઘરમાં ચોપાનિયા પહોંચાડતા. કેશવલાલ મહેતાને તે બાબત બહુ ચિંતા રહેતી. કોઈવાર કલેક્ટર તરફથી પૂછપાછ થતી તો કહેતા કે હું તો તેમને ઔદ્યોગિકપ્રવૃત્તિમાં વાળીને એમનો ક્રાંતિનો માર્ગ બદલવાનું કામ કરું છું.

આ યુવાનો પૂર્ણ તાલીમ પામીને બંગાળ પાછા ગયા ત્યારે ત્યાંની મુખ્ય મિલોના સંચાલકો અને નિષ્ણાતો બની ઊંચે હોદ્દે પહોંચ્યા. ત્રણચાર મોટી મિલો (મોહિની મિલ્સ, ખુસ્તીઆ દક્ષિણેશ્વરી મિલ્સ, ચિત્તરંજન મિલ્સ)ની આબાદી આ શ્રી કેશવલાલની જ તાલીમને આભારી છે. તેમના આ ઋણ તરફ કૃતજ્ઞતા દર્શાવવા કેટલાક પ્રમુખ શિષ્યોએ ઢાકામાં તેમના નામની 'કેશવલાલ ટેક્સ્ટાઈલ સિન્ડિકેટ' કરીને કાપડઉદ્યોગની એક તાલીમી સંસ્થા સ્થાપી, તેમજ ત્યાંથી મિલોના વહીવટમાં સલાહ આપનારી સમિતિ પણ ઊભી કરી.

આમ એક માતબર સોદાગર, ઉદ્યોગપતિ કે ક્રાંતિકારી પણ ન કરી શકે એવું કામ આ ભાવનાપ્રેરિત એકલા ગુજરાતી નરરત્ને કર્યું હતું. રખે ગુજરાત આ વાત ભૂલી જાય (એમના સુપુત્ર શ્રી સતુભાઈ મહેતા તરફથી એમની છબિ મળી શકી છે તે માટે આભારી છું.)

૯૩ અમદાવાદમાં સ્વદેશી હીલચાલ

બંગભંગના આઘાતથી પ્રગટેલા રાષ્ટ્રોદ્રેક અને સ્વદેશીની પ્રબળ હીલચાલના તે કાળના એક અગ્રેસર શ્રી કૃપાશંકર પંડિત તો આજે પણ હયાત છે અને ત્યારનાં સ્મરણો બહુ લાગણીપૂર્વક વર્ણવે છે.

અમદાવાદમાં એ કાળે ખાડિયા લત્તામાં સ્વામી મધુસૂદનાનંદ સરસ્વતી નામના સંન્યાસી શ્રીરામજીની શેરીના મેડા ઉપર ચાતુર્માસ કરવા માટે આવીને રહ્યા હતા. તે અભેદમાર્ગ પ્રવાસી વેદાન્તી હતા. તેમને ખાડિયાની મિશનરી સ્કૂલોમાં હિન્દુઓનાં સંતાનોને હિન્દુ



શ્રી કૃપાશંકર પંડિત

ધર્મ વિરુદ્ધ શિક્ષણ અપાતું જોઇને રોષ ઊપજ્યો અને કૃપાશંકર પંડિત સાથે અન્ય જુવાનોએ દી. બ. અંબાલાલભાઇની સલાહ લઈ વિરોધ ઉઠાવ્યો, અને વિદ્યાર્થીઓને તથા તેમનાં માબાપોને સમજાવી તેમને નિશાળે જતાં રોકયા. સામા પક્ષે પોલીસની મદદ મેળવી સૌને ભય પમાડવા પ્રયત્ન કર્યો, પણ લોકોના અડગ નિશ્ચયબળ સામે તેમનું ચાલ્યું નહિ અને એ શાળાઓ ઊઠી ગઈ.

એ સ્વામીજીના ઉપદેશથી પછી 'વેદ સનાતન ધર્મોત્તેજક મંડળ' સ્થપાયું. ખાડિયા જેઠાભાઈની પોળની સામે વીસનગર નાગરના અમરતલાલના 'હાટકેશ મહાદેવ'ના મેડા પર તેની પ્રવૃત્તિ થતી. ત્યાં યાજ્ઞિક ગણપતરામ દવે અને પ્રસિદ્ધ જ્યોતિષી શ્રી ગિરિજાશંકરભાઈ નિઃસ્વાર્થ સેવાઓ આપતા અને તેનું બધું ખર્ચ સર ચીનુભાઈ બૅરોનેટ આપતા. આ સ્થળે સભાઓ અને પ્રવચનો પણ થતાં. એવામાં સ્વદેશીનું રાજકારણ આવ્યું એટલે તેની સભાઓ પણ ત્યાં થવા લાગી અને પરિણામે 'સ્વદેશી મિત્રમંડળ'નો જન્મ થયો. તેમાં ક્ષાત્રમૂર્તિ સમ દી. બ. અંબાલાલ, નગીનદાસ સંઘવી, ડૉ. હરિપ્રસાદ, પ્રો. જેઠાલાલ સ્વામીનારાયણ, બૅરિસ્ટર મગનભાઈ ચતુરભાઈ, ડૉ. હરિપ્રસાદના લઘુ બંધુ પ્રીતમરાય (જેમના નામ પરથી પ્રીતમનગર નામ પડયું) વગેરે હતા. આ સંસ્થા દ્વારા પોળે પોળે સ્વદેશી કીર્તનો યોજાતાં અને શહેર આખું એ રીતે ગાજી ઊઠતું. પ્રેમાભાઈ હૉલમાં સભાઓ થતી ત્યાં કવિ નર્મદ, હરિલાલ હ. ધ્રુવ વગેરે કવિઓનાં ગીતો ગવાતાં. સંગીતાચાર્ય ગણપતલાલ તાલબદ્ધ સૂરોથી આખી સભાને ડોલાવતા.

તે સમયથી 'જય જય ગરવી ગુજરાત', 'એક દિન એવો આવશે જ્યારે અમીઝરણાં વહી બધી પૃથ્વીને ય પલાળશે', 'ભૂમિ હમારી, મૈયા હમારી; કોણ અવર કહેશે નિજની?', 'દુઃખિયાંનો વિસામો રે માડી તારી ઝૂંપડી', 'નીંદરડી ન આવે જરી, સારી રેન વહી ગઈ,' 'આવો અમારા દેશમાં પૂજન તમારાં થાય છે', 'હું દીવાનો દેશનો' વગેરે તથા બંગાળી યુવકવૃંદે ગજવેલાં 'વંદેમાતરમ્' અને 'મૈયા દેશ કા કયા યે હાલ' વગેરે કીર્તનો લોકજીભે ચડયાં હતાં. દી.બ. અંબાલાલભાઈ તો, કવિ નર્મદનું 'જય જય ગરવી ગુજરાત' અને ખબરદારનું 'અમે દેશી દેશી દેશી' એ કાવ્યો ગવાતાં ત્યારે ડોલતા દેખાતા.

સ્વદેશી મિત્રમંડળ તરફથી લાયબ્રેરી અને વાચનગૃહ પણ સ્થાપવામાં આવ્યાં હતાં, જે 'દાદાભાઈ નવરોજી લાયબ્રેરી'ના નામથી આજે પણ ચાલે છે. શ્રી કૃપાશંકર પંડિતના પ્રયાસથી જ શેઠ સુરેન્દ્રભાઈ સારાભાઈ મારફતે સ્વ. શેઠ હંસરાજ પ્રાગજીનાં ધર્મપત્ની તરફથી રૂ. ૧૬,૦૦૦ દાનમાં મળેલા, જે વડે પાનકોરના નાકે હંસરાજ પ્રાગજી હૉલ બંધાયો, અને પાછળથી અમદાવાદ મ્યુનિસિપાલિટીને સોંપાયો.


આ ઉપરાંત મંડળ તરફથી એક રાત્રિશાળા ચાલતી, તથા સ્વદેશી વસ્તુઓ વાપરનારાઓને અનુકૂળતા કરી આપવા 'સ્વદેશી સ્ટોર્સ'નું પણ સંચાલન પંડિતજી હસ્તક હતું. રાત્રિશાળાઓના ખર્ચ માટે મહારાષ્ટ્રના તળેગામના કાચના કારખાનાનું દૃષ્ટાંત લઇ પૈસા-ફંડની પેટીઓ ફરતી કરવામાં આવી હતી અને શાળાઓની વ્યવસ્થા શ્રી રતનશાહ લાહેરે સંપૂર્ણપણે યશસ્વી બનાવી હતી.

સ્વદેશી ભાવના ફેલાવવા, દેશભક્ત પ્રો. બર્વેની કલ્પના સ્વીકારીને તે કાળે અમદાવાદમાં જાણીતા થએલા શિક્ષક-ચિત્રકાર મગનલાલ શર્મા પાસે હિન્દદેવીની છબી ચીતરાવી તેને મુંબાઈના રવિવર્મા પ્રેસમાં છપાવેલી, જે ભારત તેમજ દેશવિદેશોમાં પણ સ્વીકારપાત્ર બની હતી.

આ જ અરસામાં શ્રી કૃપાશંકરભાઇના મિત્ર લલિતમોહન ઘોષે 'મુક્તિ કોન પથેર' નામનું બંગાળી પુસ્તક તેમને મોકલી આપ્યું. તે ક્રાન્તિવાદના વિચારો અને બૉમ્બ બનાવવાની રીતો વગેરેથી ભરપૂર હતું. તેનું ગુજરાતી ભાષાંતર સ્વ. નરસિંહભાઇ ઈશ્વરભાઇ પટેલે કર્યું (એમના ચરિત્ર માટે જુઓ કુમાર અંક ૭૫-૭૬) અને ખેડાના છાતીધડા દેશસેવક મોહનલાલ કામેશ્વર પંડયાએ નવાસારીના જંગલમાં ચોરીછૂપીથી છપાવ્યું. તેના પૂઠા ઉપર 'દેશી વનસ્પતિની દવાઓ', 'યદુકુળનો ઈતિહાસ' એવાં જુદાંજુદાં નામ આપી જનસમાજમાં તેનો ખૂબ પ્રચાર કર્યો. આ કાર્યમાં ખેડાના પ્રસિદ્ધ વકીલ પૂંજાભાઈ પણ હતા. જતે દહાડે આ બધા સાથીદારો કોઈ ને કોઈ સંજોગોમાં પકડાઈ ગયા. માત્ર કૃપાશંકરભાઈ પંડિત કેન્દ્રસ્થ હોવા છતાં આબાદ બચી ગયા. ગુજરાતના આકાશમાં થએલા રાષ્ટ્રોદયનાં કિરણો ઝીલનારા ભક્તોની પ્રથમ હરોળના આ નરરત્ન ઘણા પ્રસંગો અને વ્યક્તિઓના જીવનપ્રસંગોના સાક્ષી બન્યા છે. છેલ્લાં ૬૦ વર્ષના અમદાવાદના જાહેરજીવનના ઈતિહાસનું એ જીવતું પુસ્તક છે.

સ્વદેશી ભાવના અને રાષ્ટ્રગીતોની લહર ગુજરાતના વિદ્યાર્થીઓમાં વ્યાપક બની હતી અને વિદ્યાર્થીમંડળોમાં એ ગીતો ગાનારા અને સ્વદેશી વ્રત પાળનાર ઠામોઠામ મળી આવતા હતા. પણ સરકારીદરબારી નોકરીઓવાળા પ્રૌઢો, વડીલો અને શિક્ષકો આ પ્રવૃત્તિઓથી બેચેન બનતા જતા હતા. અંગ્રેજોની સ્તુતિ અને અંગ્રેજી રાજ્યની વફાદારી એ જાહેર મોહનમંત્ર હતાં. એટલું બાદ કરતાં સમાજમાં ત્યારે આધ્યાત્મની ઉપાસના, સંસ્કાર અને સદ્વર્તનના પ્રચાર માટેની સંસ્થાઓ વગેરે પ્રવૃત્તિઓને સારો આદર મળતો. બાળલગ્નો, કન્યાવિક્રય, વરવિક્રય આદિ રિવાજો પર કટાક્ષો થતા, અનાચાર અને અનારોગ્ય પ્રતિ ઘૃણા દર્શાવાતી, રુશ્વતખોરી કે છેલછબીલાપણા માટે લોકોમાં સખત રોષ જણાતો. ખૂન કે ડાકાયતના કવચિત બનતા બનાવો પણ લોકોને થથરાવી મૂકતા. અંગ્રેજ સરકારની રાજનીતિથી લશ્કર અને પોલીસનો સામાન્ય લોકોને ખૂબ ધાક રહેતો અને તેમને ભીરુ તથા એકલપેટા બનાવી દીધા હતા. દરેક કોમ પોતપોતાનું સંભાળી લેવાની વધુ દરકાર રાખતી.

(ચાલુ)



એ કાળના ભારતના રાષ્ટ્ર-જુવાળની નેતા-ત્રિપુટી : ડાબી બાજુથી : લાલ (લાલા લજપતરાય) બાલ (બાળ ગંગાધર ટિળક) અને પાલ (બિપિનચન્દ્ર પાલ)

અવિસ્મરણીય વ્યક્તિઓની
સત્યકથાઓ (૧૬)માં

મુકુન્દરાય વિ. પારાશર્ય
વર્ણવે છે



ઝંડુ ભટ્ટની

કર્તવ્યનિષ્ઠા

વિરલ નિદાનશક્તિ, અસંખ્ય શુદ્ધ ઔષધો શાસ્ત્રોક્તરીતે નિર્માણ કરવાની સાહજિક કુશળતા અને દ્રવ્યોનું બહોળું જ્ઞાન, તથા રંક-ધનિક, મિત્ર-ઉદાસીન સર્વને પુત્રવત્ સમજી ભૂતદયાર્થે, પોતા પર કરજ કરીને પણ, આતુર રોગીને સાજા કરવાની પોતાની અથાગ તત્પરતા તેમજ ક્રિયાશક્તિથી વૈદ્યરાજ ઝંડુ ભટ્ટજીએ (જન્મ: ઈ. સ. ૧૮૩૧, મૃત્યુ: ઈ. સ. ૧૮૯૮) અપૂર્વ ખ્યાતિ મેળવી હતી. એમની અપાર, સક્રિય કરુણાને પાત્ર થનારા લોકો એમને મહાત્મા કહેતા. એમની સર્વ દરદીઓ પ્રત્યેની અનન્ય વત્સલતા એ એમના સ્વભાવનું એક અસાધારણ લક્ષણ હતું. (જુઓ અંક ૪૯૮).

આમ તો, દરદીને સાજા કરવા, ને લોકો માંદા ન પડે તે માટે લોકોને સ્વાસ્થ્યનું જ્ઞાન આપવા ઉપરાંત સ્વાસ્થ્ય માટે સામાજિક સગવડો ઊભી કરાવવી, એ ઝંડુ ભટ્ટજીના એક જ કર્તવ્યનાં બે પાસાં હતાં. વ્યક્તિગત દરદી પર ધ્યાન આપવા સાથે સમગ્ર પ્રજાના આરોગ્યને જાળવી તેનાં જીવિત વધારવાના પ્રયત્નો તે એટલા જ ખંતથી, નિષ્ઠાથી અને સફલતાથી કરતા.

વૈદ્યોને જોઈતી દવા તત્કાલ મળી શકે તે માટે સામટી દવા તૈયાર કરવા ઈ. સ. ૧૮૬૪માં એમણે રસશાળા સ્થાપી, જે હિન્દુસ્તાનભરમાં સૌથી પ્રથમ હતી. એ રસશાળામાં દવા તૈયાર કરવા માટે તાજાં દ્રવ્યો તત્કાલ મળી શકે તે માટે, તેમ જ તે સાથે બરડાની વનસ્પતિની સંભાળ રહે તે હેતુ લક્ષમાં રાખી, ઝંડુ ભટ્ટજીએ બરડો ડુંગર જામસાહેબ પાસે ભારે દરથી ઇજારે માગેલો. એ વખતમાં જામનગર રાજ્યમાં જંગલખાતું ન હતું. તેવે કાળે જામસાહેબને વનસ્પતિની મૂલ્યવાન ઉપયોગિતા સમજાવી તેમાથી રાજ્યને એકાદ લાખ રૂપિયા સુધીની વાર્ષિક ઊપજની શકયતા બતાવી ઝંડુ ભટ્ટજીએ જામનગર રાજ્યમાં જંગલખાતું ખોલાવેલું.

આ ઉપરાંત જામનગરની વસતિના સરેરાશ જીવનના આંકડા, રોગોના પ્રમાણના આંકડા વગેરે કઢાવી, લોકોનું જીવિત વધારવાના પ્રયત્નના એક ભાગ રૂપે જામનગરની શહેર સુધરાઈના પ્રમુખ તરીકે પણ તેમણે દીર્ઘદૃષ્ટિભરી ઘણી કિંમતી સેવા આપેલી.

એ વખતમાં બ્રિટિશ શહેનશાહત સાથેના કરારનામાની રૂએ દેશી રાજ્યો આંતરિક વહીવટમાં સ્વતંત્ર હતાં ને રાજા સરમુખત્યાર હતા. રાજાની મુન્સફી એ કાયદો, એવી ઘણાં રાજ્યોમાં સ્થિતિ પ્રવર્તતી. જામનગરના જામ વિભાજી એક ભલા, દયાળુ રાજા ગણાતા, પણ સામાન્ય રીતે એમના ઝનાનાની રખાયતોથી તથા પાસવાનોથી દોરવાઈ જતા. એ જામસાહેબને રાણીઓ ઉપરાંત રખાયતો હતી, એ બધી ડહેલાવાળાં તરીકે ઓળખાતી. રાણીઓ કરતાં આ રખાયતોનું જોર જામસાહેબ પર વિશેષ હતું; અને તેમાં એક મુસલમાનધર્મી રખાયત, જે 'ડહેલાવાળાં બા'ના નામથી પ્રખ્યાત હતાં તે જામસાહેબ પાસે ધાર્યું કામ કરાવી શકતાં. એનું વર્ચસ્ એટલું પ્રબલ હતું કે દીવાન જેવા મોટા અમલદારો પણ પસલીના બહાને એ ડહેલાવાળાં બાને સારું એવું નઝરાણું ધરતા અને તેની મહેરબાની માગતા. જામસાહેબ કરતાં બધા અમલદારો તેનાથી વધુ ડરતા.

એમ કહેવાય છે કે જામસાહેબના ભાયાત ભાવસિંહજીભાઇએ આ ડહેલાવાળાંની અવગણના કરવાથી, ડહેલાવાળાંની ચડામણીથી નારાજ થઈ જામસાહેબે ભાયાતોને હદપારીનો હુકમ ફરમાવેલો. ઉપરાંત દીવાન રાઘવજી તથા દીવાન ભગવાનજી શેઠે ડહેલાવાળાંની ઇચ્છા મુજબ અમુક કામો ન કરી દીધાં હોવાથી ડહેલાવાળાં બાને રાજી રાખવા જામસાહેબે તે બંનેને જામનગર છોડી જવા હુકમ ફરમાવેલા.

આવા બનાવોથી ડહેલાવાળાં બા પોતાના ગુમાનમાં મસ્તપણે વર્તતાં.

એવામાં એક જાહેર રસ્તા પર એક મસ્જિદ ચણાતી હતી, તેમાં એ રસ્તાની જમીન દાબીને એ રસ્તો સાંકડો થઇ જાય તે રીતે એક ના'વાની ઓરડી ચણાવા માંડી. રસ્તાને પહોળા કરવા, સાંકડા ન જ થવા દેવા, એ કર્તવ્ય સુધરાઈના પ્રમુખનું હતું. રસ્તા પહોળા કરતાં મકાન કપાતાં ત્યારે મકાનમાલિકો તરફથી વિરોધ થતો, પણ ઝંડુ ભટ્ટજી તેમને સમજાવી સંમતિથી કામ લેતા. પરંતુ આ કામમાં તો રસ્તો ઊલટો સાંકડો થતો હતો તેથી ભટ્ટજીએ એ ચણતર અટકાવ્યું. મુખ્ય કડિયાએ કહ્યું: 'આ ચણતર ડહેલાવાળાં બાના હુકમથી થાય છે.'

ભટ્ટજીએ કહ્યું: 'એ હુકમ હશે; પણ રસ્તો સાંકડો થાય છે એટલે જામસાહેબની ખાસ પરવાનગી સિવાય હું ચણવા નહિ દઉં.' અને આ વાત ખાસ માણસ મોકલી ડહેલાવાળાં બાને પણ જાહેર કરી.

આ હકીકત સાંભળી ડહેલાવાળાં બા છેડાઈ પડચાં: 'મને ના પાડનાર ભટ્ટજી તે વળી કોણ?' એમ કહી તેણે રસ્તા પરનું ચણતર ફરી શરૂ કરાવ્યું. આથી ઝંડુ ભટ્ટજી મ્યુનિસિપાલિટીના માણસોને લઈ જાતે ગયા ને કામ અટકાવ્યું. આ વાતની ખબર પડતાં ડહેલાવાળાંએ પોતાની એક વડારણને ભટ્ટજી પાસે મોકલી.

એ દિવસોમાં ભટ્ટજી ગામ બહારની પોતાની વાડીએ-જ્યાં રસશાળા કરી હતી ત્યાં-રહેતા. વડારણ ત્યાં આવી ત્યારે ભટ્ટજી નાહીને પૂજામાં બેઠા હતા. મોરબીના પ્રખ્યાત મહામહોપાધ્યાય શાસ્ત્રી શંકરલાલ પણ સાથે જ બેઠા હતા. ભટ્ટજીનો વડારણ સાથેની વાતચીતનો આ પ્રસંગ તેમણે નોંધ્યો છે. વડારણની બૂમ સાંભળીને ભટ્ટજી પૂજામાંથી બહાર આવ્યા. વડારણે કહ્યું: 'બાઈસાહેબાએ કહેવડાવ્યું છે કે ભટ્ટજી, તમને જામસાહેબે અમલદાર કર્યા એટલે બાઈને ભૂલી ગયા કે?'

ભટ્ટજીએ કહ્યું: 'નથી ભૂલ્યો.'

વડારણે કહ્યું: 'તો કામ બંધ કેમ કરાવ્યું? શું તમારા કહેવાથી નામદાર જામસાહેબ બાઈનું કામ બંધ રખાવશે? શું તમારે આંખકાન કાંઈ નથી? જામસાહેબે તો તમને ગામની ગંદકી દૂર કરવાનું કામ સોંપ્યું છે, પણ કોઇ બીજો મોટો અધિકાર સોંપ્યો હોત તો શું થાત? બાઈસાહેબે કહેવડાવ્યું છે કે, અમારાથી વિરુદ્ધ પડવામાં સાર નથી. માટે મજૂરો રોકાઈ રહ્યા છે તેને કામે ચડવા રજા અપાવો.'

વડારણ રુઆબ ને જોશથી બોલતી હતી. શંકરલાલ શાસ્ત્રી આશ્ચર્યથી જોઈ રહ્યા. ભટ્ટજી શાંતિથી બધું સાંભળતા હતા. એ બોલી રહી ત્યારે ભટ્ટજીએ હળવેથી કહ્યું: 'બેન, આ હુકમ કાંઇ મારો નથી, નામદાર જામસાહેબનો છે. માટે નામદારને પૂછ્યા વગર મારાથી રજા ન અપાય. બાકી જામસાહેબ સરમુખત્યાર છે. જેમ કરવું હોય તેમ કરે.

બાઈસાહેબને મારું કામ પસંદ ન હોય તો જામસાહેબને કહી મને એ કામમાંથી છૂટો કરાવે. પણ જ્યાં સુધી આ કામ મારા હાથમાં છે ત્યાં સુધી નિયમ પ્રમાણે થશે. મજૂરોને કામની રજા હું નહિ દઉં. માટે બાઈસાહેબને મારા સલામ સાથે કહેજો કે તેમની મરજી હોય તેમ કરે.'

બે કલાક પછી જામસાહેબે ભટ્ટજીને અકાલ બોલાવ્યા ને ભટ્ટજી તત્કાલ ગયા. જોયું તો જામસાહેબ પાસે ડહેલાવાળાં બેઠાં હતાં. દીવાન નારાયણરાવ પણ હતા. ભટ્ટજીને જોતાં જ જામસાહેબે પૂછ્યું: 'મસ્જિદ ચણાય છે તેમાં તમને શી હરકત છે?' તેમની વાણીમાં સ્પષ્ટ ક્રોધ હતો.

ભટ્ટજીએ કહ્યું: 'સરિયામ રસ્તામાંથી ત્રાંસ કાઢી ચાર ગજની એક ઓરડી બહાર કાઢે છે. આથી રસ્તો બહુ સાંકડો થઇ જાય છે. માટે મેં કહેવડાવ્યું છે કે નામદારને પૂછ્યા વગર મારાથી રજા ન અપાય. બાકી મને વ્યાજબી નથી લાગતું.'

ત્યાં તો ડહેલાવાળાં બોલ્યાં: 'રસ્તો તો બે ગાડાં ચાલ્યાં જાય તેવડો છે. પણ ભટ્ટ ખોટી વાત તાણે છે.'

ભટ્ટજીએ કહ્યું: 'મેં રસ્તો માપ્યો છે. બાકી નામદારની મરજી.'

જામસાહેબે કહ્યું: 'ચાલો, એ રસ્તો જોઈએ. તમે સૌ જાઓ, હું આવું છું.' આથી દીવાન નારાયણરાવ તથા ભટ્ટજી એક ગાડીમાં બેસી આગળ ગયા. રસ્તામાં દીવાને ભટ્ટજીને કહ્યું: 'મારા દેખતાં ડહેલાવાળાંએ તમારી વિરુદ્ધ જામસાહેબને ઘણું ભરાવ્યું છે, એટલે પરિણામની મને બીક છે. તમે આ લોકો સાથે બગાડયું ન હોત તો સારું હતું.'

ભટ્ટજીએ કહ્યું: 'મેં કંઈ બગાડયું નથી. નિયમ પ્રમાણે વર્તું છું. જામસાહેબ મરજી પ્રમાણે કરે તો મારે કંઈ ના નથી.'

એ બન્ને પહોંચ્યા ત્યાં પાછળથી ડહેલાવાળાં આવ્યાં ને બધાના સાંભળતાં ભટ્ટજીને તેણે કહ્યું: 'તમારાથી અમારા પર હાથ ન રખાયો, પણ હવે જામસાહેબ પધારશે એટલે આ ઠેકાણે ઓરડીને બદલે મોટો ઓરડો મારે કરવો છે.'

ભટ્ટજીએ કહ્યું: 'જામસાહેબ મુખત્યાર છે. આખો રસ્તો જ બંધ કરવાનો હુકમ કરે તો મારી ના નથી. પણ મારાથી તમારા પર હાથ રાખવા માટે હજૂરની રજા સિવાય એક ગજ પણ જગ્યા અપાય નહિ.'

ત્યાં તો જામસાહેબ પધાર્યા. એમણે રસ્તો જોયો અને પછી કશી વાતચીત કર્યા વગર ગાડીમાં બેસીને દીવાનને કહ્યું: 'મને તો ભટ્ટજીની વાત ખરી લાગે છે. માટે સરિયામ રસ્તાને હરકત ન આવે તેમ કરવું.' આમ કહી ડહેલાવાળાં કંઈ કહે તે પહેલાં ગાડી હંકારી ગયા.

દીવાન નારાયણરાવે કહ્યું: 'જામસાહેબ પર આ ઝનાનાની સત્તા ઘણી છે. મને ડર હતો કે તમે સીધા માણસ પર જામસાહેબની ખફા ઊતરશે, પણ હજૂરને તમારી વાત ખરી લાગી. એ તમારો પ્રભાવ છે.'

આ પ્રસંગ પહેલાંની ઝંડુ ભટ્ટજીની એક બીજી વાત પણ છે.

રોજ રાત્રે ઝંડુ ભટ્ટજી જામસાહેબ પાસે જતા ને રાત્રે દશ વાગ્યે ઘેર જવા પાછા ફરતા. એ રીતે એક દિવસ અષાઢની મેઘલી અંધારી રાતે એ તળાવને માર્ગે ચાલ્યા આવતા હતા, ત્યાં બાજુમાં ઘણાં ઝાડની વચ્ચે એક કૂવા પાસે જતી કોઈ સ્ત્રીને ભટ્ટજીએ જોઈ, ને એમને વહેમ આવ્યો કે બાઇ કૂવે પડવા આવી છે. આથી તે ઉતાવળે ત્યાં ગયા ને પૂછ્યું: 'બાઈ, તમે કોણ છો?'

બાઈએ કહ્યું: 'એનું તમારે શું કામ છે? તમે તમારે રસ્તે પડો.'

ભટ્ટજીએ કહ્યું: 'એ સાચું કે મારે કાંઈ કામ નથી; પણ મને લાગે છે કે તમારો ઇરાદો કૂવામાં પડવાનો છે, એટલે તમને જોયાં તેથી બચાવવાનો મારો ધર્મ છે. માટે તમને જે દુઃખ હોય તે કહો, તો મારાથી બનશે તે ઉપાય હું કરીશ.'

બાઇએ કહ્યું: 'મારાં માવતરને, સાસરાંને કે મારાં સગાંવહાલાં કોઇને મારી દરકાર નથી. જ્યારે તમે એક જ દયા બતાવો છો ત્યારે શરમ છોડીને કહું છું.' આમ કહી સ્ત્રીએ વાત કરી. કોઈ સારા ઘરની એ બાળવિધવાને ખરાબ સોબતથી ગર્ભ રહેલો, તેની ખબર પડતાં કોટવાળે પકડેલી. ત્યાંથી નાસીને તે કૂવે પડવા આવેલી.

ભટ્ટજીએ કહ્યું: 'એમાં મરવાનું કારણ નથી. જેનાથી ગર્ભ રહ્યો હોય તેનું નામ કોટવાળને દેવાથી તે માણસનો દંડ થશે ને તમે છૂટી જશો.'

બાઇએ કહ્યું: 'અરે ભાઈ, આપને ખબર નથી. મેં કોટવાળને ખરું નામ આપ્યું; પણ હવે તે, કોઈ સારા માણસ પાસેથી પૈસા કઢાવવા એ બીજા માણસનું નામ દેવાનું મને કહે છે, અને એમ ન કરું તો મને મારે છે ને બીજો ત્રાસ દે છે.'

ભટ્ટજીએ કહ્યું: 'ફિકર નહિ. ચાલો મારી સાથે. સવારે જામસાહેબને અરજી કરી તમારો છૂટકો કરાવી દઈશ.'

બાઈએ કહ્યું: 'તમે દયાળુ લાગો છો. પણ કોણ છો તે જાણતી નથી, એટલે કેમ આવું?' ત્યારે ભટ્ટજીએ પોતાનું નામ કહ્યું. બાઈ રોઇ પડી. ભટ્ટજી તેને પોતાને ત્યાં લઇ ગયા અને તેનો ખાવાપીવા તથા સૂવાનો બંદોબસ્ત કરાવ્યો. ઝંડુ ભટ્ટજીના પિતા વગેરેને ઉપાધિ સાથે ડર લાગ્યો કે જરૂર જામસાહેબ ઝંડુ પર કોપાયમાન થશે.

જામસાહેબને કોટવાળે વાત કરી દીધી હતી, એટલે જેવા નિત્યનિયમ મુજબ સવારે ઝંડુ ભટ્ટજી આવ્યા કે તરત જામસાહેબે ગુસ્સે થઇ કહ્યું: 'ભટ્ટ, તમારે તમારું વૈદાંનું કામ છોડી રાજ્યવિરુદ્ધ કામ કરવું ઠીક નથી. તમે કોઇ હરામના હમેલવાળી સ્ત્રીને કોટવાળ કે ન્યાયાધીશને અવગણીને તમારે ત્યાં તેડી ગયા છો? એનો તમે રાજ્ય વિરુદ્ધ ગુનો કર્યો છે.'

ભટ્ટજીએ નમ્રતાથી કહ્યું: 'નામદાર, રાજ્ય વિરુદ્ધ કાંઈ કામ, કોઈ દિવસ મેં કર્યું નથી અને કરીશ પણ નહિ. મેં તો મારું વૈદ્ય તરીકે જીવ બચાવવાનું કામ કર્યું છે.' આમ કહી બનેલી આખી વાત કહી સંભળાવી ને ઉમેર્યું 'જેને હરામના હમેલ હોય તેને દરબારશ્રીની દેખરેખ નીચે રાખવાનું કારણ તો એ છે કે એ સ્ત્રી શરમથી કે ભયથી બાળહત્યા ન કરે. તેને બદલે આ તો સ્ત્રીનો અને ગર્ભનો બન્નેનો ઘાત થવાની વાત હતી, એટલે મેં બાઇને મારે ઘેર તેડી જઇને બે જીવ બચાવ્યા. એમાં રાજ્ય વિરુદ્ધ શું થયું કે કોટવાળનું શું અપમાન થયું એ મને સમજાતું નથી. છતાં આપ જે હુકમ કરો તે સાંભળવા તૈયાર છું.'

આ વચનોથી જામસાહેબનો રોષ સાવ ઊતરી ગયો. તેમણે કહ્યું: 'ભટ્ટ, ભટ્ટ, તમે બહુ સારું કર્યું. એ બાઇને હવે કોટવાળના કબજામાં સોંપવાની જરૂર નથી. તમે એને છૂટાછેડા થાય ત્યાં સુધી તમારે ત્યાં જ રાખજો. તેનું જે ખર્ચ થશે તે દરબાર આપશે.'

ને ભટ્ટજીએ એ બાઇને પોતાને ત્યાં રાખી રક્ષા કરી.

એક વખત જામનગર શહેરના કોટવાળને એક ઊકરડેથી તાજું જન્મેલું અનાથ બાળક મળી આવ્યું. તેને જામસાહેબ પાસે રજૂ કર્યું. જામસાહેબે ભટ્ટજીને એ બાળક સોંપતાં કહ્યું: 'આને પોતાનું બાળક ગણી પોષણ કરે તેવું તમારા સિવાય કોઇ નથી, માટે તમને સોંપું છું.'

ભટ્ટજી એ બાળકને પોતાને ત્યાં લઈ આવ્યા ને પાળીપોષી એને મોટો કર્યો. એને ધવડાવવા ભટ્ટજીએ એક ધાવ રાખેલી, તે સતવારી હતી; આથી એ મોટો થયો ત્યારે તેને સતવારાની ન્યાતની કન્યા સાથે પરણાવ્યો. ભટ્ટજીએ એનું નામ હરિશંકર (હારીત) રાખેલું ને પુત્ર પેઠે પાળી ભણાવ્યો હતો. એ હરિશંકર ઝંડુ ભટ્ટજીને પિતા ગણતા અને પોતાનું નામ હરિશંકર ઝંડુ એમ લખતા. છેક હમણાં સુધી જૂનાગઢ-રાજકોટ વચ્ચે આવેલા જેતપુર ગામે રહી તે વૈદું કરતા. ✿

ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

ચરબી

શરીરને શક્તિ અને ગરમી આપનાર
ખોરાકમાં સ્વાદ અને તૃપ્તિ આણનાર
આપણા આહારનું એક આવશ્યક ઘટક

મલાઇ અને માખણ
ઘી અને તેલ
માંસની ચરબી • ઈંડાં
કવચવાળાં ફળ
સોયાબીન અને ચણા

પરંતુ આ સર્વે પ્રકારની ચરબીમાં
તાજું માખણ શ્રેષ્ઠ છે
કેમકે તેમાં 'એ', 'ડી', 'ઈ' અને 'કે' વિટામિનો છે.

ખોરાકના ત્રણ ઘટકો પૈકી કાર્બોહાઇડ્રેટ અને ચરબી શરીરને શક્તિ અને ગરમી પૂરાં પાડે છે. વૃદ્ધિ અને મરામત માટે નહિ વપરાતા પ્રોટીનના ભાગો પણ શક્તિ ને ગરમી આપે છે. આથી આ ત્રણે બળતણ-ખોરાકો કહેવાય છે. પહેલા બેમાં તો શક્તિના ભંડાર છે, જેનો આદિસ્રોત સૂર્યપ્રકાશ છે. કાર્બોહાઈડ્રેટ કરતાં ચરબી સવા બે ગણી શક્તિ ને ગરમી આપે છે.

દ્રાક્ષ-શર્કરાની જેમ ચરબી જલદી વપરાઈ શકે છે. વળી તે શક્તિનું સંગ્રહિત સાધન છે. છતાં શરીરશ્રમમાં તો ચરબી કરતાં કાર્બોહાઇડ્રેટ જલદી શક્તિ પૂરી પાડતાં હોવાથી તે પહેલા વર્ગનું બળતણ-ખાદ્ય છે.

ચરબીની સંરચનામાં કાર્બન, હાઇડ્રોજન અને ઑક્સિજન છે. આમાંના કાર્બન (૭૯ ભાગ) અને હાઇડ્રોજન (૧૧ ભાગ) બન્ને દહન-શીલ તત્ત્વો છે. બહારનું વાતાવરણ શરીરની ગરમી કરતાં ઓછું હોય ત્યારે શરીરમાંથી ગરમી સતત વપરાતી હોવાથી બીજા કોઈ ઘટક કરતાં ચરબીના દહનથી શરીરની ગરમી જળવાઈ રહે છે. આથી ગરમ કરતાં ઠંડા પ્રદેશમાં વધારે ચરબી ખાવી જરૂરી છે.

એક ગ્રામ કાર્બોહાઇડ્રેટના દહનથી ૪ ઉષ્ણાંક, પણ એટલા જ પ્રમાણની ચરબીમાંથી ૯ ઉષ્ણાંક ગરમી મળે છે. આમ ચરબી સંગ્રહિત શક્તિ આપતી હોવાથી રોજિંદા આહારમાં કાર્બોહાઇડ્રેટના પ્રમાણ જેટલી તેની જરૂર તો નથી, પણ તેનું થોડું પણ પ્રમાણ આવશ્યક તો છે જ, જેથી આંતરડાંમાં વિપાક (ફર્મેન્ટેશન)નો ઘટાડો થાય. વળી તે બહુ વધારે પ્રમાણમાં ખાવાથી બેચેની, ઊલટી, અપચો અને ઝાડા વગેરે થઈ આવે છે. આથી આહારમાં કાર્બોહાઇડ્રેટ અને ચરબી એકબીજાના સંબંધમાં યોગ્ય જથ્થા અને પ્રમાણમાં ખાવાનાં છે. જોકે આપણા લોકોના આહારમાં દરેકની ખાવાની ટેવ અને સાધનો પ્રમાણે ચરબીના પ્રમાણમાં મોટો ફેર રહે છે. ગરીબ લોકો ચરબી તદ્દન થોડી યા બિલકુલ નથી પામતા, મધ્યમવર્ગના લોકો માફકસર પ્રમાણમાં, તો સાધનસંપન્ન લોકોના આહારમાં અતિ પ્રમાણમાં હોય છે.

આહારમાં ચરબીના પ્રમાણ અંગે સર રૉબર્ટ મૅકકૅરિસન કહે છે કે 'આહારમાં ચરબીનું પ્રમાણ ૫૦ ગ્રામ (૫ તોલા)થી ઓછું ન જોઇએ. રોજના કુલ ઉષ્ણાંકનો આશરે છઠ્ઠો ભાગ ચરબીમાંથી મળવો જોઇએ.' પુખ્ત માણસો કરતાં બાળકો અને વૃદ્ધોને વધારે ચરબી જોઇએ છે.

ચરબીમાં ખાદ્યમૂલ્ય હોવા ઉપરાંત ૧) એનાથી ખોરાક સ્વાદિષ્ટ અને તૃપ્તિદાતા બને છે, ૨) ખોરાક ઓછો ચાવવો પડે છે, અને ૩) તે આંતરડાંમાં ઊંજણનું કામ કરે છે જેથી શરીરમાં એકઠાં થએલાં ઈજાકારી દ્રવ્યોમાંથી આંતરત્વચાને રક્ષણ મળે છે. વળી તે શરીર માટે ધાબળા રૂપ બની રહી શરીરની ગરમી વહી જતી રોકે છે. શરીરમાં એના સપ્રમાણ સંચયથી શરીરનો વળાંક મોહક બની લાવણ્ય પ્રાપ્ત થાય છે. ઉપરાંત તેમાંથી ચરબીદ્રાવ્ય વિટામિનો 'એ', 'ડી', 'ઇ' અને 'કે' પણ મળે છે. તે કૅલ્શ્યમના શોષણમાં સહાયકારક નીવડે છે.

ચરબીથી પિત્ત અને પૅંક્રિયાસના સ્રાવોને ઉત્તેજના મળે છે, જેથી ચરબી સહેલાઈથી પચવા સાથે ખોરાકનાં બીજાં દ્રવ્યોના પાચનમાં પણ સહાય થાય છે. વળી ચરબીથી હોજરીમાં ખોરાક લાંબો વખત ટકે છે જેથી જલદી ભૂખ લાગતી નથી. આ તો ઠીક પણ ખોરાકની કોક ચરબીમાં લિનોલિક ઍસિડ છે, જે શરીરના સપ્રમાણ વિકાસ અને કામગીરી માટે આવશ્ય છે.

ચરબીના બે પ્રકાર છે: ૧) વનસ્પતિજ અને ૨) પ્રાણિજ. કવચવાળાં ફળ અને તેલીબિયાંમાંથી પ્રાપ્ત થતી વનસ્પતિજ ચરબી 'તેલ'ના નામે ઓળખાય છે. પ્રાણીઓમાંથી મળતાં નીચેનાં ખાદ્યોમાં પ્રાણિજ ચરબી પુષ્કળ પ્રમાણમાં હોય છે: માંસ, હાડકાંનો માવો, કલેજું, ઇંડાંની સફેદી, માછલીનાં તેલો અને દૂધ. દૂધમાંથી બનતાં મલાઈ માખણ ઘી અને પનીર પ્રાણિજ ચરબીનાં ખાદ્યો છે.

જુદાજુદા પ્રકારની ચરબીના બળતણ-મૂલ્યમાં તો ખાસ તફાવત નથી, પણ ચરબીનો પ્રકાર આહારમૂલ્યની દષ્ટિએ મહત્ત્વનો છે. મલાઇ, માખણ, બદામ ને કોપરેલના તેલનાં આહાર-મૂલ્ય ઊંચાં છે.

તેલ, મલાઇ, માખણ, ઘી અને માંસની ચરબીના રૂપમાં ચરબી આપણને છુટ્ટા સ્વરૂપમાં મળે છે, તો ખાંડ ગોળ અને મધ સિવાયનાં બધાં ખાદ્યોનું તે એક અભેદ્ય કુદરતી ઘટક પણ છે. વનસ્પતિખાદ્યોમાં કવચવાળાં ફળો ને તેલીબિયાંમાં ચરબી સારા પ્રમાણમાં છે. તેમની સરખામણીમાં શૂક અને શિંબી ધાન્યોમાં તે થોડા પ્રમાણમાં છે. શૂકધાન્યોમાં બાજરી અને જવમાં બીજાં ધાન્યો કરતાં ત્રણ અને પાંચગણી વધારે ચરબી છે. શિંબીધાન્યોમાં સોયાબીન ચરબીથી સમૃદ્ધ છે, અને ચણામાં પણ તે સારા પ્રમાણમાં છે; લીલોતરી શાક અને ભાજી, કંદ અને મૂળમાં ઘણી થોડી ચરબી છે.

જાણવા જેવું છે કે ઉપર્યુક્ત ઘીતેલ, મલાઇમાખણ આદિ છુટ્ટા રૂપની ચરબી કરતાં દૂધ કે પોર્ક (ડુક્કરના માંસ)ની કુદરતી અભેદ્ય ચરબી પ્રોટીન, ખનિજક્ષારો અને વિટામિનો સાથે જોડાએલી હોઈ પોષણ-દાતા છે. પ્રાણિજ ચરબીમાં 'એ', 'ડી' અને 'ઇ' વિટામિનો છે, જે ચરબીના ચયાપચય (મેટાબૉલિઝમ)માં પણ ઉપયોગી નીવડે છે.

વનસ્પતિ (તલ અને મગફળી)નાં તાજાં તેલનું પોષણમૂલ્ય માખણ ને તાજાં ઘી કરતાં બીજા ક્રમે હોઇ તે સહેલાઈથી પચે ને શોષાય છે. પણ વનસ્પતિ તેલોના વધારેપડતા આહારથી ઊબકા, અપચો ને ઝાડા થાય છે, જેને લીધે વિટામિન 'એ' અને કૅલ્શ્યમનું શોષણ થતું અટકે છે.

કુદરતી ખાદ્યોની ચરબી અસંતૃપ્ત (અન્ સૅચ્યુરેટેડ) છે ને તેમની સાબવણી (ઇમલ્શન: તેલ-પાણી મિશ્રણ) સહેલાઇથી થાય છે. મલાઈ અને માખણ અસંતૃપ્ત ચરબી છે અને તે સાબવણીરૂપમાં છે. કવચ-વાળાં ફળોમાં સાબવણી તત્ત્વ છે, જે ખૂબ ચાવવાથી મોઢામાં જ તેમની સાબવણી થાય છે. જો બરાબર ન ચવાય અને સાબવણી ન થાય તો તે અપાચ્ય નીવડે છે. કોપરાને આ ખાસ લાગુ પડે છે.

વનસ્પતિ તેલો મુખ્યત્વે તો અસંતૃપ્ત ચરબી છે, પણ તેમાં થોડી

કે સંતૃપ્ત (સૅચ્યુરેટેડ) ચરબી છે. માંસની ચરબીમાં વધારે સંતૃપ્ત અને ઘણી થોડી અસંતૃપ્ત ચરબી છે. સંતૃપ્ત ચરબી પચવામાં લાંબો વખત લાગે છે. પણ માંસની સંતૃપ્ત ચરબી કુદરતી હોઈ વહેલી પચે છે.

અન્નમાર્ગમાં હોજરી, પૅંક્રિયાસ અને આંતરડાંના પાચક રસોની ક્રિયાઓથી ચરબી, સ્નેહામ્લો ને ગ્લિસેરૉલના રૂપમાં જુદી પડે છે, પણ આ દ્રવ્યો આંતરડાંની દીવાલોમાં જતાં સુધીમાં ફરી ચરબીમાં રૂપાંતરિત થાય છે. સાબવણીના પ્રમાણમાં ચરબી શરીરમાં શોષાય છે. આંતરડાંમાં ચરબીની સાબવણીમાં પિત્ત મોટો ભાગ ભજવે છે. પિત્તના ખામીભર્યા કે ઓછા સ્રાવથી ચરબી બરાબર પચતી નથી.

લોહી દ્વારા પેશીઓમાં જતાં સુધીમાં ચરબી બળતણ તરીકે વપરાય છે; અને બળતણમાં જો તેની તાત્કાલિક જરૂર ન હોય તો પછી શરીરના જુદાજુદા ભાગોમાં — ખાસ કરીને ચામડી નીચે સંઘરાય છે. અહીં રહીને તે શરીરને ગરમ રાખવા ધાબળા જેવું કામ ઉપાડે છે.

કાયાની અજબ કરામત છે કે ચરબીના અભાવે તે કાર્બોહાઇડ્રેટ ને પ્રોટીનમાંથી જરૂરત પ્રમાણે ચરબી બનાવી લે છે. આ માટે જોકે વિટામિન 'બી' જૂથની જરૂર રહે છે. શક્તિ આપનારા ખોરાકના ત્રણ ઘટકોમાં ચરબી વહેલી સંઘરાય છે. સંઘરાએલી ચરબી એ શક્તિનો કોઠાર બને છે. ભૂખમરા વખતે એમાંથી શક્તિ વપરાય છે. આ અને બીજાં કારણોસર શરીરની ચરબી સંઘરવાની શક્તિની જૈવિક (બાયૉલૉજિકલ) ઉપયોગિતા તો ખરી. બીજી બાજુ શ્રમવિહોણા જીવનમાં કાર્બોહાઇડ્રેટ ને ચરબીસમૃદ્ધ ખોરાક ખાવાથી જો શરીરમાં વપરાશ કરતાં વધારે ચરબી પેટ અને બીજા ભાગોમાં જમા થાય તો મેદોવૃદ્ધિની સ્થિતિ આવી પડે છે. જોકે આટલું જાણવા જેવું છે કે અમુક હિસ્સામાં કાર્બોહાઇડ્રેટ અને ચરબીનાં પ્રમાણ શરીરમાં ચરબી જમા થવાના કારણરૂપ નથી. કેટલાંક કુટુંબની વ્યક્તિઓમાં ચરબી-કોષોનો જ ખાસ વિકાસ થતો હોવાથી ચરબી જમા થાય છે, પછી ભલેને ખોરાકમાં વધારેપડતી ચરબી ના હોય; તો પણ તેઓ સ્થૂલ બને છે.

મેદોવૃદ્ધિ ઘટાડવા માટે ખોરાકમાં ચરબી ઘટાડવાથી ખાસ લાભ થતો નથી, કારણ કે કાર્બોહાઇડ્રેટમાંથી પણ શરીર ચરબી તો બનાવતું જ હોય છે; એટલે મેદ ઉતારવા માટે ચરબી સાથે કાર્બોહાઇડ્રેટ ખોરાક પણ ઘટાડવાનો છે. વળી ચરબી અને કાર્બોહાઈડ્રેટની ચયાપચયતા પરસ્પરાવલંબિત છે. ગ્લુકોઝ જો ના બળે તો ચરબી પણ સંપૂર્ણ બળતી નથી. પરિણામે વચગાળાના સ્નેહામ્લો પેદા થાય છે. આ સ્થિતિને ઍસિડોસિસ કે કેટોસિસ કહેવામાં આવે છે. આપણે અગાઉ જાણી ગયા કે 'કાર્બોહાઇડ્રેટના અગ્નિમાં ચરબી બળે છે.' મધુપ્રમેહમાં કાર્બોહાઇડ્રેટની ચયાપચયતા બગડેલી હોઈ તેનું બરાબર દહન થતું નથી, એટલે આ સ્થિતિમાં ચરબી આપતાં ઘણું ધ્યાન રાખવાનું છે.

શિયાળામાં વધારે ચરબી ખાવાનું મન થાય છે. સમશીતોષ્ણ પ્રદેશોમાં શ્રમભર્યું કામ કરનારાઓના આહારમાં ચરબી વધારે હોય છે. આહારમાં ચરબીની ઊણપને લીધે શારીરિક અને માનસિક શ્રમ વહેવામાં મુશ્કેલી થવાનું અને ક્ષયરોગનું વલણ થવાનું મૅક્કૅરિસન લખે છે. આ રોગ થવાના કારણમાં પ્રાણિજ ચરબીમાં રહેલાં વિટામિનોનો અભાવ પણ છે. માતાના આહારમાં ચરબીની ઊણપને લીધે ઓછા વજનનાં બાળકો અવતરે છે.

એ પણ જાણવાનું જરૂરી છે કે વધારે ચરબીથી વીંટળાએલા ખોરાક ઉપર પાચક રસો બરાબર કામ કરી શકતા નથી. આથી વનસ્પતિ-તેલો અને માંસની ચરબીથી તળેલા ખોરાકો પચવામાં વિલંબ થાય છે. વધારેપડતી ખવાતી ચરબી આંતરડાંમાં નહિ શોષાતાં ઝાડા વાટે બહાર નીકળી જાય છે, પણ મોટા ભાગની શરીરમાં જમા થાય છે.

ખોરાકની ચરબી અને શરીરમાંનું કોલેસ્ટેરૉલનું પ્રમાણ અરસપરસ સંકળાએલાં હોઈ એ સંબંધી પણ ખાસ જાણવું જરૂરી છે. ખોરાકમાં વધારે પ્રમાણમાં ચરબી ખાવાથી કોલેસ્ટેરૉલનું પ્રમાણ વધે છે, જે એથેરોસ્ક્લેરૉસિસ (લોહીની નળીઓની કઠણાઇ) આણનાર નીવડે છે; અને જ્યારે હૃદયની કઠણ બનેલી લોહીની નળીઓ (કૉરૉનરી આર્ટરીઝ)માં લોહીનો ગઠ્ઠો (થ્રૉમ્બસ) જામે છે ત્યારે 'કૉરૉનરી થ્રૉમ્બોસિસ'નો (આજનો ઘણો જાણીતો) પ્રાણઘાતક હુમલો થઈ આવે છે.

સંવેદનાઓનો બોજ, મર્યાદિત શારીરિક કામગીરી, ડાયાબીટિસ, શરીરમાં વજન વધવું, જરૂર કરતાં વધારે ઉષ્ણાંક આપનારા ખોરાકનું સેવન, વધારે પ્રમાણમાં ચરબી ખાવી, વધારે પ્રાણિજ પ્રોટીનનો ખોરાક અને વધારે ખાંડ ખાવાની ટેવ. આટલાં કારણોસર લોહીમાં કોલેસ્ટેરૉલનું પ્રમાણ વધે છે. લિનોલિક ઍસિડ ધરાવતાં મગફળી ને તલનાં તેલ ખાવાથી, નિકોટિનીક ઍસિડ વધારે પ્રમાણમાં લેવાથી, વનસ્પત્યાહારથી અને નિયમિત વ્યાયામથી કોલેસ્ટેરૉલ ઘટે છે.

ખોરાકમાં સ્વાદ ને તૃપ્તિ આણનાર અને થોડા પ્રમાણમાં વધુ ઉષ્ણાંક આપનાર ચરબી આપણા રોજિંદા આહારનું એક આવશ્યક ઘટક છે. એનાથી આરોગ્ય અને જિંદગી રક્ષાય છે. સર્વ ચરબીમાં તાજું માખણ શ્રેષ્ઠ છે, કેમકે એમાં 'એ', 'ડી', 'ઇ', અને 'કે' વિટામિનો છે અને સ્નેહામ્લો પણ છે. પ્રાણિજ ચરબી માખણ જેટલી જ સારી છે, પણ એમાં વિટામિનોનું પ્રમાણ ઓછું છે. વનસ્પતિ-તેલોમાં સ્નેહામ્લો છે, પણ એમાં વિટામિનો અને બીજા ખાદ્ય-પ્રાણો નથી. આ ખોટ પૂરવા તાજું માખણ અને તાજું ઘી ખાવાનાં છે. જેમને આ ખાવાં ન પરવડે તેમણે પ્રાણિજ ચરબીનાં ખાદ્યપ્રાણો મેળવવા માટે ફણગાવેલાં કઠોળ, લીલોતરી શાક તથા ભાજી અને માછલીનું તેલ લેવાં રહ્યાં. તલ અને મગફળીના ખોળમાં વિટામિનો, ખનિજદ્રવ્યો અને તેલીબિયાંનાં ખાદ્યપ્રાણો રહી જાય છે. એને જોકે આપણે ઢોરોનો આહાર માનીએ છીએ, પણ પ્રાણિજ ચરબી નહિ પામનારા લોકો જો ટેવ અને માન્યતાઓને બાજુએ રાખી તેને રોજિંદા આહારમાં સ્વીકારે તો એમાં રહેલા ખાદ્યપ્રાણોનો લાભ મળે. (હવે પછી 'ક્ષારો')

અનુસંધાન] બંદો-દસ્ત [પૃષ્ઠ ૩૮૯થી

અને શીશીમાં ભરી રાખવી. બસ એ જ થઇ ઝાડાની દવા. અરધોપોણો તોલો એ ભૂકો એટલી જ સાકરની ભૂકી (યા ખાંડ) સાથે ફાકીને પાણી પી જવું. સામાન્ય ઝાડા તો એક જ ફાકીથી કાબૂમાં આવી જાય છે. મેં જાતે એ પ્રયોગ સહેજે પચાસેક વાર કર્યો હશે.

આ વડ-ભૂકીનો પ્રયોગ પુરુષોને પુષ્ટિ માટે પણ વૈદક ગ્રંથોમાં દર્શાવેલો છે. પણ ઝાડા માટે તો બાળગોપાળવાળાં તમામ કુટુંબોમાં શીશીભર રાખી મૂકી હોય તો જાદુમંતર જેવું કામ આપશે.

બાકી, ઝાડા બંધ કરવાની આવી નાનીનાની ઘરગથ્થુ ચાવીઓ તો ઘણી છે. ફક્ત ખોરાકમાં ફેરફાર કરીને, અમુક બંધક શાકભાજી આદિ જ ખાઇને પણ એવી તકલીફ તો ભગાડી શકાય છે. માત્ર દહીંભાત ખાવાથી પણ ઝાડા બંધ થાય. ઘણાકને તો કઢી ખાવાથી પણ બંધ થઇ જાય. બાજરી પણ બંધક છે. વેંગણ-દૂધી જેવાં શાક બંધક છે. અજમો-મીઠું ફાકવાથી પણ ઝાડા બંધ થાય છે, ને અજમા-મીઠાવાળી ઘઉંની પૂરી અઠવાડિયામાં એકાદ વાર ખાતા રહેવાથી ઘણો લાભ થશે; કેમકે અજમો પાચક છે, પેટના દોષ દૂર કરે છે ને મળને પાકો કરીને જ કાઢે છે. એ જ ક્રિયા મોગરી, મૂળા ને કોબી જેવાં શાક, કાચાં વઘારીને ખાવાથી, કરી આપે છે.

સામાન્ય આહાર રૂપી ચીજો કે રોજિંદા મસાલાઓનો જ બુદ્ધિસંગત ને અનુભવસિદ્ધ ઉપયોગ કરીને નાનાંનાના વિકારોમાંથી મુક્ત થવાનું વધારે સુખદ છે, લાંબી દૃષ્ટિએ પણ વધારે લાભદાયક છે.

દેવના ઘોડા

લેખક • અંબાલાલ જે. પટેલ એમ.એ.
પુરાતત્ત્વવિભાગ • વડોદરા યુનિવર્સિટી

કોઈ ગામડાના પાદરમાં એકાદ ઝાડની નીચે પથ્થરના ઓટલા પર નાનકડી દહેરી કે પછી પાળીઓ કે છેવટે ત્રિશૂલ કે ફરસીના પ્રતીક રૂપે બિરાજતા ગ્રામદેવતાઓનાં એ સ્થાનકો કોણે દીઠાં નહિ હોય? અંબાજી, કાળકા, દુર્ગા, આશાપૂરી કે હિંગળાજ, ખોડિયાર, બહુચરા, શિકોતરી, વેરાઇ, શીતળા, મરકી, ઉન્તાઇ, ખમલાઇ, દેવલમારી જેવી કેટલી યે પુરાણ-માન્ય ને વિશેષતયા લૌકિક દેવીઓ તથા બાદર-વાદેવ, ગોવાળદેવ, ઘોડાદેવ, વાછડા દાદા, કારીઆબાવા, ચમકલાબાવા, બાથુજી જેવા તળપદા દેવો ઉપરાંત સંતો અને શૂરાપૂરાઓ-નાં સ્થાનકો હજુ યે ગ્રામસૃષ્ટિમાં જીવંત છે.

ભૂત, પ્રેત તેમજ ચુડેલના નિવારણ માટે અથવા કોગળિયું, શીતળા યા તાવ જેવા રોગો મટાડવા માટે, કે ખેતીના પાકના રક્ષણ માટે, કે આગ પૂર કે ચોર જેવી આફતોમાંથી મુક્તિ માટે અને ઘણી વાર તો વાંઝિયાપણું નિવારવા માટે માનેલી દેવની માનતાની પરિ-પૂર્તિરૂપે એના સ્થાનકસામે મુકાએલા માટીના 'ઘોડા'ના ઢગ કોણે નહિ જોયા હોય? યોગ્ય વારે કે તહેવારે સ્થાનકના ભૂવા પાસે દીવો કરાવી, સિંદૂર ને દૂધઘીથી પૂજા કરાવી, નૈવેદ્ય અને ઓઢણી ધરાવી, નાળિયેર વધેરી અર્પણ કરાતા આ ઘોડા ગ્રામસંસ્કૃતિ, ઈતિહાસ અને કલાના અભ્યાસમાં અનોખી ભાત પાડનારાં અત્યંત ઉપયોગી સાધનો છે.

આમ, ભોગ તરીકે કે કેટલીક વાર દેવોની સવારીના પ્રતીક તરીકે ધરાવવામાં આવતા માટીના આ 'ઘોડા'માં ઘોડા ઉપરાંત બીજાં પણ પ્રાણીઓનો સમાવેશ છે. તેમાં હાથી (જુઓ નીચે ચિત્ર નં. ૧) સાંઢ (ચિત્ર નં. ૨), ઊંટ (ચિત્ર નં. ૩) બળદ, ભેંસ, ગેંડો (ચિત્ર નં. ૪) અને દીપડો કે વાઘ (ચિત્ર નં. ૫) પણ જોવામાં આવે છે. ક્યાંક ક્યાંક વળી સ્ત્રી કે પુરુષના ઢીંગલાં કે પૂતળાં ધરાવવાનો રિવાજ પણ છે ખરો (ચિત્ર નં. ૬, ૭). વસ્તુતઃ આ 'ઘોડા'ઓની પસંદગીના પ્રકાર તો મહદ્ અંશે પરંપરા અને કેટલીક વાર દેવની પ્રકૃતિ તથા તેના કથાનક સાથે સંબંધ ધરાવે છે.

આ 'ઘોડાઓ' મૂકવાની પ્રથા સૌરાષ્ટ્ર અને કચ્છ કરતાં તળપદા ગુજરાતમાં સવિ-શેષ પ્રચલિત છે, અને તેમાં યે ખાસ કરીને તો પછાત કોમો અને આદિવાસીઓમાં જ વધારે મહત્ત્વ ધરાવે છે. ગુજરાતના પૂર્વ અને ઉત્તર સીમાડાના ડુંગરાળ પ્રદેશોમાં કુંભારિયા, શામળાજી, ઇડર, સોનગઢ, વ્યારા, મહુવા, સંખેડા, તિલકવાડા, નસવાડી, છોટાઉદેપુર, કવાંઠ, પંચમહાલ અને રાજપીપળાથી લઈ છેક સૂરત સુધી આ રિવાજ લોકમાન્ય છે. આ પરંપરાને અનુસરતી કોમોમાં ભીલ, ચો-ધરા, વાનકા, ઘોડિયા, દૂબળા, કાઠોડિયા, કાંકણા, વાઘરી, છીપા, માઉચી, નાયકા, વા-ળવી, વસાવા, વારલી અને તડવી મુખ્યત્વે ગણાવી શકાય. મુસ્લિમોમાં પણ પીરની દર-ગાહ પાસે ચીંથરાના બનાવેલા ઘોડા(ચિત્ર૮) મૂકવામાં આવે છે તેની અહીં નોંધ લઇએ.

આ ઘોડા ચડાવવાનો રિવાજ માત્ર ગુજ-રાતમા જ છે એમ રખે કોઇ માને. એ તો સારા યે ભારતમાં વ્યાપ્ત એવો સર્વમાન્ય આ-ચાર છે. ઉત્તર ભારતમાં શીતળા જેવા ઉપદ્રવ સમયે શીતળામાતાને ઘોડા અર્પણ કરવામાં આવે છે. બિહાર અને બંગાળામાં ગ્રામદેવ-તાને ઘોડા અને હાથી ચડાવવામાં આવે છે. મધ્ય પ્રદેશનાં ખજૂરાહો જેવાં સ્થળોએ પણ હાથી ધરાવવામાં આવે છે (ચિત્ર નં. ૯) મદ્રાસ બાજુ દ્રવિડ દેવતા 'આયનાર કરપ્પન' અને 'મુત્તઈયન'ને ઘોડા ચડાવે છે, તો મદુરા જિલ્લામાં 'ગોમથી અમ્મા'ને લાકડાના ઢીં-ગલા, પારણાં તથા શરીરના વિવિધ અવયવ સ્વરૂપ હાથ, પગ, નાક, કાન જેવા ભાગો પણ ચડાવે છે. ક્યારેક સાપ અને વીંછીની આ-કૃતિવાળાં રમકડાં મૂકે છે. રાજસ્થાનમાં પણ આવા ઘોડાઓ ધરાવવાનો રિવાજ છે. ઉદેપુર તરફ ચડાવવામાં આવતો ઘોડો ચિત્ર નં. ૧૦માં રજૂ કર્યો છે. ભારત બહાર પણ આ રિવાજ ક્યાંક ક્યાંક હતો. જાપાની ખેડૂતો ઢોર અને ખેતીના રક્ષણ માટે સ્થાનિક દેવ-તાને માટીના ઘોડા ચડાવવાની માનતા રાખતા જણ્યા છે. કેટલીક વખત માટીને બદલે લાકડાના ઘોડા પણ ચડાવે છે.

એકંદર રીતે જોતાં આ રિવાજ ઘણો જ પ્રાચીન હશે. સૌ પહેલાં તો જીવતા બળદ, પાડા અને નરનો પણ બલિ ચડાવાતો હશે. તેને બદલે પાછળથી તેનાં પ્રતીક મૂકવાની પ્રથા અમલમાં આવી લાગે છે. પુરાતન મિસર, મેસોપોટેમિયા અને પુરાણા હાનવંશી ચીન-ની કબરોમાંથી મળી આવતાં, મૃત્યુ પામ-નારની સાથે રાખવામાં આવેલાં ને મરનારને પરલોકમાં ભોગવવાની ઐહિક સમૃદ્ધિના પ્રતીક શાં માટીનાં નાનાં ઘોડા, ઊંટ, બળદ ને મનુષ્યોનાં પૂતળાં મૂળ તો જીવતા જીવને બદલે મૂકવાનો રિવાજ પાછળથી અમલમાં આવેલાનું જેમ સૂચન કરી જાય છે, તેમ અહીં પણ બન્યું લાગે છે. વાઘ-દીપડા જેવાં પ્રાણી-ઓ, અલબત્ત, ભોગ તરીકે નહિ પણ પ્રતીક તરીકે દાખલ થયાં લાગે છે.

આ સૌ પ્રકારનાં માટીનાં પૂતળાં ચડાવ-વાની પાછળ રહેલી ભાવના સમજવા માટે દરેક પશુ પ્રત્યેની મનુષ્યની ઇતિહાસકાળથી ચાલી આવતી દૃષ્ટિનો અભ્યાસ કરી લઇએ.

ઘોડો: વેદકાળમાં અશ્વનો ભારતમાં






ડાબી બાજુથી ચિત્ર ૧ હાથી (તિલકવાડા) ૨ સાંઢ (ના-સિક) ૩ ઊંટ (પંચમહાલ) ૪ ગેંડો (છેલ-પુર-સંખેડા)









ચિત્ર ૫ દીપડો કે વાઘ (ગોધરા), ચિત્ર નં. ૮ ચીંથરાનો ઘોડો (જૂનાગઢ), ૯ હાથી (ખજૂરાહો) અને ૧૦ ઘોડો (ઉદેપુર)

ભારે મહિમા હતો. અશ્વમેધ યજ્ઞની વાત તો સૌ કોઈ જાણે છે. રામાયણમાં કૌશલ્યાને પુત્રપ્રાપ્તિ માટે અશ્વનું પૂજન કરતી બતાવી છે. દશેરાને દિવસે ક્ષત્રિયો અશ્વપૂજન હજુ પણ કરે છે અને ભીલો ઘોડાદેવનું પૂજન કરે છે. ભાટિયાઓ તો તે દિવસે માટીના ઘોડા પૂજવાનો ખાસ ઉત્સવ કરે છે. ગુપ્તસમ્રાટની એક મુદ્રાઓ પર પણ અશ્વનું ચિહ્ન જોવા મળે છે. હિંદુ અને મુસ્લિમ બન્ને કોમોમાં ઉત્તર-મધ્યકાલીન યુગમાં દૈવી શક્તિવાળા અશ્વોની લોકકથાઓનો પાર નથી. રામદેવપીરનો ઘોડો અને અન્ય ચાર પીરોના ઘોડાઓનાં પૂતળાંઓની લોકપ્રિયતા સમજાય તેવી છે. જર્મની જેવા દેશમાં પણ ઘોડાનું સમ્માન છે. જેમ ભારતમાં ગાય શુભ શુકનનું પ્રાણી મનાય છે તેમ ત્યાં ઘોડાનું એ સ્થાન છે.

હાથી : ઐશ્વર્ય અને માંગલ્યના પ્રતીક સમા આ રાજવંશી પ્રાણીનું ભારતીય સંસ્કૃતિમાં તો બહુ ભારે મહત્ત્વ છે. ઈન્દ્ર અને યક્ષરાજ કુબેરના વાહન તરીકે આઠ દિગ્ગજોની પૌરાણિક માન્યતામાં, બુદ્ધ ને જિનેશ્વરની માતાને આવતાં શુભ સ્વપ્નોમાં, અને આવી અનેક વાતોમાં હાથીની મહત્તા જોઈ શકાય છે. હડપ્પા સંસ્કૃતિની મુદ્રાઓ પરનાં ચિહ્નોમાં હાથીનો પણ સમાવેશ છે. કાલ્સીની પ્રસિદ્ધ અશોક-શિલાના મુખ પર હાથીનો મોરો કંડારેલો છે, ને ત્યાં હાથીને 'ગજોત્તમ' કહ્યો છે. આવું દેવમાન્ય અને રાજમાન્ય પ્રાણી ભારતમાં લોકમાન્ય પણ હોય તેમાં આશ્ચર્ય શું?

વાઘ : વાઘ કે શાર્દૂલને પૂજવાનો રિવાજ પ્રાચીન યુગમાં હોય તેમ લાગતું નથી. મહત્તાનું સ્થાન વાઘને નહિ પણ સિંહને મળેલું છે. છતાં હડપ્પાની મુદ્રાઓમાંનું વ્યાઘ્રચિહ્ન ઋષિમુનિઓના આસન માટે વ્યાઘ્રચર્મનો ઉપયોગ ને પાછળથી પ્રચલિત બનેલા અંબિકાના વાઘેશ્વરી સ્વરૂપમાં વાઘનો વાહન તરીકેનો ઉપયોગ ઉલ્લેખનીય છે ખરો. નેપાળમાં વાઘયાત્રાનો ખાસ ઉત્સવ કરવામાં આવે છે, તો ચીનમાં વાઘને પશ્ચિમ દિશાનો અધિપતિ માને છે. ત્યાં વાઘ નુકસાન ન કરે એટલા માટે 'વાઘ-ભૂત'ની પૂજા પણ કરવાનો રિવાજ હતો. આપણે ત્યાં દક્ષિણગુજરાતમાં ગ્રામીણ લોકો વાઘદેવની પૂજા કરે છે. કોકણાઓ શમિવૃક્ષની નીચે માટીના વાઘ પૂજે છે. દેવને વાઘનાં પૂતળાં ચડાવવાનો રિવાજ તો જ્યાં સ્થાનિક જંગલોમાં વાઘની વસતિ હોય તે તરફ વિકસ્યો છે.

દીપડો : દીપડાનું પણ પૂજનમાં મહત્ત્વ નથી. માલવાના પ્રદેશમાં આદ્યઐતિહાસિક યુગનાં વાસણો પરનાં ચિતરામણના ટપકાંવાળા દીપડા હોય છે ખરા; પણ વિશેષ કરીને તો દેવને દીપડા મૂકવાનો રિવાજ પાછોતરા કાળનો લાગે છે.

ગેંડો : હડપ્પીય મુદ્રાઓ પર જોવામાં આવતો ગેંડો બળના પ્રતીક રૂપ અને એના દંતૂશળના વૈદકીય ઉપયોગ તથા ચમત્કારિક કથાનકોને કારણે વિશેષ પ્રસિદ્ધ છે. હાલમાં તો ગુજરાતનાં જંગલોમાં ગેંડો નથી. ગેંડાના સૌથી જૂના અસ્થિના અવશેષો લાંઘણજ (મહેસાણા જિલ્લા)માંથી પ્રાપ્ત થયા છે. એ પુરાણી સ્મૃતિઓના અવશેષ રૂપે દેવને ગેંડો ચડાવવામાં આવે છે.




ચિત્ર ૬ પુરુષનો ઢીંગલો


બળદ : હડપ્પીય મુદ્રાઓથી માંડી ભગવાન શંકરના વાહન તરીકે જેની ખૂબ જ પ્રતિષ્ઠા છે અને ભારતીય કૃષિ જેના પર આ યુગમાં યે પૂર્ણરીતે આધારિત છે તે બળદની મહત્તા વિષે ભાગ્યે જ કશું કહેવાની જરૂર છે. યજ્ઞના દેવને ભોગ તરીકે તેનો પ્રાચીન કાળમાં થતો ઉપયોગ પણ જાણીતો જ છે. અને તેથી જ તેનાં પૂતળાંનો દેવને ચડાવવામાં થતો ઉપયોગ પણ સમજી શકાય તેમ છે.

ભેંસ અને પાડો : ભેંસ પૂજનીય ગણાતી નથી પણ દૂધાળા ઢોર તરીકે દેવને ખાસ કિસ્સાઓમાં ભેટ માનવા પૂરતો તેનો ઉપયોગ લાગે છે. પણ પાડાની વાત જુદી છે. યમનું



ચિત્ર ૭ સ્ત્રીની પૂતળી





ઉપરડાબીબાજુથી અનુક્રમે: હડપ્પીય મુદ્રા પર ગેંડો, ત્યાંની જ બીજી એક મુદ્રાપરબળદ, ગંજીપટ્ટીનાએક પ્રાચીન શિલ્પપરયમનુંવાહન પાડો, કાલ્સીની અશોક શિલા પરનો હાથી.

નીચે: ગુપ્ત મુદ્રા પર અશ્વ, હડપ્પાની મુદ્રાઓ ઉપરના હાથી ને વાઘ.

વાહન હોવા ઉપરાંત વિશેષે તો મહિષાસુરની પુરાણપ્રસિદ્ધ કથાને કારણે દેવને અપાતા બલિદાનમાં પાડાનો તો હજુ યે ઉપયોગ થતો સાંભળીએ છીએ. તેનાં પૂતળાં જીવતા બલિને બદલે ચડાવાતાં લાગે છે.

સાંઢિયો: સાંઢિયો પવિત્ર મનાતો હોય તેમ સાંભળ્યું નથી. રાજસ્થાન અને એને અડીને આવેલા ગુજરાતમાં સાંઢિયાનો ભારવહનના સાધન તરીકે વપરાશ હોઈ પરિચયથી ઊપજતા મમતાભાવને કારણે તે પંથકના લોકો ક્યારેક દેવને સાંઢિયાનાં પૂતળાં ચડાવે છે.

હવે ગુજરાતમાં પ્રદેશવાર ને જાતિ અનુસાર આ દેવના ઘોડાનો પ્રકારક્રમ જોઈએ. ઉત્તર ગુજરાતમાં ખેડબ્રહ્મા ને પોશીના વગેરે સ્થળોમાં અને પંચમહાલમાં ઘોડાનાં પૂતળાં સર્વસામાન્ય રીતે જોવા મળે છે, તો દક્ષિણ ગુજરાતના સૂરત જિલ્લામાં પણ એક બીજા પ્રકારના ઘોડાઓ ચડાવે છે. વડોદરા જિલ્લાના તિલકવાડા તાલુકાના લોકો ભાદરવાદેવને હાથી ચડાવે છે, તો આદિવાસીઓ દૂધિયાદેવ ચમકલાદેવ અને કારીયાબાવાને વાઘનાં પૂતળાં ચડાવે છે. સંખેડા તાલુકાના વાસણા, કોસિંદ્રા, છેલપુર, સરગઈ ને દેશણ જેવાં ગામના લોકો કારિયાબાવા અને દૂધિયાદેવને ગેંડાનાં પૂતળાં ચડાવે છે. સૂરત જિલ્લામાં મઢી, વાલોડ, આંડવી અને કામરેજ તાલુકામાં પુરુષાકાર પૂતળાં ધરાવવામાં આવે છે.

દેવને ચડાવાતા અને ક્યાંક ક્યાંક ગેરુ અને ખડીથી રંગવામાં આવતા આ ઘોડાઓનું સ્વરૂપ-વિધાન સમજવા જેવું છે. એનો આકાર વાસ્તવદર્શી નહિ પણ આભાસી હોય છે. વિપર્યાસ કરેલી રેખાના સામર્થ્ય પર ઘડાએલા આ ઘોડાઓના રૂપમાંથી પ્રકટ થતી લયલીલા અર્વાચીન (મૉડર્ન) કલાના આદર્શોની ઘણી નજીક જાય છે. અહીં બતાવેલા પોશીના (ચિત્ર નં. ૧૧), વાળોદ (ચિત્ર નં. ૧૨) અને મઢી (ચિત્ર નં. ૧૩)ના ઘોડામાં અસાધારણ પ્રકારનું કલાતત્ત્વ આકાર લેતું નજરે પડે છે. દરેક પંથકના ઘોડાનાં સ્વરૂપો વિવિધ ને વિશિષ્ટ પ્રકારનાં હોય છે તેનો પણ ખયાલ અહીં મળી રહે છે. પોશીના અને ખેડબ્રહ્મા તરફની પરંપરામાં ઘોડાનાં અંગોને નમણાશભરી રેખાઓથી ખેંચવામાં આવ્યા છે; તો સૂરત બાજુની પ્રથામાં તો અંગોનો વિપર્યાસ ચરમ સીમાએ પહોંચાડી, ગરદન અને પગોનાં પ્રમાણોમાં વિરોધી રસ ઉત્પન્ન કરી, એક અદ્ભુત સર્જન કરી દીધું છે. હમણાંહમણાં આપણી ગ્રામ કલાઓના સૌંદર્યને પિછાનવાનો યત્ન આપણે કરી રહ્યા છીએ ત્યારે આ ઘોડાઓ તરફ એક વખત ધ્યાનથી જોઈ લેવાની જરૂર છે. હજી ગઈ સાલ જ સ્વિટ્ઝર્લૅંડના કુંભકળાના એક સર્વોચ્ચ નિષ્ણાત ડૉ. હૉર ઈસ વાન બર્શામ ભારતીય માટીકલાના નમૂના ખાસ વિમાનમાં જીનિવા લઈ ગએલા. ત્યાં એમણે એક પ્રદર્શન યોજેલું, તેમાં આ ઘોડો પ્રેક્ષકો ને કલામીમાંસકોની બેહદ પ્રશંસા પામેલો.

પરંપરાનાં કૌશલ અને આંતરિક સૂઝથી આ કલાસર્જનો કરનારા આપણાં ગામડાંઓના કુંભારોની આ અભિનવ કલાનું ગુજરાત ગૌરવ લઈ શકે એમ છે. એનો શહેરી ઉપયોગ કરવો હોય તો સ્વાગત મંડપો ને દીવાનખંડોને એ કલાકૃતિઓથી શોભાવી શકાય. અત્યાર સુધી તો સદ્ભાગ્યે આ પરંપરા નિર્ભેળ રીતે ચાલી આવી છે અને હવે જો આ ગ્રામકલાને 'પ્રગતિને પથે ચડાવવા' માટે દિગ્દર્શન આપવાની લાલચ પર આપણે સંયમ મૂકી શકીશું તો પ્રાચીન રાષ્ટ્રીય કલાપ્રણાલિઓની જાળવણીમાં મોંઘો ફાળો આપ્યો ગણાશે.



ચિત્ર ૧૧, ૧૨ અને ૧૩ અનુક્રમે પોશીના, વાળોદ અને મઢીના આ ઘોડા વિપર્યાસ કરેલી રેખાના સામર્થ્ય પર ઘડાએલા હોઈ 'મૉડર્ન' કળાની ઘણા નજીક જાય છે.

કલાવાર્તા

વ્યંગ ચિત્રકાર 'વિષ્ણુ'

ડૉ. વિષ્ણુ શર્મા*

પરિચય અને છબિ

રમણલાલ દવે

મદ્રાસના રાજાજી હૉલમાં આપણા પ્રસિદ્ધ વ્યંગ ચિત્રકાર શ્રી 'શંકર'—શંકરન્ પિલ્લેએ એક ઢીંગલા-પ્રદર્શન યોજેલું. એ વખતે એમની સાથેની મુલાકાતમાં મેં એક ફરિયાદ કરી હતી કે વ્યંગચિત્રકારો હમેશાં બુરખામાં જ શા માટે રહે? તેમનાં વ્યંગચિત્રોના એક ખૂણામાં એમનું નામ કે ઉપનામ આવે એથી વધુ લોકો એમના વિષે બહુ ઓછું જાણતા હોય છે. 'શંકર' એક દિલ્હીવાસી મલયાલી છે કે 'ટાઈમ્સ ઑવ ઇન્ડિયા'ના 'આર. કે. લક્ષ્મણ' મુંબાઈવાસી મદ્રાસી છે અને આર. કે. નારાયણના ભાઇ છે એવું કેટલા જાણતા હશે? મારી એ ફરિયાદ સ્વીકારી શ્રી શંકરે એ વખતે મને 'કુટ્ટી' (શંકર મેનન) વગેરેનો પરિચય આપતાં અચાનક પૂછ્યું 'તમે "વિષ્ણુ"ને ઓળખો? તેઓ તો તમારા મદ્રાસના જ છે. ઊંચી કેળવણી પામેલા ને બહુ બુદ્ધિશાળી આદમી છે એ.'

'શંકર્સ વીકલી'માં આવતાં, તામિલનાડની પૃષ્ઠભૂમિ અને બુદ્ધિના ચમકારાવાળાં 'વિષ્ણુ'-નાં વ્યંગચિત્રોથી તો હું પરિચિત હતો જ; પણ શંકરના મુખે એક કાર્ટૂનિસ્ટનો આ પરિચય—કે પ્રશસ્તિ સાંભળી મને આનંદ થયો.

ડૉકટર છે, બુદ્ધિવાદી છે, *ઊંચા મિજાજના હશે, આદિ એમના વિષેના ખયાલો ગોઠવતો હું એમને ઘેર પહોંચ્યો ત્યાં એક યુવાને મારું સ્વાગત કર્યું ત્યારે ડૉ. વિષ્ણુ શર્મા વિષેની મારી બધી કલ્પનાઓ ખોટી ઠરી: 'શંકર' સાથેની મારી વાતના ઉલ્લેખ સાથે મેં મારું આશ્ચર્ય વ્યક્ત કર્યું ત્યારે તેમણે જણાવ્યું કે 'ખુદ મારા કેટલાક મિત્રોને પણ હું વ્યંગચિત્રો દોરું છું તેની જાણ નથી. બધા મને બહુ ગંભીર માણસ માને છે. પાછું મારું વ્યવસાયી ક્ષેત્ર પણ એવું છે. સાધારણ ડૉકટરથી સહેજ જુદું: હું સ્વતંત્ર પ્રેકટિસ કરવાને બદલે ઑસ્પિટલ (મદ્રાસની સ્ટૅન્લી ઑસ્પિટલ)માં સેવા આપું છું. તબીબી સંશોધનોમાં પણ મને રસ છે.'

વધુ પરિચય પામતાં એ પણ જાણવા મળ્યું કે તેલુગુ કે ઉત્તર ભારતની જેમ તમિળ બ્રાહ્મણોમાં પણ શર્મા (સર્મા) અટક હોય છે. વાત આગળ ચાલી—

દેહરાદૂનની પબ્લિક સ્કૂલમાં ભણતા ત્યારે એમની 'નોટનાં પાનાં ચિત્રો માટે જુદાં જ રહેતાં.' પ્રસિદ્ધ ચિત્રકાર સુધીર ખસ્તગીરના એ શાગિર્દ-ગુરુને ઈચ્છા ખરી કે ચેલો વૉટર-કલર યા ઑઈલપેઇન્ટિંગ કરતો થાય તો સારું. એનાં ચિત્રોને પ્રદર્શનોમાં પણ મૂકે. ત્યાંના એક ગિબ્સન સાહેબની અસરથી 'પ્રિસિશન ડ્રૉઇંગ' (ચોક્કસાઈભરી આકૃતિઓ)નાં આલેખનમાં પણ એણે પ્રવીણતા મેળવી.





ડૉ. વિષ્ણુ શર્મા તથા એમનાં કાર્ટૂનો નીચે આવતી એમની સહી

અલ્લાહાબાદ કૉલેજમાં ઈન્ટર કર્યા પછી વૈદ્યકીય અભ્યાસ અર્થે લંડન જવાનું થયું. ત્યાં અભ્યાસના સમયમાંથી પણ થોડો વખત કાઢી યુનિવર્સિટીના સામયિક 'ગ્રાન્ટા' માટે ચીતરતા. ૧૯૪૭માં સેન્ટ જૉન કૉલેજમાં તત્ત્વજ્ઞાનનું સંશોધન કરવા આવેલા અમેરિકન પ્રો. હેન્રી ન્યૂમૅને એમનું કામ જોઈ એ સામયિકનું કલાનિદર્શન કરવા પ્રેરેલા. ચિત્રોની 'ટૅકનિકલ' બાજુનો ખયાલ એમને ત્યારે મળેલો. ૧૯૪૮-માં લંડનમાં સેન્ટ બાર્ટ ઑસ્પિટલમાં ચિકિત્સા કરતા હતા ત્યારે જાપાનના યુદ્ધકેદી થઇ આવેલા ને એકાએક કાર્ટૂનિસ્ટ તરીકે ખ્યાત થઈ ગએલા રોનાલ્ડ સર્વે, ડેવિડ લૅંગડન, કેનેથ

*તેઓ એમ. એ. (કૅન્ટાબ), એમ. ડી. (કૅન્ટાબ), બી. ચિર. એમ. આર. સી. એસ. (લંડન), એલ. આર. સી. પી. (લંડન), ડી. જી. ઓ (મદ્રાસ) છે.



હવે અમારા વિદ્યાર્થીઓને એ સમજવું છે કે તમે લોકો ઈન્જેક્શનની ટ્યૂબમાં માખી કઇ રીતે પેસાડી દો છો.



દુનિયાભરમાં આવકાર મળે એ માટે અમે અમારી નૃત્યમંડળીમાં સંસ્કૃતિ-સમન્વય સાધ્યો છે.

સહેલી પણ પ્રૌઢ પ્રવેશિકા

કાકાસાહેબ કાલેલકર



નાનપણમાં અમે રામવિજય, પાંડવપ્રતાપ, ભક્ત લીલામૃત કે એવી જ પૌરાણિક પોથીઓમાં આપેલાં રેખાચિત્રો જોઈ વાર્તાનો રસ માણતા હતા. મંદિરોમાં કે રજવાડાંઓનાં મકાનોની દીવાલો પર રંગીન ચિત્રો જોવાને મળતાં. એમાં પણ કયો પ્રસંગ વર્ણવ્યો છે એ જ જાણવાનું કુતૂહલ હતું. હાસ્ય કે ભીતિ ઉત્પન્ન કરવાની ચિત્રની શક્તિ તરફ ધ્યાન જતું ખરું, પણ ચિત્ર શું કહે છે એટલું જ અમે જાણી શકતા. કઈ ઢબે કહે છે એ જાણવાની, એટલે કે રજૂઆત કરવાની કળાની પારખ તો શું, સમજણ પણ અમારી પાસે ન હતી. મ્યૂઝિયમ એટલે કે પદાર્થ-સંગ્રહાલયોમાં સરસ સરસ વસ્તુઓ, રંગબેરંગી ફૂલો, પતંગિયાં અને પક્ષી જોવાની મઝા પડતી, પણ ચિત્રકળાને કળા તરીકે ઓળખવાની દૃષ્ટિ તે વખતે ન હતી.

એનો ઉદય થયો રવિવર્માનાં ચિત્રો જોઇને. 'વિશ્વામિત્ર-મેનકા' એ પહેલું ચિત્ર કળાના નમૂના તરીકે અમે સમજી શકયા અને માણી શકયા. ત્યાર પછી તો ઘણી પ્રગતિ કરી. કળાનાં વિવેચનો વાંચ્યાં. 'મૉડર્ન રિવ્યૂ'માં આવતાં—બંગાળની નવી શૈલીનાં—ચિત્રોમાં સુંદરતા છે અને સુંદરતા ઉપરાંત પણ કંઈક વિશેષ છે એમ સૌપ્રથમ અમે માનતા થયા, ને આગળ જતાં એ સમજવા લાગ્યા. આમ, એક બાજુ ધાર્મિક લાગણી અને બીજી બાજુ સ્વદેશાભિમાન કામ કરવા લાગ્યાં અને એમાંથી આદર્શ કળાનું ભાન જાગ્રત થયું. શુદ્ધ કળારસિકતા કેળવતાં ઘણી વાર લાગી, અને તે પણ ચિત્રકળાનો મર્મ સમજાવતી કેટલીક અંગ્રેજી ચોપડીઓ વાંચ્યા પછી જ કેળવાઈ.

તે વખતે અને તે ઉમરે શ્રી ફિરોઝશાહ રુસ્તમજી મહેતાએ દેશી ભાષામાં લખેલી 'ચિત્રરસિકા' જેવી પ્રાથમિક પણ પ્રૌઢ ચોપડી અમારા હાથમાં આવી હોત તો અમે ઘણી સહેલાઇથી ઘણી પ્રગતિ કરી શકયા હોત, અને અમને અમારી લાગણીઓ તેમજ ભાવો વ્યક્ત કરવા માટે અનુરૂપ અને પર્યાપ્ત ભાષા તેમજ પરિભાષા પણ મળી હોત.

અમારી એ પ્રાથમિક ભૂખના કાળને આજે લગભગ પચાસ વરસ થયાં; અને દુ:ખ સાથે કહેવું પડે છે કે મારા સંસ્કારરસિક મિત્ર શ્રી ફિરોઝશાહ રુસ્તમજી મહેતાની 'ચિત્રરસિકા'* ને તોલે આવે એવી એક પણ માર્ગદર્શક ચોપડી તૈયાર થઈ નથી; થઇ હોય તો મારા જોવામાં તે આવી નથી.

જેમ તત્ત્વજ્ઞાનમાં અને દર્શનના ક્ષેત્રમાં અનેક પંથો પડેલા છે તેમ જ ચિત્રકળામાં પણ અનેક પંથો અને ફિરકાઓ પડેલા છે, જેને અંગ્રેજી ઢબે 'શાળાઓ' (સ્કૂલ) કહેવામાં આવે છે, અથવા જૂની ઢબે 'કલમ' કહે છે. એ અજંતા કલમ, રજપૂત કલમ, મુઘલ કલમ, કાંગરા કલમ, નાથદ્વારાપીછી, બંગાળની પીછી વગેરે નામો આજે આપણને પરિચિત થયાં છે; અને કળાનું ક્ષેત્ર જ એવું છે કે જુદાજુદા પંથોનો પરિચય થતાંની સાથે માણસના મનમાં કોઈ વિશેષ પંથનું અભિમાન પણ જાગે છે. સંગીતમાં અને નૃત્યમાં પણ એમ જ. અને એક વાર પક્ષાભિમાન જાગે એટલે માણસ વાદાવાદમાં જ ઊતરે છે.

ખરું જોતાં આ અનેક પંથોને સમાન એવાં સૌંદર્યનાં, કળાનાં અને ઔચિત્યનાં હજારો તત્ત્વો હોય છે, જેનું રહસ્ય સમજ્યા પછી જ માણસના વિવેચનોમાં ઊંડાણ અને પ્રૌઢી આવી શકે છે. એ સામાન્ય તત્ત્વો આપણને આ 'ચિત્રરસિકા'માં મળે છે, અને એ જ એની ઉપયોગિતા તેમજ મહત્તા છે.

આજકાલ એક નવી ચિત્રકળાનો અવતાર થયો છે અથવા બેઠો છે. પણ એને તો કોઇ સર્વસામાન્ય સિદ્ધાંત કે તંત્ર સાથે જ હાડવેર છે. એની વાત અત્યારે આપણે છોડી દઇએ, પણ અત્યાર સુધી જુદાજુદા કાળમાં સંસ્કૃતિ પરત્વે જે જુદીજુદી ચિત્રકળાઓ ખીલી તેનું રહસ્ય સમજવાની દૃષ્ટિ ઉઘાડવાનું કામ આ 'ચિત્રરસિકા' ઉત્તમ રીતે કરે છે.

આજે જો કોઈ મારી પાસે ચિત્રકળાના ભિન્નભિન્ન પંથોનું રહસ્ય સમજવા આવે તો એને હું કહીશ કે પહેલાં ભાઇ ફિરોઝશાહની 'ચિત્રરસિકા' વાંચો, પછી મારી પાસે આવો. ત્યાર પછી જ આપણી વચ્ચે વિચાર વિનિમય સહેલો થશે. હું નથી માનતો કે આટલાં વખાણ બીજી કોઈ પણ માર્ગદર્શિકાનાં આટલા વિશ્વાસપૂર્વક કરી શકાય.

ગ્રંથમાં ઠેકઠેકાણે સાદાં અને રંગીન, સ્વદેશી અને પરદેશી અનેક ચિત્રો આપવામાં આવ્યાં છે જેથી ચોપડીની ઉપયોગિતા ઘણી વધી છે. ખરું જોતાં આવાં ચિત્રો વગર 'ચિત્રરસિકા' સંભવી જ ન શકત.

૮૩ વરસની ઉમરે ગુજરાતી આલમને આવી ચોપડી આપવાનું ફિરોઝભાઇને સૂઝયું એ ખરેખર એમના ઊંડા માનવપ્રેમનો જ પુરાવો છે. 'ચિત્રરસિકા' એમની નવી પેઢી માટે સુંદર આશીર્વાદ છે; અને નવી ઢબે કહીએ તો વૃદ્ધ ફિરોઝભાઈ એમના પૌત્ર સમી નવી પેઢીપાસેથી આશીર્વાદ મેળવવાના અધિકારી થયા છે. કહે છે, પૌત્રોના આશીર્વાદથી દાદાઓની આવરદા વધે છે.

*પહેલી આવૃત્તિ ખલાસ થઈ ગઈ છે. ઉત્સુકોએ બીજી આવૃત્તિ માટે કર્તાને, ૧૪ પારસી કૉલોની, સદર, કરાચી ૩ એ સરનામે લખવું.

બર્ડ ('પંચ'ના 'ફુગાસ'), 'વિકી' વગેરેનો પરિચય થયો. એમાંથી પણ ઘણું શીખવાનું મળ્યું. ત્યાં કૅમ્બ્રિજની આર્ટ્સ સ્કૂલના સાંજના વર્ગોમાં યે જતા; ઉપરાંત, લૅંગ્ડનની સલાહથી બૅકનહામ આર્ટ્સ સ્કૂલમાં પણ જોડાયા. અહીં મળતા અનેક યુવાન ચિત્રકારોના આનંદમય સંપર્કથી ને લંડનની આર્ટ ગૅલેરીઓની મુલાકાતોથી એમની સાધનામાં ઘણી પૂર્તિ થઈ. લંડનનાં કેટલાંક સામયિકો પણ એમની કૃતિઓ સ્વીકારતાં.

આમ, લંડનમાં અભ્યાસ પ્રૅક્ટિસ અને શૉખને સાચવીને તેઓ સ્વદેશ આવ્યા. વ્યવસાયની ચિંતા હતી જ નહિ. પણ કોઇ તંત્રીને એમનાં ચિત્રો ગમતાં નહિ. કેટલાકે એમને શૈલી બદલવાની સલાહ પણ આપી. પરંતુ એમને પોતાની આગવી કલમ છોડવાની ઇચ્છા નહોતી. ધીરેધીરે એમની કૃતિઓને આવકાર મળવા માંડ્યો. એમણે કહ્યું, 'વ્યાસંગ–હૉબી તરીકે મને આ કામ બહુ ગમે છે. ચિત્રો દોરીને ટપાલમાં નાખતાં મને આનંદ થાય છે.' પૈસા? 'ખિસ્સા-ખર્ચ મળે છે.' એક વખત તો આવા ખિસ્સાખર્ચના પૈસાએ એમને સંશોધનમાં બહુ મદદ કરેલી.

મેં પૂછયું, 'કાર્ટૂન કેવી રીતે કરો છો?'



અમે જોયું કે આ ધરતીમાં કૂમળા રોપ નથી ઊછરતા;
તેથી આ વનમહોત્સવ વખતે અમે આ……



કયાંક કશીક ભૂલ થઈ લાગે છે. મન અહીં અણુનિયંત્રણ માટે નહિ
પણ સતતિનિયમન માટે મોકલવામાં આવ્યો છે.

'કોઈ વિચાર આવતાં મનમાં સંઘરાઈ જાય. પછી કોઈ ઘટના, સમાચાર કે કંઈ વસ્તુ નજરે ચડતાં એની સાથે એ જોડાઇ જાય ને એમાંથી કાર્ટૂન નીપજી આવે. કયારેક કાર્ટૂન દોરાઈ જાય ને પછી એમાં બેસી જાય એવી ઘટના પણ બને.' આગળ ચાલતાં એમણે ઉમેર્યું, 'મારી પોતાની માન્યતા છે કે વ્યંગચિત્રો દ્વેષ-રહિત ગમ્મત જ માત્ર' રહેવાં જોઇએ. સૂક્ષ્મ વિચારગઠનવાળાં પણ તદ્દન સ્પષ્ટ(obvious) હોવાં ન ઘટે.' કદાચ આ ખયાલને કારણે જ એમનાં કેટલાંક વ્યંગચિત્રો ઝટ સમજાતાં નથી. એનો એમણે પણ સ્વીકાર કર્યો : 'હું એ જાણું છું. પણ માત્ર સામાન્ય જન માટે જ હું ચીતરતો નથી. અને એમને યે જ્યારે સમજાય છે ત્યારે આનંદ તો આવે છે ને?'

પણ આ કાર્ટૂનિસ્ટ 'વિષ્ણુ' સાથે ડૉ. વિષ્ણુએ પચ્ચીસ જેટલા સંશોધનલેખો (રીસર્ચ પેપર્સ) પણ લખ્યા છે, એ જાણ્યું ત્યારે ઘણું આશ્ચર્ય થયું! પરદેશમાં એ પ્રસિદ્ધ થયા છે. તેઓ તો વળી તબીબી તસવીરકાર પણ છે. ૧૯૪૯માં રૉયલ સોસાએટી ઑવ આર્ટે કરેલી એમની ચૂંટણી અનુસાર 'એસોસીએશન ઑવ મેડિકલ આર્ટિસ્ટસ ઑવ ગ્રેટબ્રિટન'ની ઑક્સફર્ડ પરિષદમાં એમણે ભાગ પણ લીધો હતો. બ્રિટિશ સર્જિકલ પાઠ્ય પુસ્તકોમાં એમનાં ચિત્રોને તથા અમેરિકન ને બ્રિટિશ તબીબી સામયિકોમાં એમણે લીધેલી તસવીરોને પણ સ્થાન મળ્યું છે. ભારતમાં વસતા બ્રિટિશ વિજ્ઞાની પ્રો. હાલ્ડેન તો એમનાં ઠઠ્ઠાચિત્રોને મઢીને પોતાની પ્રયોગશાળામાં રાખે છે. લૉર્ડ માઉન્ટબૅટન અને ડૉ. રાધાકૃષ્ણન્ પણ એમના પ્રશંસક છે.

પણ એમનાં આ બધાં ચિત્રોને, કર્ણાટકી સંગીત અને નૃત્યમાં રસ લેતાં એમનાં પત્નીની નજર તળેથી પસાર થવું પડે છે. કુટુંબમાં બે બાળકો પણ છે. 'વિષ્ણુ' માને છે કે 'વ્યંગચિત્રકાર બનવું એ જીવનને પૂરું માણવા બરાબર છે. એના અનુભવો જિંદગીનું ભાથું વધારે છે.'

Cartoons by courtsey of 'Shanker's Weekly'



જાન્યુઆરી અંકમાં જેમનો પરિચય આવી ગયો તે અમેરિકન કલાકાર નૉર્મન રૉકવેલ



કલાચાર્ય શ્રી નંદલાલ બસુએ નિર્મેલું મહાત્માજીનું કલાસ્વરૂપ. વિભૂતિઓનાં કલા-નિરૂપણમાં તેનાં કદ તથા રૂપને ભાવાભિભૂત કરવામાં આવે છે.



હકીકતમાં અમારે ત્યાં સોની કારીગર તો એક જ છે; આ બીજા માણસો તો એનાં ફોર્મ ભરવા ને હિસાબો રાખવા રોકયા છે.

લેખકો વગેરેને : 'કુમાર' માટે કાવ્યો, લેખો, ચિત્રો, વગેરે મોકલનારાઓને વિનતિ છે કે સાથે જવાબી પોસ્ટેજ અગર અસ્વીકૃત વસ્તુ પાછી મેળવવા માટે જરૂરી પોસ્ટેજ ચોડેલું, પોતાના પૂરા નામ-સરનામાવાળું કવર નહિ મોકલ્યું હોય તો ઉત્તર કે વસ્તુ પાછી મોકલવાનું શકય નથી. કેટલાક તો પોસ્ટેજ મોકલ્યા વિના પાછળથી તેની પૃચ્છા માટે ઉપરાઉપર પત્રો લખીને ઘણું પોસ્ટેજ બગાડે છે. તેમને આગોતરું પોસ્ટેજ મોકલવાનું શાથી નહિ સૂઝતું હોય?

સાહિત્યસંપર્ક

શબ્દકથા: વંટોળિયો · બવંડર

અત્યારે વર્ષાની ઠંડક ને તાજગી માણતાં માણતાં વૈશાખી વંટોળિયાની વાત નિરાંતે કરી શકાશું. વંટોળિયાના સ્વરૂપમાં જેમ ધૂળની ડમરી ને કચરાની ઘૂમરી મધ્યસ્થાને છે, તેમ તેનો શબ્દદેહ પણ ગૂંચવાએલો છે. નજર નાખતાંની સાથે તેનું મૂળ પકડાય તેવું નથી. તેના મૂળમાં છે 'વર્તુલ'=ગોળાકર, ચક્રાકાર. પછી 'વંતુલ', 'વંતોલ' ને આપણો 'વંટોળ', 'વંટોળિયો'.

પહેલાં તો તે સ્વતંત્ર નહિ, પણ 'વા'નું વિશેષણ હતો. 'વાવંટોળ' એટલે ચકરાતો ઘુમરાતો પવન. સંસ્કૃતમાં 'ચક્રવાત' છે જ; ને. પછીથી છૂટો 'વંટોળ' અને 'વંટોળિયો' વપરાવા લાગ્યા.

હિન્દીમાં તેને 'બવંડર' કહે છે. 'બવંડર'નો રણકો જ 'વંટોળિયા'ના જોસ ને ઠંબરનો ભાસ કરાવે છે. 'બવંડર' એ બીજું કશું નહિ, પણ 'વાતમંડલ' જ છે. એ રીતે 'વાતવર્તુલ' (=વાવંટોલ), 'ચક્રવાત' ને 'વાતમંડલ' (=બવંડર) ત્રણે સમાનાર્થ છે.

સંસ્કૃતનો બીજો શબ્દ 'ઝંઝા' (ઝંઝાવાત) સાંભળતા જ પ્રકૃતિને 'ઝાંઝ' ચડયાનો આપણને અનુભવ થાય છે!

હરિવલ્લભ ભાયાણી

'પરિચય' પુસ્તિકાપ્રવૃત્તિ

જ્ઞાન અને જીવનના બહોળા ક્ષેત્રને આવરી લઇ એનાં વિવિધ પાસાંઓ વિષે સાદી ને સુરેખ છતાં બને ત્યાં સુધી સર્વગ્રાહી સમજ આપવાના હેતુથી ઈ. ૧૯૫૮થી આરંભાએલી આ પ્રવૃત્તિનો વધુ પરિચય હવે વાચકોને આપવો પડે તેમ નથી. સામાન્ય જનને પણ રુચિકર નીવડે એવી નિરલંકૃત ભાષાશૈલીમાં નિષ્ણાત લેખકો પાસે લખાવતી, નાના પ્રકારના વિષયો પરની અને છૂટક માત્ર ૦-૫૦ ન.પૈ. (વાર્ષિક ૨૪ પુસ્તિકાના રૂપિયા દસ) જેટલી નજીવી કિંમતે મળતી આ પુસ્તિકાઓ હવે ખૂબ લોકપ્રિય બની છે એ ઉચિત જ છે. એની છેલ્લી કેટલીક પુસ્તિકાઓમાં નિરૂપેલા વિષયવૈવિધ્ય પરથી પણ એના વિશાળ ફલક તથા ઉપયોગિતાનો ખયાલ આવશે.

સાજા રહેવાના સાદા નિયમો: નાની નાની વાતો કે અડચણો આવતાં જ પથારીમાં પોઢી જનારા નાજુકબદન લોકોના તંદુરસ્તી માટેના અનેકવિધ પ્રશ્નોને આવરી લેતી પુસ્તિકા–લેખક ડૉ. કાંતિલાલ ભણસાળી. **ગાંધીજી શું કહી ગયા?** તેમના જીવન અને કવનના અભ્યાસી શ્રી મગનભાઈ દેસાઇ જેવાએ તૈયાર કરેલો ગાંધીજીના વિચારોનો પ્રેરક સંગ્રહ. **ક્રિકેટ રમવાની કળા:** જાણીતા ક્રિકેટપટુ શ્રી માધવ મંત્રીના અનુભવો પરથી ક્રિકેટનાં વિવિધ પાસાંઓનો ખયાલ આપતી પુસ્તિકા. **ઘરની સજાવટ:** ગૃહરચનાના વિવિધ પ્રશ્નોને છણતી તથા ગૃહિણીની સુરુચિ અને એના વ્યક્તિત્વને ઘડતી પુસ્તિકા—લેખિકા સૌદામિની મહેતા. **કૉમનવેલ્થ શું છે?** બ્રિટિશ સામ્રાજ્યના વિલીનીકરણમાંથી પ્રકટેલા નવા રાષ્ટ્રકુટુંબના સ્વરૂપ વિષે સુરેખ ને વિસ્તૃત માહિતી આપતી અભ્યસનીય પુસ્તિકા, લેખક: નગીનદાસ સંઘવી. **ઘરમાં બાલમંદિર:** બાળકના આગવા વ્યક્તિત્વના વિકાસનો માર્ગ ચીંધતી શ્રી મૂળશંકર મો. ભટ્ટ સમા એ ક્ષેત્રના પીઢ અનુભવીએ લખેલી પુસ્તિકા. **કરવેરા શા માટે?** દેશના અર્થતંત્રની સમૃદ્ધિ માટેના એક અનિવાર્ય અંગ કરવેરાની અગત્ય સમજાવતી દેશના નાણાંપ્રધાન (હવે ભૂતપૂર્વ) શ્રી મોરારજી દેસાઇએ આપેલી સમજણ. **સંયુક્ત રાષ્ટ્રસંસ્થા:** દુનિયામાંથી વિખવાદ ટાળી સંપીલું સહઅસ્તિત્વ રચવાના કોડથી સ્થપાએલી આ જાણીતી આંતરરાષ્ટ્રીય સંસ્થાનો શ્રી એ. જી. નૂરાણીએ આપેલો માહિતીપ્રદ પરિચય. **માનસશાસ્ત્રની બાળપોથી:** તબીબી ક્ષેત્રે પણ આજે જેનું મહત્ત્વ સ્વીકારાઈ ગયું છે એ માનસશાસ્ત્ર વિષે ટૂંકમાં પણ સાચી ને સારી સમજ આપતી પુસ્તિકા, લેખક: શ્રી ચુનીભાઈ શાહ. **કાશ્મીરનું કોકડું:** ભારત–પાક સંબંધોને તંગ રાખતા કાશ્મીરના પ્રશ્ન વિષે સાચી માહિતી અને એની આંતરરાષ્ટ્રીય મહત્તા સમજાવતી શ્રી ડી. આર. માંકેકરની પુસ્તિકા. **શિસ્તની સમસ્યા:** જીવનમાં શિસ્તનું મહત્ત્વ સમજાવતી સરળ પણ મનનીય પુસ્તિકા–લેખક સ્વ. શ્રી પ્રહલાદ પારેખ. **પક્ષો શા માટે?** પક્ષીય રાજકારણની અગત્ય તથા તેના ગુણ-દોષોની છણાવટ–લેખિકા: ઉષા મહેતા. **ચીનનું આક્રમણ:** સમગ્ર ભારતને ભયજનક પરિસ્થિતિમાં ઉતારી દેનારા આ બનાવના સંદર્ભના અનેકવિધ પ્રશ્નોની સરળ ને સ્પષ્ટ સમજણ, લેખક–રવિશંકર વિ. મહેતા. **હવે સોનું દેશ માટે:** યુગોથી લોકમાનસને આકર્ષતી રહેતી આ પીળી ધાતુનું ઉત્પાદન, એની આયાતનિકાસ, એની જરૂરત, એનું આંતરરાષ્ટ્રીય મૂલ્ય ને મહત્ત્વ સમજાવતી પુસ્તિકા, લેખક: વાડીલાલ ડગલી. **કાચની કથા:** જન્મકાળથી માંડીને આજની અનેકવિધ રચના સુધીનો કાચનો સરળ ઈતિહાસ, લેખક: જયવદન તકતાવાલા. **અંગ્રેજોનો દેશ:** અન્ય રાષ્ટ્રોની સરખામણીમાં ટચૂકડા છતાં આંતરરાષ્ટ્રીય બાબતોમાં અનેક ક્ષેત્રે અગત્યનું સ્થાન ધરાવતા ઈંગ્લંડની પ્રજાના રોજરોજના જીવન વિષે માહિતી આપતી ઉપયોગી પુસ્તિકા–લેખક: સ્ટિફન હ્યુ-જોન્સ, સંપાદક વાડીલાલ ડગલી. **હિન્દી સાહિત્યમાં ડોકિયું:** હિન્દી સાહિત્યનો ઇતિહાસ અને પરિચય આપતી એક સુંદર ઉપયોગી પુસ્તિકા, લેખક: જગદીશચંદ્ર જૈન. **મૅકમૅહન રેખા શું છે?** ભારત-ચીન સીમાપ્રશ્નના મૂળ સમી એ સીમારેખાની સમજ આપતી સરળ પુસ્તિકા, લેખક: એ. જી. નૂરાણી. **ગુજરાતી સાહિત્યમાં ડોકિયું:** આરંભથી તે એના અર્વાચીન વિકાસ સુધીના ટૂંકો પણ માહિતીપ્રદ પરિચય આપતી શ્રી ચુનીલાલ મડિયાની આસ્વાદ્ય પુસ્તિકા. **હવા:** જીવન માટેના એ અનિવાર્ય તત્ત્વ વિષેની ટૂંકી પણ વૈજ્ઞાનિક માહિતીઓથી પૂર્ણ એવી અને વિજ્ઞાનને સરળભાષામાં સમજાવવામાં કાબિલ શ્રી વિજય ગુપ્ત મૌર્યની લખેલી ઉપયોગી પુસ્તિકા. **કુટુંબની કથા:** માનવજાતિમાં કુટુંબનો ઉદ્ભવ, એનો ક્રમિક વિકાસ, એના પ્રકારો અને એના લાભાલાભ વગેરે સૌ પાસાઓનો પરિચય આપતી પુસ્તિકા—લેખિકા: નીરા દેસાઈ. **ડાયાબીટીસ:** આજે સારી પેઠે પ્રસરી ગએલા એ રોગ મધુમેહનાં કારણો, એનું નિદાન, એના ઉપચારો વગેરેની માહિતી આપતી ઉપયોગી પુસ્તિકા–લેખક: ડૉ. નટુભાઈ જે. શાહ. **તામિલ સાહિત્યમાં ડોકિયું:** ઊગમથી માંડી અત્યાર સુધીના તામિલ સાહિત્યની ઝાંખી કરાવતી પરિચય પુસ્તિકા–લેખક: કા.ના.સુબ્રહ્મણ્યમ. **આપણી જેલો:** પ્રજાકીય રસના ક્ષેત્રથી સારી પેઠે અપરિચિત રહેલા આપણા સમાજ-જીવનના આ એક અંગનો સર્વાંગી પણ ટૂંકો પરિચય આપતી પુસ્તિકા–લેખિકા: કમલા માંકેકર. **જાપાન આવ્યું છે:** જૂના વખતના કિમોનો, લાકડાનાં ઘરો, ઝેન ધર્મના અનુયાયીઓ ને રિક્ષામાં ફરતા લોકોના દેશની કાયાપલટ થઇને આધુનિક ઔદ્યોગિક ચમત્કારના નમૂનારૂપ બનેલા આજના પ્રખર પુરુષાર્થી રાષ્ટ્ર જા-

માનનો પરિચય, લેખક: દિનકર મહાત્મે. **ચરબી કેમ ઘટાડશો?** મેદોવૃદ્ધિ, તેનાં કારણો અને તેને માટેના ખરા ઉપાયો વિષેની માહિતીપ્રદ ઉપયોગી પુસ્તિકા–લેખક: મહેરવાન ભમગરા. **જગતનાં ઉત્તમ પુસ્તકોનો** પરિચય અને એની અગત્ય સમજાવતી પુસ્તિકા–લેખક: જ્ઞાનેશ્વર નાડકર્ણી.

સર્વ પુસ્તિકાઓના પ્રકાશક: 'પરિચય ટ્રસ્ટ, બૉમ્બે મ્યુચ્યુઅલ ચેમ્બર્સ, ચોથે માળ, ૧૯/૨૧, હમામ સ્ટ્રીટ મુંબઈ-૧

'પ્રતિકાર' પુસ્તિકાઓ

ઉપર્યુક્ત 'પરિચય ટ્રસ્ટે' ભારત પરના ચીની આક્રમણને લક્ષમાં રાખીને એ પ્રશ્ન વિષે વિસ્તૃત અને સાચી હકીકતો આપવાના ઉદ્દેશથી 'પ્રતિકાર' પુસ્તિકાઓ નામે એક નવી પ્રકાશન-શ્રેણી શરૂ કરી છે. એ યોજનાનુસાર ચાર પુસ્તિકાઓ આજ સુધી પ્રકટ થઈ છે:

આ છે ચીન (લેખક: રામુ પંડિત) ચીનના રાજકીય પલટાનો ઈતિહાસ, સામ્યવાદી સરમુખત્યારશાહીની સ્થાપના, એનો વહીવટ, એની સત્તા, ત્યાંની પ્રજા વગેરેનો સંક્ષિપ્ત છતાં વિગતસભર પરિચય આપતી પુસ્તિકા. **નેફા** (લેખક: હેમ બરુઆ) આપણને તો લગભગ અપરિચિત એવા ભારતની ઈશાન સરહદના આ મુલકનો, ત્યાંની પ્રજા રીતરસમો અને ભારતના રાજકારણમાં તેમજ એની સંરક્ષણ યોજનાઓમાં એના સ્થાનના મહત્ત્વનો પરિચય કરાવતી સચિત્ર પુસ્તિકા. **ચીની સામ્યવાદ** (લેખક: નગીનદાસ સંઘવી) તેનો ઉદ્ભવ તથા વિકાસ અને તેનાં આગવાં અંગો તથા નીતિ-રીતિ, તેને મળેલી સફળતા ને નિષ્ફળતાની માહિતી આપતી પુસ્તિકા. **આક્રમણખોર ચીન** (લેખક: એ. જી. નૂરાણી) ચીની સામ્યવાદની વિસ્તારભૂખ અને એની આક્રમક નીતિનો તથા એની સિદ્ધિ માટે ચીને અજમાવેલા સારાનરસા માર્ગોનો પરિચય.

દરેકની કિંમત ૫૦ ન.પૈ. પ્રાપ્તિસ્થાન: ધ સ્ટૅન્ડર્ડ પીપલ લિમિ. (વેચાણવિભાગ), જન્મભૂમિ ભવન, ઘોઘા સ્ટ્રીટ, મુંબઈ–૧.

આરોગ્ય-ગ્રંથમાળા

રોજિંદા ધમાલિયા જીવનમાં જ્યારે આરોગ્ય વિષેનું સામાન્ય જ્ઞાન મેળવવા માટે પણ આપણી પાસે પૂરતો વખત નથી એવા આ કાળમાં છૂટકછૂટક વિષયો લઈ એને વિષે સરળ અને પૂરતી માહિતી આપતી વાર્ષિક બાર પુસ્તિકાઓની આ ઉપયોગી ગ્રંથમાળાનાં (વાર્ષિક લવાજમ રૂા. ૭–૫૦ ન.પૈ.) કેટલીક પુસ્તિકાઓનો પરિચય અમે અગાઉ આપી ગયા છીએ. ડૉ હરકિશનદાસ ડી. ગાંધી જેવા વર્ષોના અનુભવીની લેખિનીની છેલ્લી કેટલીક પુસ્તિકાઓ:

માતૃપદ અને બાળઉછેર એ આજના વિભક્ત કુટુંબપ્રથાના કાળમાં ઘણી વિચારણા ને માર્ગદર્શન માગી લેતો પ્રશ્ન છે. માતૃપદના વિવિધ તબક્કામાંથી પસાર થતી બિનઅનુભવી, ઓછા અનુભવવાળી કે ખોટા ખયાલો ધરાવતી બહેનો માટે આ એક ઉપયોગી પ્રકાશન છે. (છૂટક કિંમત ૧–૦૦). **ગૅસ–વાયુમાં કુદરતી ઉપચાર:** ખાનપાનની સમતુલા ન જાળવી શકાવાથી આજે અતિ વ્યાપક બનેલા આ વ્યાધિથી પીડાતા લોકોને ઉપયોગી માર્ગદર્શન આપતી પુસ્તિકા. **કમળો અને લીવરનાં દર્દો** સમજાવતું પ્રકાશન, **વધતી ઉમરે આરોગ્ય** જાળવવા વિષેની પ્રેરક સલાહ-સૂચનોથી સભર માહિતીપ્રદ પુસ્તિકા અને **સ્વાસ્થ્યવર્ધક શાકભાજીઓની** સાચી ઓળખ તેમજ એના ઉપયોગની સમતુલાનું જ્ઞાન આપવા સાથે તેનું ઔષધીય મૂલ્ય સમજાવતી પુસ્તિકા, એમ આ ત્રણે પ્રકાશનો (દરેકની કિં. ૧–૦૦)ની પણ આરોગ્યની ખેવનાવાળા લોકોએ જોવા જેવાં છે. કૃત્રિમ સાધનોના વપરાશ વિના સાચું સૌંદર્ય અને સાથોસાથ શરીરની બાહ્ય તંદુરસ્તી હાંસલ કરવા માટે ઉપયોગી સૂચનો આપતી સચિત્ર પુસ્તિકા **સૌંદર્યપ્રાપ્તિનાં સાધનો** (કિં. ૧–૦૦) એ પણ આજની સ્ત્રીઓ માટે એક અભ્યસનીય પુસ્તિકા છે. **૧૦૦ વરસ જીવવાની કળા** સાધવી એ કંઈ બહુ મુશ્કેલ બાબત નથી. આ પુસ્તિકામાં એને માટેના માર્ગદર્શક નિયમો ને સૂચનો આપવામાં આવ્યાં છે. (કિં. ૧–૦૦). **જ્ઞાનતંતુઓનાં દર્દો** (કિં. ૦–૬૦ ન.પૈ.) આજના યુગની આ એક બીજી નવી બીમારીને વિષેની સાચી સમજણ અને એનાથી બચવાના નિયમો દર્શાવતી ઉપયોગી પુસ્તિકા. **સૂર્યનમસ્કાર ને પ્રાણાયામ** એ આરોગ્ય મેળવવા માટેના બે અગત્યના પ્રયોગો છે. દવામાં જ શ્રદ્ધા રાખનારાએ આ પ્રયોગોના મહત્ત્વનો ખયાલ મેળવવા સારુ આ પુસ્તિકા જોઈ જવા જેવી છે. (કિં. ૦–૭૫ ન.પૈ.) **હોજરીનાં દર્દો અને ઍપેન્ડિસાઇટિસ:** આજના જીવનમાં ઘર કરી ગએલા આ રોગનાં કારણો ને એના નિવારણ નિરૂપતી પુસ્તિકા. **સંધિવા, લકવો, કમરનું દર્દ**, એનાં લક્ષણો અને નિદાન તથા વૈદકીય તેમજ કુદરતી ને ઘરગથ્થુ ઇલાજો વિષેનું માર્ગદર્શક પ્રકાશન. **મૂત્રપિંડનાં દર્દો:** વરમ, પથરી, સોજો, રક્તસ્રાવ, સ્થાનાંતર ને ક્ષય આદિ રોગાવસ્થાઓનો ભોગ બની શકતા શરીરના આ એક અતિઉપયોગી અંગનો સચિત્ર પરિચય અને તેની તંદુરસ્તીની જાળવણી માટે ઉપયોગી સૂચનો આપતી પુસ્તિકા (કિં. ૧–૨૦). **બહેનોની બીમારી અને આરોગ્યનો** પ્રશ્ન પણ આજના જીવનમાં અગત્યનું સ્થાન ધરાવે છે. એમની કેટલીક વિશિષ્ટ માંદગીની ખરી પહેચાન ને તેના ઉપાયોની સાચી સમજણ આપતી આ પુસ્તિકા ઉપયોગી છે. (કિં. ૦–૮૦ ન.પૈ). પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન: ભાયાણી બુક ડીપો, ૧૫૦ પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઇ–૨.

Animals: એક નવું સચિત્ર સામયિક

વિખ્યાત 'નૉલેજ' સાપ્તાહિકના પ્રકાશકો તરફથી **'ઍનિમલ્સ'** નામે એક એવું જ સુંદર સાપ્તાહિક પણ પ્રકટ થાય છે. જેમાં પળાતાં પ્રાણીઓ વિષેની સઘળી જ માહિતીઓ આપવા ઉપરાંત, દેશવિદેશનાં પ્રાણીઓ (પક્ષી મત્સ્યો ને જંતુઓ પણ ખરાં)નો પરિચય તથા એમની ખાસિયતો વગેરેની સાથે અન્ય જે જે વિષયો સાથે આ પ્રાણીજગત સંકળાએલું હોય એવી વિવિધ બાબતો વિષે પણ આ પત્ર સરળસુંદર લેખો આપે છે. સમગ્ર વિષયને વધુ સચોટ અને રમ્ય બનાવવા એમાં પાને પાને મબલખ રંગીન ચિત્રો પણ અપાતાં હોઈ 'ઍનિમલ'નું આકર્ષણ ને ઉપયોગિતા અનેકગણાં વધી જાય છે. આપણાથી લગભગ અજાણ એવી આ પ્રાણી-સૃષ્ટિનો પરિચય પામવાનું જેને જેને પોષાઈ શકે એ સૌએ વસાવવાની અને ઈતર દરેક ઈચ્છુકોએ ગમે ત્યાંથી મેળવીને પણ એ નિયમિત જોતા રહેવાની સલામણ અયોગ્ય નથી જ.

રંગીન ફોટોગ્રાફોની મોટી રકમની હરીફાઈ

હમણાં એ સામયિકે રંગીન ફોટોચિત્રો માટે એક ઈનામી હરીફાઈ પણ યોજી છે. જેમાં પહેલું ઇનામ ૫૦ પૌંડનું અને બીજાં આકર્ષક ઈનામો છે. પરદેશના હરીફો માટે એની છેલ્લી તારીખ ૨૮ મી ઑક્ટોબર '૬૩ છે. આપણે ત્યાંની પ્રાણીસૃષ્ટિનો પરદેશમાં વધુ સારો પરિચય આપવાની આ એક તક છે.

રંગગઠરિયાં (૩૩)માં

ચન્દ્રવદન મહેતા જુએ છે....ફરી પાછું પારી

અને ત્યાં મળે છે મૉરિસ શેવાલીએને



મૉરિસ શેવાલીએ

અરે ભાઈ, એક જણે અમને પોતાની નોંધપોથી બતાવી. એમાં એણે કેવળ પારી(સ)ના નહિ, પણ દુનિયાભરના વિક્રમોનો હિસાબ ટપકાવી રાખ્યો હતો. સાબુના ફીણમાંથી પરપોટા ઉડાવવાનો વિક્રમ એક જણાએ ૩ ફીટ પહોળું ભૂંગળું લઈને એક મોટો ૬ ફીટ ઊંચો પરપોટો ઉડાડયો હતો! પારી(સ)માં એક જણ ૧૧ ફીટ અને ૭ ઈંચ દાઢી વધારીને વિક્રમ નોંધાવી ગયો હતો, ત્યારે એક હિંદીવાન ૭૬ ઈંચ લાંબી મૂછ બતાવી પહેલો આવ્યો હતો. ૧૩૩ દિવસની ચાલુ વાતચીત, ૧૭ દિવસનું સતત પિયાનોવાદન અને લાગટ ૩૫ કલાક સુધી જોડીમાં નાચવાનો વિક્રમ નોંધાવનારા પારી(સ)માં પડયા છે. એક કિસ્સામાં બે રશિયનોએ ૩૫ કલાક સુધી સામસામા તમાચા જ માર્યા કર્યા. આ જ રીતે એક દિવસમાં ૩૬૭ સફરજન ખાવાનો અને એક જણાએ એકીવખતે દસ હજાર ઇંડાંનો એક જ પૂડો બનાવ્યાનો પણ રેકોર્ડ નોંધેલો એણે વંચાવ્યો!

અરે! હજી તમારી ધીરજ ટકી છે? તો વાંચો: વગર અટકયે ૧૨૧ માઈલ પાછલે પગે ચાલવાનો, ૧૩ કલાક અને ૧૦ મિનિટ લાગલાગટ પિંગપૅાગ રમવાનો, એક મોટરમાં ૮૩ જણાને ખીચોખીચ ભરવાનો, એવા જાતજાતના વિક્રમો નોંધાએલા છે. ૩૬૭ સફરજન ખાનારાએ સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધીમાં પૂરાં કરેલાં. ૧૩૩ દિવસ ચાલુ વાતચીત કરનારાઓએ પણ એમ જ,—રાતે ઊંઘેલા એટલું, જ પણ એકના એક માણસ સાથે સો ઉપરાંત દિવસ લગાતાર વાત કરવાની આવે તો આપણે તો ગાંડા જ થઈ જઇએ. ત્રણ વર્ષ પહેલાં જ પરણેલાં એક ધણી-ધણીઆણીને હું ઓળખું છું. એ બંને એક આખો રવિવાર પણ એકલાં કાઢી નથી શકતાં. અને એમાં જો બે રજા સાથે આવી, તો રામ જ રમી જાય! ભાઈ જાય એક સિનેમામાં અને બાઇ જાય બીજામાં. હું એને કહું કે સિનેમામાં સાથે જાઓ તો કયાં વાત થવાની હતી? તો કહે કે એમાં યે આધી આધી બેઠકોમાં પણ નહિ,—રખે કંઈ કહેવાનું યાદ આવી જાય; એટલે જુદાંજુદાં થાણાંમાં જ સારાં! રેકોર્ડ કરવા માટે આ તો જૂની નોંધ; આજે તો એમાંની થોડી જૂની પણ થઈ ગઈ હશે અને નવી નોંધાઈ હશે.

અહીંની એક વાત તો અજીબ હતી. એક વખત આપણે અહીં ચિત્રકાર પિકાસોને મળ્યા હતા—'સફર ગઠરિયાં'માં. કહે છે, ત્યાર બાદ એના નવા ઘરમાં ચોર પ્રવેશ્યો. પિકાસોએ અરાંપરાં અજવાળામાં એને જોયો. પેલો કંઈક લઈને નાઠો. પોલીસે પિકાસોને પછી ચોર વિષે હજાર સવાલ પૂછ્યા હશે. એના જવાબમાં પિકાસોએ એ ચોરનું ચિત્ર—રેખાચિત્ર દોરી આપ્યું. પોલીસે એની નકલો ઠેરઠેર મોકલી આપી. પરિણામે, પોલીસે એક મઠમાં રહેનારી સાધુડી, પારી(સ)નો ઊંચો મિનારો ઇફલ ટાવર, એક કપડાં ધોવાનો સંચો અને એક રમતગમતના પ્રધાનસાહેબને પકડી થાણામાં પૂર્યાં! ગજબની ગપ છે ને? આટલો ઊંચો ઈફલ ટાવર પોલીસ ચોકીમાં લવાય જ શી રીતે? આ તો પિકાસોની ઇમ્પ્રેશનિસ્ટ ચિત્રકળાની ઠેકડી છે!

એક મોટા પોલીસ અમલદારે મને કહ્યું કે અહીં અમે એક એવો ગુનેગાર પકડયો હતો કે જે ફ્રાન્કની બનાવટી નોટો બનાવે, પણ એની પાસે કોઇ મશિન નહિ. એવો જ કાગળ લાવે, શાહીઓ લાવે, કલમો લાવે અને આઠદસ દિવસે એક નોટ બનાવે. રાતદિવસ એ જે મહેનત કરે એટલો વખત એ બીજી કોઇ પણ મહેનત કરે તો નોટ કરતાં વધારે કમાય. પણ એની આ જ ખાસિયત! અને એ નોટ વડે બજારમાં ખરીદી કરે. ઠીક ચાલ્યું. પણ આખરે પકડાયો અને સજા થઈ.

ટૂંકમાં, ટચાક, ટુચકો, ટહુકો, ઠઠ્ઠો, મર્મ. કંઈ બોલ્યા તો એમાંના કાનામાત્ર ફેરવી કે હરફના હેરફેર કરી, અર્થને પલટાવી તરત તમને હાજર જવાબ મળ્યો જ છે. હસ્યા જ છે પણ એ ટકોર-ટહુકા પાછળ મનમાં કયાં ય પણ ડાઘમેલ નહિ એવી ભોમ ઉપર અમે ઊતર્યા.

એ જ ફિરાસિયા ધરતી. આ પારી(સ)માં આપણે 'સફર ગઠરિયાં'માં ઘણું ફર્યાં છીએ, એટલે આ વખત લુવ્ર કે ઓપેરા કે કોમેડી ફ્રાન્સ્વા કે શાંશ આલી યા આર્ચ દ ત્રીયૅામ્ફનાં ગુણગાન નહિ ગાઈએ. અલબત્ત એકાદ બે થીએટરો તો જોઇશું જ, એમાંના રંગભંડાર પણ નિહાળીશું, અને પછી અસ્પાનિયાની ધરતી ઉપર પગ માંડીશું.

આપણે શરૂઆતમાં રોમમાં ઍાકને મળ્યા હતા તે યાદ હશે—કલાઉનોનો રાજા. એણે પેલી મન મનાવવાની કળાની વાત કરી હતી તે યાદ છે? પારી(સ)માં ચાલેલા એક ખૂનીના ખટલાની. તેર ખૂનનો કરનાર ફાંસીને લાકડે ચડયો, અને ત્યાર બાદ એ ઍાકને જમવામાં મળ્યો! શું એનું નામ? લાન્દ્રુ. એવીએવી અનેક ઘટનાઓની આ ભૂમિ. મોજશોખમાં મોખરે, નવતર સાહિત્ય સરજવામાં એક્કો, જાતજાતના ઇતિહાસ ઘડવામાં આગળ અને રાજકારણ કે સમાજપ્રકરણમાં ભલે ભલભલું કરે, પરંતુ નાટક, ચિત્રકળા, મકાનબાંધણી અને ભાષાને નવાનવા મરોડ આપવામાં નવા ચીલા ચીંધવામાં, નવી છાપ બેસાડવામાં ફ્રાન્સનો ફાળો નાનોસૂનો નથી.

પારી(સ)માં મારા ઓળખીતા ઘણા. એમાં એક જૂની ઓળખાણ તાજી કરવા શહેરના એક પરામાં સાંજે જવા વિચાર કરું છું, ત્યાં જ લુવ્ર મ્યૂઝિયમની પડખેના રસ્તા ઉપર નદીકાંઠે ટહેલતાં અમારા એ સાહેબ મળી ગયા. બહુ વર્ષો પહેલાં એને ફિલ્મમાં જોએલા. અને એ જેવીતેવી ફિલ્મ નહિ; બેત્રણ વાર જોવી પડેલી એવી એ ફિલ્મ: 'લવ પરેડ.' એમાં એ નાયક અને ગાયક; અને તાજેતરમાં મુંબાઈમાં જે છેલ્લી ફિલ્મ જોઈ, 'ફૅની', એમાં જૈફ શરીરે જુવાનોને શરમાવે એવી હૃદયની ઉદારતા બતાવવાનો એ પાઠ કરનાર; ફ્રાન્સ અને ઇંગ્લંડ બંનેના પ્રેક્ષકગણોનાં હૃદય જીતનાર એ મૉરિસ શેવાલિયે. એ જ અધુકડી ચાલ, એ જ મીઠું-મર્માળું, હૂંફાળું હાસ્ય. દશેક વર્ષ ઉપર મળેલા; છતાં મને જોતાં તરત એને પારી(સ)માંનો રામકૃષ્ણ આશ્રમ યાદ આવી ગયો અને ત્યાં અમે જે અગમનિગમની અઢળક વાતો કરેલી,



મૉરિસ શેવાલિયે અને તેની માતા

તેનું એકાદ બે વાકયમાં સૂચન કરી કચકચાવીને એ બાઝી પડચો.

'અહીં શું કરો છો, તમે?' એના સુકિયાણા ફ્રિરાંસિયા અંગ્રેજીમાં એણે શરૂ કર્યું, અને મેં ઇન્ડિયાના અગ્લાસિયામાં કહ્યું 'અહીંથી કોઇ મેટ્રોનું સ્ટેશન પકડી આપને ત્યાં જ મળવા આવવાનો રસ્તો શોધું છું.'

'સરસ—ત્રેબ્યાં; પણ મારે અહીંથી એકાદ ચિત્ર ખરીદવું છે, એ લઇને આપણે જઈએ. આજે મારા નોકરની વર્ષગાંઠ છે; અને એ નવરો બેઠો ચિત્રો દેરે છે, એટલે એક સારું ચિત્ર એને આપીએ. તમે એને તમારે હાથે જ આપશો તો એ ઘણો ખુશ થશે. હવે એ મેટ્રોનો નકશો મૂકી દો ગજવામાં, હમણાં તો આપણી પાસે ગાડી છે, ચાલો.'

રસ્તે, મેં એને રોમમાં ગ્રૉક–ઍડ્રિયન વેટાચ, કિંગ ઑફ ફ્લાઉન્સ – મળ્યાની વાત કરી; એની સાથે મુક્કાબાજી કર્યાનું યાદ દેવડાવ્યું–મેં નહિ, એણે. તો તરત એણે સુધાર્યું: 'ના, કરેલી નહિ, માત્ર નક્કી થએલું; પણ મેં હાર કબૂલ કરી લીધી હતી. કારણ ગ્રૉક મારા કરતાં વધારે કુશળ અને જાણકાર મુક્કાબાજ, એટલે શરતના પૈસા મેં તરત જ ચૂકવી આપ્યા, અને પછી અમે બહુ સારા દોસ્ત થઈને ખીલ્યા. ખીલ્યા એટલે કે, અમે એક જ નિશાળમાં એકડો ઘૂંટતા હતા—મુક્કાબાજીનો નહિ, અભિનયનો, તખ્તો ખેલવાનો, પ્રેક્ષકોના હાથની નહિ, હૈયાની નાડી ધમકાવવાનો. તમે એને મળ્યા એ જાણી મને ઘણો આનંદ થયો. બહુ અચ્છો માણસ.'

'અને મંસ્યુ, એ કઈ નિશાળ?'

'હું તમને આજે યા કાલે એ નિશાળમાં જરૂર લઇ જઈશ. અહીં તેમજ દુનિયાભરમાં એ 'ફૉલી બેર્ઝેર'ને નામે પ્રખ્યાત છે.

જુઓ, મંસ્યુ મહેતા! તમે એમ ફ...ફ ફૉલી કહીને જીભને તરડાવો નહિ. તમે શું કહેવા માગો છો તે હું જાણું છું. એનું નામ દેતાં કેકનાં નાકનાં ટેરવાં ઊંચાં ચડી જાય છે અને નસકોરાંમાંથી ગરમ હવા ફૂફરવા માંડે છે; અને જેઓ પોતાની એક આંખે ચશ્મો પહેરે છે તેનો એ મૉનૉકલ, એક કાચ, ગાલ અને ભવાંની પકડમાંથી છટકી નીચે લટકી પણ પડે છે! એ લટકી પડે તો ભલે લટકે, એ જ પહેરીને પછી તેઓ એ થીએટરમાં જોવા જાય છે. એ થીએટર છે, મ્યૂસિક હૉલ છે, ઈન્સ્ટીટ્યુશન છે, નિશાળ છે, તાલીમ મેળવવાની ચક્કી છે. આપણો એ ગ્રૉક, ફ્રાન્સની પ્રખ્યાત નવલકથા-લેખિકા કોલેત, આના પાવલોવા, મિસ્સીન્ગ્વે, ચાર્લી ચૅપલિન—અરે ગણ્યાં ગણાય નહિ એટલાં ને એવાં એ બધાં જ ખ્યાતનામ નટનટીઓ અહીં નાચ્યાં-કૂદ્યાં છે, યા પોતાની કારકિર્દીની શરૂઆત એ સંસ્થામાંથી કરી છે. મઝા તો એ છે કે એ નાકનસકોરાં વલ્લાંફલ્લાં કરનારાઓ સૌકોઈ અહીં શો જોવા આવે છે;–ને એક વાર જોયા પછી ફરીફરી વાર આવે છે.'

'હું તો એમ કહેવા જતો હતો કે ત્યાં કોઈ અશ્લીલ તત્ત્વ...'

'ચાલો હવે, રહેવા દો. આપણે અહીંથી ચિત્ર લઈ, ઘર તરફ જતાં વાતો કરીશું. નાનના નનન – વાતો નહિ; હું તમને ત્યાં લઈ જ જઈશ. તખ્તા ઉપર મને જોવા પણ નહિ આવો?

'જરૂર, હજી તમે એમાં કામ કરો છો?'

'શરૂઆત જ્યાંથી કરી, ત્યાં જ પૂર્ણાહુતિ પણ કરવી જોઇએને?'

આ મૉરિસ શેવાલિયેએ જાતજાતના ધંધા કર્યા હતા; પણ એના ગળાની માદકતાએ અને હૃદયને સ્પર્શ કરનારા કંઠે અચાનક જ રંગભૂમિ ઉપર નસીબ અજમાવવાની તક એને અપાવી. ગીત, એમાંનો ભાવ, એને અનુરૂપ અભિનય, અને અજબ પ્રકારની પોતીકી હલકથી એણે હજારો પ્રેક્ષકોનાં દિલ જીત્યાં હતાં. એક ગવૈયા તરીકે નજીવી કમાણી કરી, તખ્તા ઉપરથી પરદા ઉપર આવી, 'લવ પરેડ'ની ફિલ્મમાં જગમશહૂર બની, આ અદાકારે પોતાના એક માત્ર મીઠા હાસ્યથી અને મધુરા અવાજથી ભારેની નામના મેળવી લીધી હતી. ફૉલી બેર્ઝેરની નાટકશાળામાંથી એણે શરૂઆત કરી હતી, એ હકીકત હતી.

ના, એ નાટકશાળા નહિ, પણ ગીત-નાચ-ઠઠ્ઠાઠોળીનો અડ્ડો. અસલ પારસી નાટકમંડળીવાળાઓ જેને 'ચવચવનો મુરબ્બો' કહેતા એવા કાર્યક્રમો રજૂ કરવાનો તખ્તો અહીં એકાદ ગીત, ટુચકો, મુજરો, કિસ્સો, મૂક અભિનય, સંઘનૃત્ય, કયાંક વચ્ચે કંઈક ટોળ, કયાંક રંગલાની રમઝટ,–ભવાઈના ભાવ જેવો પણ ભવાઈ જોવાના ભાવે ન મળે એવો કાર્યક્રમ યોજાતો રહે. આ ફૉલી બેર્ઝેરમાં સારા માણસોથી જવાય જ નહિ, એવો મારા મનમાં પણ ખયાલ ઘણાઓએ ઘુસાડચો હતો. એ ભ્રમ મૉરિસે ભાંગ્યો. 'ઓપેરા દ પારી' ક્લાસિકલ ગૌરવવન્તી નાટકશાળા, શાસ્ત્રીય પદ્ધતિનાં બાલે-નૃત્યો અને ઓપેરા ભજવવાની જગ્યા; કોમેદી ફ્રાંન્સ્વા નાટકશાળા મોલિયેરનાં અને એવાં પ્રહસનો રજૂ કરવાની જગ્યા; આંત્વા એથેની, શાંશ આલી, સારા બર્નાડ નાટકશાળાઓમાં વિધવિધ પ્રકારનાં નાટકો રજૂ કરવાની જગ્યા, તો કાઝિનો દ પારી, ફૉલી બેર્ઝેર કે અલહંબ્રા મ્યૂસિક હૉલ વિવિધ પ્રકારનાં સંગીત-નૃત્ય અને નાટ્ય-પ્રસંગોના ગૂંથાએલા કાર્યક્રમો રજૂ કરવાની જગ્યા. અલહંબ્રા તો હવે મૉરિસ શેવાલિયેના નામે પંકાય છે, કારણ ત્યાં પણ એણે શરૂઆતની કારકિર્દી ઝળકાવેલી અને એ સ્થાનની કીર્તિ પણ વિસ્તારેલી. આપણે ત્યાં કૈંક મશહૂર નટનટીઓ થઈ ગયાં છે–અમૃતકેશવ, બાલીવાળા, ખટાઉ, બાપુલાલ, ભાધુરી, પેંઢારકર, કિર્લોસ્કર—કૈંક; તોપણ ઈંગ્લૅંડમાં ગૅરિક કે ફ્રાન્સમાં સારા બર્નાડ જેવી, નટનટીઓનાં નામ પ્રકીર્તિત કરનારી નાટકશાળાઓની જેમ આપણે કોઈ નાટકશાળાને એવું ગૌરવ નથી આપ્યું.

નાનાંમોટાં રેસ્ટોરાંથી માંડી વિવિધ પ્રકારની ક્લબોમાં નાનીનાની રંગભૂમિઓ છે. એ પોતપોતાની રીતે લોકોનાં મનોરંજન કરે છે. એમાંની બધી જ ચોખ્ખી, કલાત્મક, ઉચ્ચ રસવૃત્તિને પોષક છે એમ કહેવાનો અમારો આશય નથી. છે; ગામ ત્યાં ઢેડવાડો કયાં નથી? લંડનમાં નિશાચરોની મંડળીઓ નથી? બર્લિનમાં નથી? રોમમાં નથી? કયાં નથી? મુંબાઈ–કલકત્તા–દિલ્હીમાં રાતના જીવ બહેલાવવા જનારાઓ માટે, જીવ બહેલાવવા જવાના બહાના હેઠળ કેવળ

કામોત્તેજક અને બીભત્સ રસને પોષક ખાણીપીણી સહેલ કરવાના અડ્ડાઓ નથી શું? તો પારી(સ) એમાંથી બકાત શી રીતે હોઈ શકે? આપણે એવા અડ્ડાઓ તરફ અહીં નજર દોરવતા નથી. ફૉલી બર્ઝેરના મ્યૂસિક હૉલ માટે જે સૂગ ઊભી કરવામાં આવી છે, એ બરાબર છે કે બિનપાયાદાર છે એની ચકાસણી આપણે કરવી છે.

આગળ જોઈ ગયા તે પ્રમાણે યુરોપની મોટા ભાગની નાટકશાળાઓનાં કથા-દફતર હોય છે. ઇંગ્લંડ-ફ્રાન્સમાં તો ખરાં જ. કૉમેદી ફ્રાન્સ્વામાં આજે મોલિયેરનો અમુક નાટક ૨૯૩૦ની વાર થયો એની પાકી માહિતી આપણને મળી શકે છે. 'ફૉલી'નાં એવાં દફતર તપાસો તો કેટલી વાર એડવર્ડ સાતમા, લીઓપોલ્ડ બીજા, સ્વીડનના ગુસ્ટાવ પાંચમા,—એવા યુરોપભરના રાજાઓ, રાજકુમારો ને રાણીઓથી માંડી જનરલ આઇઝનહોવર સુધીની નામાંકિત રાજદ્વારી વ્યક્તિઓએ એક કરતાં વધારે વાર ત્યાં હાજરી આપી તે જણાશે. ભારતમાંથી પ્રધાનોએ પણ ત્યાં નજર દોડાવી છે. આપણા ગવર્નરસાહેબો, લોકસભાના સભ્યસાહેબો, તેમજ પરદેશમાં કામ કરતા ભારતના એમ્બૅસૅડરસાહેબોમાંથી જેઓ એ બાજુ ગયા છે તેમાંથી ઘણાઓએ ફૉલી બર્ઝેરના જલસા જોવા બેઠક લીધી છે. મિસિસ ઍન્થની ઇડને પરદા પાછળ તખ્તા ઉપર બેસી જોવાની મુરાદ પાર પાડી છે. ઘણી નામાંકિત યા રાજકારણમાં સંડોવાએલી વ્યક્તિઓ માટે એ થીએટરમાં ટિકિટો રીઝર્વ થાય ત્યારે છૂપી પોલીસનો રસાલો પણ એમની જિંદગીની દેખભાળ કરવા આગળથી ત્યાં ગોઠવાઈ જાય છે. ભલભલી વાતો એ કથા-દફતરમાં નોંધાએલી છે. ચારે ખંડના ખૂણેખૂણેથી—કોરિયા, મલાયા, તિબેટ, જાવા, વેસ્ટ ઇન્ડીઝ, માડાગાસ્કર અને ભારત જેવા દેશદેશાવરથી, મહિનાઓ પહેલાં ટિકિટ રીઝર્વ કરાવવાના કાગળો ત્યાં પહોંચી જાય છે. જૂઠું બોલી ત્યાં જનારા છે, છૂપાછૂપના જનારા પણ છે; પણ જાય છે ખરા. એક દિવસ એક જણે બે વ્યક્તિઓને એક બૉક્સમાં સાથે એકલી બેઠેલી જોતાં ચાલુ ખેલે એ એવો તો ઉશ્કેરાઈ ગયો કે સીધો એ બૉક્સમાં પહોંચી ગાળોનો વરસાદ વરસાવવા મંડચો. પુરુષને એ ન ઓળખે, સ્ત્રીને એ બરાબર ઓળખે; કારણ એ એની પરણેતર હતી! પેલા અજાણ્યા પુરુષ ભાયડાએ બહાદુરીપૂર્વક પોતાના પગ બૉક્સની બહાર લટકાવી હિંમતભેર ભુસ્કો માર્યો. પડચો નીચેની ઓર્કેસ્ટ્રાનાં વાજિંત્રો ઉપર! ઢોલ પડઘમ ધમધમી ઊઠચાં; આખા પ્રેક્ષકમંડળમાં કોલાહલ અને હાહાકાર થઇ રહ્યો. પેલા બહાદુર નીચે થઈ પાછળને દરવાજેથી માર ગબરડી તે નાઠા. થોડી વારે હસવાનો ખડખડાટ શમ્યો અને જલસો ચાલુ થયો; અને થોડા મહિના બાદ એ જ પુરુષે કોકને પરણીને પોતાની એ પરણેતર સાથે ફૉલી જોવા આવવા, એ જ બૉક્સ રીઝર્વ કરાવ્યો.

સાધુઓ, મઠાધિકારીઓ, દુનિયાથી બળ્યાઝળ્યા દુઃખિયારાઓ, માલેતુજારો, મુફલિસો, પ્રવાસીઓ, દફતરદારો અને ફ્રાન્સ–સ્પેન–ઈટાલી–ઇંગ્લંડના અફસરોએ વારંવાર ત્યાં હાજરી આપી છે. એ તખ્તા ઉપર પોતાની કારકિર્દી શરૂ કરનાર ચાર્લી ચૅપલિન આસાનીથી એ જ તખ્તો જોવા હવે પધારે છે એવા પણ અનેક દાખલાઓ નોંધાયે જાય છે. પણ ખરો હાજરી આપનાર તો સામાન્ય કોટિનો માણસ; મનમાં કશા રંજ વિના, છુપાવવાની શરમ વિના, હૃદય ઉપર કશા ભાર વિના પ્રામાણિકપણે કશી પણ મનમાં કપરી ગ્રન્થિ વિના ટટાર ડોકીએ પૈસા ખરચી વખતસર પોતાના કુટુંબકબીલાને લઈ આવ્યે જાય છે, જીવડો બહેલાવી આનંદ મેળવે છે.

ફરીને કહીએ છીએ કે ફ્લાઉનોનો રાજા ગ્રૉક, હાસ્યસમ્રાટ ચૅપલિન અને મર્માળા હાસ્યના નટ આપણા આ મૉરિસ, ત્રણે ફૉલી બર્ઝેરમાં ડંકો વગાડી ગયા હતા. ૧૯૧૦માં હજી તો એને પૂરાં વીસ વર્ષ નહોતાં થયાં ત્યારે ચૅપલિન ફ્રેડ કાર્નો સાથે પારી(સ)માં આ થીએટરમાં 'ફૂટબૉલ મૅચ'નો અબડિયો-ધબડિયો કિસ્સો કરવા આવ્યો હતો. પોતાથી અનેકગણો મોટો ઘાઘરિયા ઘેરવાળો ડગલો પહેરી એ ગોલ સાચવવાનું કામ જાતજાતનાં ગોટીમડાં ખાઈને કરે, અને પારી(સ)ની પ્રજા એને જોઇ પેટ પકડીને હસે. અહીં વળી એને મૅક્સ લિન્ડરનો અને લિટલ ટિચનો ભેટો થઈ ગયો. લિન્ડર એના જમાનાનો ફ્રાન્સનો મશહૂર મશ્કરો નટ. મેં તો ક્યાંથી જોયો હોય? પણ શેવાલિયેના કહેવા પ્રમાણે એ હવામાં એવી તો ઉલટગબરડી અને જમીન ઉપર ભોંય લસરકા સાથે ભોંય ભુસ્કી ખાતો કે ભલભલાનાં કલેજાં હાથમાંથી સરકી જતાં. અવયવોની એની ત્રિભંગી જોઇને ત્રણે લોકમાં વિસ્તરીને નટરાજ સમાધિમાં બેઠા હોય તોયે એ પોતાની શાંતિમાંથી ચમકી, એના પોતામાં દાખલ થતી ઇરખાને અળગી ન કરી શકે. ચૅપલિને આ બેને જોઇજોઇ પોતાની અદા મઠારેલી, પોતાની લાકડી અને હૅટ આ જ થીએટરમાં અપનાવેલાં.

યેટ ગિલ્બર્ટ, ક્લિયો દ મેરોદ, સર્પનૃત્ય નાચવાનો પહેલો અખતરો કરનારી અમેરિકન સ્ટાર લૂઈ ફુલર, અંગ્રેજ નટી જેની ગોલ્ડર, ફર્નાન્ડેલ, ઓ... ગણ્યાં ગણાય નહિ એટલાં, પછીથી પ્રખ્યાત થએલાં નટનટીઓએ ફૉલી બર્ઝેરની રંગભૂમિ દીપાવી છે. (ચાલુ)

એક રસમય કોયડો

અમેરિકન સામયિક 'લાઈફ'માં થોડા સમય પહેલાં આવેલા આ કોયડાએ તેના જગવિશાળ વાચક-સમૂહમાં મોટો રસ જગાડચો હતો. 'કુમાર'ના વાચકોને યે રસ પડશે એમ ધારી તે આ નીચે આપ્યો છે. તેનો ખુલાસો તો પૃ. ૩૯૩ ઉપર છાપ્યો છે, છતાં વાચકોને આગ્રહ છે કે, પહેલાં તેઓ જાતે તે ઉકેલવા મથે. —સિદ્ધાર્થ ન. ત્રિવેદી

પ્રશ્ન

૧) એક જ હારમાં જુદાજુદા રંગનાં પાંચ ઘર છે. દરેક ઘરમાં એક એક માલિક રહે છે. તે દરેકે જુદાંજુદાં પ્રાણીઓ પાળેલાં છે. દરેક માલિકનાં પીણાં અને રમત-શૉખ ભિન્ન છે.
૨) અરુણ લાલ રંગમાં રહે છે.
૩) સુરેશે કૂતરો પાળેલો છે.
૪) લીલા ઘરમાં રહેનાર કૉફી પીએ છે.
૫) યોગેન્દ્ર ચા પીએ છે.
૬) લીલું ઘર સફેદ ઘરની જોડે જ ને જમણી બાજુ છે.
૭) જેને ફૂટબૉલ રમવાનો શૉખ છે તેણે બકરી પાળેલી છે.
૮) પીળા ઘરમાં રહેનાર ક્રિકેટ રમે છે.
૯) બરાબર મધ્યમાં આવેલા ઘરમાં રહેનાર દૂધ પીએ છે.
૧૦) નટવર પહેલા ઘરમાં રહે છે (ડાબી બાજુએ); ને
૧૧) ટેનિસ રમનારો, બિલાડી પાળનારની જોડેના ઘરમાં.
૧૨) ક્રિકેટર ઘોડાવાળાની બાજુના ઘરમાં રહે છે.
૧૩) હૉકી રમનાર નારંગીનો રસ પીએ છે.
૧૪) જયંત વૉલીબૉલ રમે છે.
૧૫) નટવર ભૂરા ઘરની જોડેના ઘરમાં રહે છે.
—તો પાણી પીનાર કોણ? અને ગાયનો માલિક કોણ?

નટવરલાલ માલવી સૂચવે છે

બંદો-દસ્ત

બાઈ બાવીશ-પચ્ચીશની હશે. નામ રાખીએ સુધા.

સુધાને બએક મહિના પર પહેલી સુવાવડ આવ્યા પછી તે ખૂબ નંખાઇ ગઈ હતી. ઝાડા પુષ્કળ થતા હતા.

એક દિવસ સામેવાળાં સૂરજકાકી પાસે સુધા બેસવા ગઈ એટલે કાકીએ પૂછ્યું: 'કેમ સુધા, આટલી બધી ઢીલી દેખાય છે?'

'શું કરું કાકીમા? રોજ ઘણા ઝાડા થાય છે. દાક્તરની દવા ઘણા દહાડાથી કરું છું પણ કશી જ અસર થતી નથી.'

વાત પચીસેક વરસ પૂર્વેની છે, જે વેળા સોયકોચણી (ઈન્જેક્શન)-નું માહાત્મ્ય આટલું જામ્યું નહોતું. મોટે ભાગે મુખ-દવા જ લેવાતી.

'તે હજુ તારે કરવી હોય તેટલા દહાડા દવા કર્યા કર. થાકે ત્યારે મારી પાસે આવજે. એટલે હું બેત્રણ દિવસમાં મટાડી દઈશ.'

'હાય હાય કાકીમા, એવું શું બોલો છો તમે ય તે? આજે જ બતાવોને. દવા હું છોડી દઉં.'

'ના, એમ નહિ. આજે તો તેં દવા લીધી જ હશે ને?'

'ના, ના, ભૈસાબ. મારે તો આજે જ જોઇએ, બહુ કંટાળી ગઈ છું.'

'જો ત્યારે, તારા ઘરમાં દહીં છે?'

'છે તો ખરું, પણ પરમ દહાડે મોરવેલું તેવું છે.'

'તે નહિ ચાલે. આજે નવું મોરવી દે. તે બંધાઈ જાય એટલે લઇને મારી પાસે આવજે. હું અંદર દવા નાખી આપીશ.'

બીજે દિવસે સુધા દહીં લઇને માજી પાસે પહોંચી, ત્યારે માજી પાસે દવા તૈયાર જ હતી. તેમણે બે તોલા દહીંમાં લગભગ $\frac{1}{2}$ તોલા જેટલી એ દવા નાખી. જરાક મીઠું પણ નાખ્યું ને પછી કહ્યું: 'હવે ખાઈ જા, જોઉં.' સુધા દહીં ખાઈ ગઈ. માજીની દવા ભગરી હતી એટલે ચાવવી પડી, તે કરડ કરડ બોલી. બીજી જ ક્ષણે સુધા બોલી પડી: 'કાકી, આ તો મેથી લાગે છે!'

'હા, તે મેથી જ હોય ને? બીજું શું હોય? હું કંઈ વિલાત ભણવા ગઈ છું? મેથી જ છે તે. ને જો, કાલથી આ પ્રમાણે રોજ ખાજે એટલે ત્રણચાર દીમાં તારા ઝાડા બંધ થઈ જશે.'

ને ખરેખર જ, ચોથે દહાડે તો એના ઝાડા બંધ થઈ ગયા હતા!

સુવાવડને એકાદ મહિનો માંડ ગયો હશે, અને મધુમતિના દસ્ત કોઇ હિસાબે બંધ થતા નહોતા. પ્રસૂતિગૃહમાં હતી ત્યાં જ ચાલુ થએલા, અને દવાદારૂ, રસી આદિ લેવા છતાં તેની કશી કારી લાગતી નહોતી. સસરા ખૂબ પ્રેમાળ અને પુત્રવધૂને જેમ બને તેમ તાકીદે સાજી કરવા આતુર. પુત્રવધૂ અતિ ડાહી, કામગરી, મીઠા સ્વભાવની; એટલે કડવાં ને કરડાં સાસુજી યે પણ આ ટાણે નરમ બની ગએલાં. મહિનોક થયો ત્યાં અચાનક વહુની એક સખી, સુમન મળવા આવી.

'કાકી, બહેનને તો બહુ ઝાડા થાય છે.'

'હા બે, જોને દવાદારૂ પાછળ પચાસ રૂપિયા તો થઈ ગયા! કંઈ યે ખાતી નથી. ફક્ત બાજરીનો રોટલો આપું છું, પણ તે ય ટકતો નથી ને દસ્ત થયા જ કરે છે! શું કરવું તે સમજાતું નથી!'

'તે હું કહું તેમ કરોને કાકી. મને આગળ ઝાડા થતા હતા તે એક નુસખાથી મટી ગયા હતા; ને છે સાવ સહેલું: સૂંઠ, વરિયાળી, જાવંત્રી ને સાકર; પાણીમાં ઉકાળીને પાઈ દેવાનાં. બેચાર દિવસમાં બધું બંધ થઈ જશે.'

'ના રે મા, એવી બે પૈસાની દવાથી સારું થાય તો તો જોઇએ શું? એ કંઈ બનેફને નહિ. આવી મોંઘીમોંઘી દવા ને રસીઓ આપવા છતાં જે ના મટે, તે કંઈ એવી દમડીની દવાથી મટતું હશે?' કાકીએ ડોકી ધુણાવી. ને ઝાડા ચાલુ રહ્યા. દવા પણ ખરીસ્તો.

વળી બેચાર દહાડા ગયા. પાછી સુમન મળવા આવી. તે વેળા મધુમતિના સદ્‌ભાગ્યે સાસુજી મંદિરે દર્શન કરવા ગયાં હતાં, ને ફક્ત સસરાજી હાજર હતા. આ વેળા સુમને નવો જ તુક્કો અજમાવ્યો.

'કાકા, આ ઝાડા તો હજુ કંઈ બંધ જ ન થયા.'

'હા દીકરા, હજુ કંઈ વળ્યું નથી.'

'તો હું કહું તેમ કરશો?' 'કહે તો ખરી.'

'મારી ઓળખાણમાં એક વૈદ છે. તેને મેં વાત કરી હતી ને તેણે દવા આપવાની કહી છે. તમે કહો તો લાવીને આપી જાઉં. મારી નજીક-માં રહે છે, એટલે હું રોજરોજ આપી જઇશ. દરમિયાન તમે બીજી દવા બંધ રાખજો. ફક્ત ત્રણ દહાડા અજમાવો એવું વૈદે કહ્યું છે.'

'એ... એમ? સાચ્ચે?' 'સાચ્ચે.'

'ભલે ત્યારે, તું આપી જજે.'

બીજે દિવસે સુમન બાટલીમાં દવા લઇને આવી. દિવસમાં ચાર વાર એકેક આપવાનો, તેની ભાગ-પટ્ટી બરાબર ચોડીને બતાવેલી.

પહેલે જ દિવસે અરધો ગુણ દેખાયો, એટલે આસ્થા બેઠી. બીજે દિવસે પણ સખી બાટલીમાં દવા આપી ગઈ. પણ ત્રીજે દિવસે બાટલી સસરાજીના હાથમાં પડતાં તે ચમક્યા. બાટલી ગરમ લાગતી હતી!

'અરે સુમન, આ શીશી તો ગરમ છે! તું કંઈ બનાવગીરી...'

સુમન હસી પડી: 'કાકા, છે તો એવું જ. મેં જ ઉકાળો બનાવેલો છે. સૂંઠ, વરિયાળી, જાવંત્રી ને સાકરનો ઉકાળો છે, બીજું કંઇ નથી. બાટલી ય મારી છે ને ભાગપટ્ટી પણ મેં ચોડી છે. શું કરું? તમને લોકોને ભરોસો પડવો જોઇએ ને? પણ કહો કાકા, દવા કેવી નીકળી?'

'દવા તો સારી નીકળી. આજે ફક્ત બે જ ઝાડા થયા છે, ને કદાચ એકાદ થશે. કેમ મધુ?' મધુને તો એ દવા પીવી જ હતી, ને વાત ખરી હતી, એટલે તેણે ડોકી હલાવી હા પાડી.

ઉકાળો ચાલુ રહ્યો. બે-ત્રણ દિવસ પછી કશી જરૂર રહી નહિ.

અતિ સહેલો નુસખો. અમે અમારા ઘરમાં પણ ઘણી વાર અજમાવેલો છે, ને દર વખતે તે રામબાણ નીવડેલો છે. આ નુસખો સુવાવડ પછીના ઝાડા માટે જ વપરાય એવું નથી, બીજા કારણે થતા ઝાડા માટે પણ વપરાય તો કશી હરકત નથી, વાપરેલો જ છે.

જન્નતનશીન સર દીનશાજી પીટિટને વૈદકનો ખૂબ શોખ હતો. તેમણે જાતે અજમાવીને જાણેલા ટુચકાઓનો એક સંગ્રહ ઈ. ૧૯૦૯માં પ્રગટ કર્યો હતો. બનામ 'વૈદક ટુચકા સંગ્રહ'. એ તેમણે પોતાના ફૅમિલી ડૉકટરને પણ વંચાવીને પ્રગટ કરેલો. એમાંના ટુચકા એમણે જાતે ખાતરી કરીને લખેલા હોવાથી ઘણા કારગત નીવડે છે.

ખુદ અમારાં માતાજીને પણ સુવાવડ પછી એકાદ વાર સંગ્રહણીનો રોગ થએલો તેની વાત તેઓ પડોશીઓ આગળ કહેતાં તે સાંભળવા મળેલી. દવાદારૂ ઘણાં કર્યાં, દાક્તરોની દવા પુષ્કળ પીધી, પણ કશું વળ્યું નહિ. આખરે વૈદને શરણે ગયાં. વૈદ કુટુંબના મિત્ર સમાન હતા. વૈદે સંગ્રહણી મટાડી દીધો, અને પછી કઈ દવાથી મટાડ્યો તે પણ બતાવી દીધું. 'વગર પૈસાનું વૈદું' જ કહેવું પડે એટલી એ સહેલી ને સૂતરી ચીજ હતી.

વડની વડવાઈઓની છેક નીચેની છ-આઠ તસુ જેટલી કૂંપળો કાપી લાવી, તેને તડકે સૂકવીને ખાંડી નાખવી (અનુસંધાન પૃષ્ઠ ૩૭૭)

પર્વતારોહણ



'અશ્વિની'

બીજી કોઇ પણ મર્દાની રમત કરતાં પર્વતારોહણ કંઇ ઓછી શારીરિક સંપત્તિ તથા સહનશક્તિ નથી માગતું. વળી આમાં તો અકસ્માતનો ભય પણ ઓછો નથી હોતો. ખરેખર તો પર્વતારોહણ દરમિયાન પ્રાણઘાતક અકસ્માતનું પ્રમાણ વધુ રહેલું છે. આમ છતાં આબાલવૃદ્ધ સૌને પર્વત ચડવાનું આકર્ષણ ઘટતું નથી.

પર્વત પરની વનરેખા (timber line) નીચેની આબોહવા તથા ભૂપૃષ્ઠ, એ વનરેખા ઉપરના વિસ્તારો કરતાં તદ્દન જુદી હોય છે. અહીં આપણે વનરેખા ઉપરના વિસ્તારો વિષે, એટલે કે પહાડી અથવા હિમાચ્છાદિત શિખરો પરના આરોહણ વિષે વિચાર કરીશું.

સામાન્યરીતે પર્વતારોહણ એ જોખમી કામ તો છે જ. ભારતમાં કેટલા યે યાત્રાળુ હિમાલયમાં ચિરનિદ્રા પામ્યા હશે. ઇ. ૧૯૬૧માં તો આલ્પ્સમાં ૨૯૮ જેટલા માણસો આકસ્મિક મૃત્યુ પામ્યા. ૧૯૫૧થી ૧૯૬૦ના દશ વર્ષના ગાળા દરમિયાન અમેરિકામાં પર્વતારોહણ દરમિયાન થએલા અકસ્માતો દર્શાવે છે કે સામાન્ય રીતે કિશોર આરોહકો (૧૪ વર્ષથી નાના) વધુ પ્રમાણમાં અકસ્માતના ભોગ થઇ પડે છે. ઉમર વધવા સાથે માનવીની વિવેકબુદ્ધિ વધુ ચોક્કસ બનતી જાય છે. આમ છતાં ૩૧–૩૫ વર્ષો પછી અકસ્માતનું પ્રમાણ પાછું સહેજ વધતું દેખાય છે. શારીરિક સંપત્તિ ઓસરવાને કારણે તથા શારીરિક મર્યાદા બહારના આરોહણપ્રયત્નને કારણે આમ બનતું હોવું સંભવે.

વળી સ્ત્રી-પુરુષ બંને આરોહકોમાં અકસ્માતનું પ્રમાણ સમાન હોય છે. એ જ રીતે ચઢાણ તથા ઊતરાણ એ બંનેમાં અકસ્માતનું પ્રમાણ લગભગ સરખું આવે છે. જોકે બરફમાં ઊતરાણ વધુ અકસ્માત સર્જે છે.

અકસ્માતના પ્રકાર : ૧) શિલા પરથી લપસી જવું, ૨) બરફ પરથી લપસી જવું, ૩) શિલા અથવા બીજી કોઇ વસ્તુનું ગબડવું, ૪) ભેખડ (હિમાની, avalanche) ધસી આવવી, ૫) દોરડા વડે ઊતરવામાં નિષ્ફળતા, ૬) બરફમાં નિયંત્રિત ઊતરાણમાં મુશ્કેલી (loss of control in glissade), ૭) ઠંડીમાં થીજી જવું–અત્યંત થાકી જવું (exposure and exhaustion), ૮) વીજળી પડવી, ૯) ચિરાડમાં પડી જવું (હિમદરાર–fall in crevasse), ૧૦) અન્ય કારણો.

૬૦ ટકા અકસ્માતો શિલા પર થતા જણાયા છે. પ્રાણઘાતક અકસ્માતોના ૭૨ ટકા પણ શિલાને આભારી હોય છે, કેમકે ઘણુંખરું પર્વતારોહણ શિલા પર જ હોય છે.

નાનીમોટી શિલાઓ ગબડવાને કારણે થતી શિરઈજા મજબૂત હૅટ પહેરવાથી અટકાવી શકાય. મૃત્યુનું પ્રમાણ શિલા ગબડવામાં, ભેખડ ધસી આવવામાં તથા દોરડા વડે ઊતરવામાં થતા અકસ્માતમાં લગભગ સરખું જ હોય છે.

સખત ઠંડી લાગવાથી, પરિશ્રમનો થાક લાગવાથી કે વીજળી પડવાને લીધે લગભગ ૫૦ ટકા વ્યક્તિઓ અવસાન પામે છે; માટે શક્તિ બહાર પરિશ્રમ ન કરવો અને ઠંડી સામે પૂરતું રક્ષણ રાખવું એ ખૂબ જરૂરી છે. વીજળીનું તોફાન આવી રહ્યું હોય તો અનુભવી આરોહક તરત પાછા ફરવાનું પસંદ કરશે. જો કોઈ કારણે આ શક્ય ન બને તો મોટી ભેખડો કે નાનીમોટી ટોચો છોડી ટુકડીના બધા સભ્યોને દોરડાથી છૂટા કરી નાખવા, કેમકે ભીના દોરડા વાટે વિદ્યુતપ્રવાહ બધા સભ્યોમાં પ્રસરી જવાનો સંભવ રહે છે. દરેક સભ્યે ઊભા રહેવા કરતાં પલાંઠી વાળી બેસી જવું. આમ કરવાથી વીજળી શરીર પર ધસી આવવાનો સંભવ ઓછો રહે છે.

આરોહકની શારીરિક સંપત્તિ સારી હોવી એ મૂળભૂત જરૂરિયાત છે. દરેક આરોહકે પોતાની શક્તિ વધે તેવી કસરત નિયમિત કરીને મજબૂત થવું જોઇએ અને વિપરીત કુદરતી બળોનો સામનો કરી શકાય તેવી ખડતલતા કેળવવી જોઇએ. ઉપરાંત, આરોહણ દરમિયાન વપરાતાં સાધનોનો કુશળતાપૂર્વક ઉપયોગ કેમ કરવો તેની યુક્તિપ્રયુક્તિઓ જાણવા તાલીમ લેવી જોઈએ. ધીમેધીમે શારીરિક પરિશ્રમ વધારતા જવાની, અમુક ચઢાણ ટૂંકા ને ટૂંકા સમયમાં ચડવાની, યા તો ચઢાણ એટલા જ સમયમાં વધુ ને વધુ બોજ ઊંચકીને ચઢવાની ટેવ પાડવાની તાલીમ લેવી જોઇએ. ખાસ કરીને ગરદન, ખભા તથા બરડાના અને પગના સ્નાયુઓને તથા હૃદયને મજબૂત કરવાની વિશેષ જરૂર છે.

જેમ વધુ ઊંચાઇએ ચઢાણ કરીએ તેમ બોજ ઊચકવાની શક્તિ ઘટતી જાય છે. યોગ્ય તાલીમ બાદ ૧૮,૦૦૦ ફૂટની ઊંચાઇએ ૬૦–૮૦ રતલ (૨૭·૨ થી ૩૬·૩ કિલોગ્રામ) વજન ઊચકાવું જોઇએ. આથી વધુ ઊંચાઇએ ઘણો ઓછો બોજ ઊચકી શકાય.

કેટલી ઝડપથી ચઢાણ થઈ શકે તેની પણ મર્યાદા છે. પગ માંડી શકાય તેવા પ્રદેશમાં ૩૫ થી ૪૦°નું ચઢાણ ૮૦ રતલ બોજ સાથે શરૂ કરીએ તો દર કલાકે ૧૦૦૦ ફૂટની ઊંચાઈ શક્ય બનવી જોઇએ.

૧૨,૦૦૦ ફૂટથી વધુ ઊંચાઇએ જનારા દરેક આરોહકે ફેફસાંના શોફ (pulmonary oedema)થી માહિતગાર થવું જરૂરી છે. ઘણુંખરું તાલીમ દરમિયાન, અને કેટલીક વાર પૂરતી તાલીમ લીધી હોય તોપણ, સખત પરિશ્રમ બાદ એકાએક આ પરિસ્થિતિ ઉત્પન્ન થાય છે. અગાઉ કેટલાક માનતા હતા કે ઠંડીને કારણે ન્યુમોનિયા–ફેફસાંનો સોજો–થયો છે. જોકે ન્યુમોનિયા થઈ શકે; પણ ઘણુંખરું તો ફેફસાંનો શોફ જ થતો હોય છે. શાથી આમ થાય છે તે સમજાયું નથી. અપૂરતો પ્રાણવાયુ, અતિ પરિશ્રમ, હળવો ચેપ, સખત ઠંડી, આ બધાં જ કંઈક અંશે કારણભૂત મનાયાં છે. તાત્કાલિક પ્રાણવાયુ (oxygen) આપવાથી આરોહક આરોગ્ય પ્રાપ્ત કરે છે. જો આ અશક્ય હોય તો તત્કાળ ઊતરાણ કરી ઓછી ઊંચાઇએ આરોહકને લઈ જવો જરૂરી છે. ત્યાર બાદ યોગ્ય તબીબી સારવાર આપવી ઘટે.

શિલા-આરોહણ માટે હાથપગ અને આંગળાં મજબૂત હોવાં જરૂરી છે. આરોહકનું જીવન જ તેના પર અવલંબે છે. વળી આ કાર્ય માટેની તાલીમમાં દોરડાનો વપરાશ, દોરડા વડે સાથીઓનો બચાવ (belaying), લપસતાં કે ગબડતાં કેમ અટકવું, શિલાની તિરાડોમાં ખીલા કેવીરીતે ઠોકવા (pitonsનો વપરાશ), કૅરેબાનર્સ-સ્નૅપ લિંક તથા દોરડા વડે તદ્દન ઊભા કેમ ઊતરવું (rappelling), તેમજ દોર-

ડાની જુદાજુદા પ્રકારની ગાંઠો, આ બધાંનું જ્ઞાન હોવું જરૂરી છે.

હિમ-આરોહણ માટે હિમકુહાડી (ice-axe) વાપરવાનું જ્ઞાન જરૂરી છે. હિમકુહાડીના જુદાજુદા ઉપયોગો—દા.ત. દોરડા વડે સાથીઓનું રક્ષણ કરતી વખતે belay point તરીકે, છુપાએલી તિરાડો શોધવામાં, બરફ પર ધીમે ધીમે લપસીને ઊતરવામાં ગતિઅવરોધક તરીકે (a brake in glissade)નો વપરાશ,–આ બધું સારીરીતે આવડતું હોય તો જ અકસ્માત નિવારી શકાય. વિશિષ્ટ pitons ને crampons (ખીલાવાળા જોડા)નો ઉપયોગ પણ આવડવો જોઈએ. દોરડાના વપરાશની માહિતી અત્યંત જરૂરી છે. હિમનદીઓનું વિજ્ઞાન (glaciology) તથા છૂપી તિરાડો ક્યાં શોધવી તે પણ જાણવું રહ્યું.

માનસિક તૈયારી: તંદુરસ્ત, ખડતલ શરીર ઉપરાંત આરોહણ માટે માનસિક પૂર્વતૈયારી પણ જરૂરી છે. (૧) આરોહકે ઊંચાં અને વિકટ સ્થળો તથા તેના એકાંતથી પરિચિત થવું જોઇએ. (૨) આવાં સ્થળોએ રહેલા જોખમનો સ્વીકાર કરવો જ રહ્યો; વળી (૩) પોતાની શક્તિ તથા ક્ષતિઓથી પૂર્ણ માહિતગાર થઇને એની મર્યાદા તો લેશમાત્ર ન ઓળંગવી જોઇએ; (૪) એકાએક ઊભી થતી પરિસ્થિતિનો સામનો કરવા છેવટના બિંદુ સુધી શક્તિ વાપરવાને બદલે તેનો થોડો સંચય રાખવો જોઈએ. ખાસ તો પાછા ફરવા માટે પૂરતો સમય અને શક્તિ ટકી રહે તે ધ્યાનમાં રાખવું.

ગ્રીષ્મઆરોહણ માટે કેટલીક પ્રાથમિક સામગ્રી તથા કપડાં જરૂરી છે. દા.ત. મજબૂત જોડા અને મોજાં, યોગ્ય કપડાં, હૅટ તથા વાયુ-અવરોધકો (wind breakers), ઉપરાંત દરેક આરોહક પાસે નીચેની ૧૦ વસ્તુઓ હોવી જ જોઇએ:

(૧) વધારાનાં કપડાં — મોજાં, સ્વેટર, mittens, (૨) દીવાસળી — ભેજરહિત ડબ્બામાં, (૩) મીણબત્તી, (૪) ફ્લૅશલાઇટ, (૫) કંપાસ—હોકાયંત્ર, (૬) પ્રાદેશિક નકશો, (૭) મજબૂત ચપ્પુ (૮) કટોકટી દરમિયાન વાપરવાનો ખોરાક, (૯) ગૉગલ્સ, (૧૦) પ્રાથમિક સારવારનાં સાધનો — first aid kit. વનરેખાથી વધુ ઊંચાઈના કોઈ પણ આરોહણ માટે આટલી સામગ્રી સાથે રાખવી જરૂરી છે.

પશ્ચિમના દેશોમાં વળી શિયાળાના આરોહણનો રસ જાગવા લાગ્યો છે. એ ઋતુના આરોહણમાં તો ઘણો વધુ પરિશ્રમ પડે છે અને જોખમ પણ વધુ હોય છે. વધુ ઠંડી, સખત પવનો અને ટૂંકા દિવસો તથા ટૂંકું દૃશ્યમાન (visibility) — આ બધા જ ઘણા મોટા અવરોધો છે. વધુ ભારે કપડાં, ખાસ સાધનસામગ્રી અને વિશિષ્ટ જ્ઞાન વગર આ ઋતુનું પર્વતારોહણ ખતરનાક છે. હાથમોજાંની વધારાની જોડ, અને પગનાં મોજાં ભીંજાય તો બદલવા માટે બીજી કોરી જોડ સાથે હોવી જરૂરી છે. કૅમ્પ પર પાછા ફરવાને બદલે જો વધુ ઊંચી સપાટીએ નવા કૅમ્પમાં રહેવાનું (bivouac) હોય તો આમ કરવું આવશ્યક છે. સૂકાં કપડાં અને ખાસ તો એક ઉપર એક એમ વધુ કપડાં શરીરને સારી હૂંફ આપે છે. ગરમી જાળવવા માટે મોં ખાસ ઢાંકેલું રાખવું જોઇએ. હૅટ અથવા ટોપીઓ ઊડી જવાનો સંભવ હોવાથી વધારાની ટોપી રાખવી, અથવા તો માથા પરથી ઊડી ન જાય તેવા પોશાકની વ્યવસ્થા કરવી.

શિયાળાના પવતારોહણમાં શારીરિક પરિશ્રમ વધુ પડતો હોવાથી સારા પ્રમાણમાં ગરમી પેદા થાય છે. આ ગરમી કપડાંનાં છિદ્રો મારફત તથા પરસેવા મારફત ઊડી જાય છે. ગળપટ્ટો દૂર કરવાથી અગર ખમીસ-જાકીટનાં બટન ખોલવાથી તાજી હવા દાખલ થાય છે અને પરસેવાનો ભેજ તથા ગરમી ઊડી જાય છે. સખત ઠંડીમાં થીજી જવાથી મૃત્યુ થાય એ વાત સર્વ આરોહકો જાણતા હોય છે. એ જ રીતે ઉનાળામાં ૪૦-૪૫°Fમાં હળવાં કપડાં પહેરેલા આરોહકો અને ખાસ તો થાકીને લોથપોથ થએલા અથવા ઈજા પામેલા આરોહકો, વાયુ અને વર્ષામાં મૃત્યુ પામે છે.

આરોહણ શરૂ કરતાં પહેલાં આરોહકે નકશાઓ, પ્રવાસપુસ્તકો અને અન્ય સાહિત્યનો સારો અભ્યાસ કરવો જોઇએ. સ્થાનિક અધિકારીઓ તથા જંગલખાતાના કર્મચારીઓ તેમજ ભોમિયાઓ પાસેથી સામાન્ય પરિસ્થિતિની તથા માર્ગની ચોક્કસ માહિતી મળી રહેશે. પાછા ફરતાં, આ જ અધિકારીઓ જોડે પોતાને થએલા અનુભવની ચર્ચા કરી લેવી પણ જરૂરી છે. આવી જાતના સંપર્ક વડે અકસ્માત સમયે મદદ પહોંચાડવી સરળ બને છે.

શિલા-આરોહકોએ પથ્થરોથી બચવા મજબૂત હૅટ પહેરવી જરૂરી છે. કેટલાક પથ્થરો કુદરતીરીતે જ વાયુ અથવા વર્ષાના કારણે ગબડતા હોય છે, જ્યારે કેટલાક કુહાડી વગેરેના વપરાશને કારણે ગબડતા હોય છે. નવા પ્રકારની મજબૂત હૅટ આ પથ્થરો સામે સારું એવું રક્ષણ આપે છે અને ઈજાને હળવી બનાવે છે. વળી આવી હૅટ પહેરવામાં સરળ છે અને ચડાવમાં નડતરરૂપ નથી થતી.

આરોહક જો ચશ્માં પહેરતો હોય તો તેના કાચ અતૂટ હોવા જરૂરી છે. વળી વધારાની ચશ્માંની જોડ સામાન જોડે ન રાખતાં પહેરેલા કપડાંના ખિસ્સામાં રાખવી જોઇએ. સામાનની જોડે ચશ્માં પણ ગુમાવી બેસવાથી જોવાનું મુશ્કેલ બનીને અકસ્માત થએલા નોંધાયા છે.

હવામાન બગડવાની નિશાનીઓ પણ સ્થાનિક ભોમિયાઓ પાસેથી જાણી લેવી, જેથી પાછા ફરવાની જરૂરત ઊભી થાય તો સમયસર પાછા ફરી શકાય. અનુભવીઓ જોડે અનેક વખત આરોહણ કર્યા બાદ આવી પરિસ્થિતિ ઊભી થતી પારખવાની કુનેહ આવી જાય છે. સફળ આરોહણની ચાવી પાકટ વિવેકબુદ્ધિમાં છે. એ ત્યારે જ શક્ય બને જ્યારે પર્વતારોહણની પદ્ધતિઓ વિષે સારું એવું જ્ઞાન સંપાદન થયું હોય, જોખમ પારખતાં તથા તેને નિવારતાં અથવા ઓછું કરતાં આવડતું હોય, પોતાની તથા પોતાના સાથીદારોની શારીરિક તથા માનસિક શક્તિનો સારો એવો ક્યાસ કાઢયો હોય, અને સહુથી અગત્યની વાત તો એ કે બહુ મોડું થાય તે પહેલાં પાછા ફરવાની તૈયારી હોય.

ઉપરની હકીકતના આધારે સફળ અને સુરક્ષિત આરોહણ માટે કેટલીક મૂળભૂત જરૂરતો આ મુજબ તારવી શકાય:

૧) આરોહણની પદ્ધતિઓનું શાસ્ત્રીય જ્ઞાન: સ્થાનિક પર્વતારોહણ-સંસ્થાઓ આવું જ્ઞાન સંપાદન કરવાની વ્યવસ્થા કરી શકે.

૨) પાકટ વિવેકબુદ્ધિ: પોતાની તથા સાથીદારોની શક્તિનો ક્યાસ કાઢતાં આવડવું જોઇએ અને ધ્યેય પર પહોંચ્યા વગર પાછા ફરવાની તૈયારી હોવી જોઇએ.

૩) પૂરતી અને યોગ્ય સામગ્રી આરોહક પાસે હોવી જ જોઇએ. આરોહવાને અનુલક્ષીને પાછા ફરવા માટે જરૂરી સમય અને શક્તિનો ખયાલ પણ રાખવો જોઇએ.

૪) શારીરિક સ્થિતિ: સંપૂર્ણ આરોગ્યપ્રદ હોવી જોઇએ.

૫) યોગ્ય સાથી વગર એકલા આરોહણ કદી ન કરવું.

દુનિયાના આજસુધીમાં ઠગાઈના બનેલા બધા દાખલાઓથી ચડી જાય એવો દાખલો ઈંગ્લંડના શાંકી વિલિયમ્સનો છે. જરીપુરાણી ચીજોના વેચાણમાંથી તે લાખોની મિલકત કમાએલો. તે મરવા પડયો ત્યારે મુડદાં ખરીદનાર ત્રણ ધણીઓને જુદાજુદા બોલાવી દરેકને પોતાનું મુડદું ત્રણત્રણ ગીનીએ તેણે વેચેલું. આ ઠગાઈ તેના મર્યા બાદ જ જાહેર થઈ.



એકલા વટાણામાંથી જ એણે જુદીજુદી ૨૦૦ બનાવટો ઉત્પન્ન કરીઃ પનીર, સાકર, તાત્કાલિક કૉફી, અથાણાં, તેલો, હજામતનાં લોશનો, રંગો, શાહીઓ, લાઇનોલિયમ, આટો, ખોરાકો, સાબુ, ફેઇસ પાઉડર, શૅમ્પૂ, છાપવાની શાહી, ગ્રીઝ, વગેરે! લાકડાંની ચીપોમાંથી એણે બનાવટી આરસપહાણ અને ગાયના છાણમાંથી રંગો બનાવ્યા છે. બટાટામાંથી સ્ટાર્ચ, સરકો, બૂટપૉલિશ, શાહી, રંગો ને ગોળ વગેરે ૧૦૦ ઉપરાંત બનાવટો શોધી કાઢી છે!

રસાયણનો આ અજબ જાદુગર તે અમેરિકાની ટસ્કેજી વિદ્યાપીઠનો હબસી વિજ્ઞાની ડૉ. જ્યોર્જ વૉશિંગ્ટન કાર્વર. એ એકલો વિજ્ઞાની જ નહિ, કલાકાર પણ હતો. સારામાં સારાં ચિત્રો તે ચીતરી શકતો, ને ફૂલો ચીતરવાની તેની કાબેલિયત તો અજબ હતી. વળી એ ચુનંદો ગવૈયો પણ હતો.

ડાયમંડ ગ્રોવ નજીક મોઝીઝ કાર્વર નામે ગુલામને ત્યાં એ જન્મેલો. એ છ મહિનાનો થયો ત્યાં તો લૂંટારુઓ એને અને એની માને ઉઠાવી ગયા. મોઝીઝ કાર્વરે પૈસા મોકલાવતાં બાળકને તેમણે તેને હવાલે કર્યો. માને તો પહેલેથી જ એમણે વેચી દીધેલી. તેનું શું થયું તે કદી જાણવામાં જ નથી આવ્યું. તે મોટો થયો કે તરત તે રસોઈ કરવી, કપડાં ધોવાં વગેરે ઘરકામ કરવા માંડ્યો. પછી તેને ભણવાની મરજી થઇ. બાપ પાસે પૈસાની કશી જોગવાઈ ન હતી. તે ઘર છોડી આઠ માઈલ પર એક શાળા માટે ઉપડ્યો. પહેલી રાતે એક તબેલામાં સૂઈ રહ્યો. બીજે દિવસે કામ શોધી કાઢ્યું ને શાળામાં દાખલ થઈ ગયો. વીસની વય પહેલાં તેણે હાઇસ્કૂલનો અભ્યાસ પૂરો કરી કૉલેજમાં જોડાવા આયોવાની એક કૉલેજ પર કાગળ લખ્યો. પણ તેને દાખલ થવા ના સુણાવી દીધી કેમકે તે હબસી હતો! આથી નિરાશ ન થતાં, તે ફરી નાના ધંધાઓમાં પરોવાયો ને થોડા પૈસા એકઠા થતાં એક લૉન્ડ્રી ખોલી.

બીજે વર્ષે તે ઈન્ડિયાની સિમ્પ્સન કૉલેજમાં દાખલ થયો. દાખલ ફી ભરી દીધા પછી તેની પાસે માત્ર દસ સેન્ટ બચેલા. એક આખું અઠવાડિયું તેને અરધા ભૂખ્યા રહેવું પડ્યું. ચાર વર્ષ રહી કૃષિશાસ્ત્રમાં ઉપાધિ મેળવી. તેની પ્રતિભાથી કૉલેજના સંચાલકો એટલા મુગ્ધ બન્યા કે તેને 'કૉલેજ ફૅકલ્ટી' તરીકે નીમી લીધો. બૂકર ટી. વૉશિંગ્ટને તેને ટસ્કેજી આવવાનું આમંત્રણ મોકલ્યું. ત્યાં જઇ એણે જોયું તો કપાસ સાથે બીજું કશું વાવેતર ન થવાથી જમીનનો કસ ચૂસાતો જતો હતો ને ખેડૂતોની ગરીબાઈ વધતી જતી હતી. પુષ્કળ અખતરા બાદ એણે જણાવ્યું કે એ જમીનમાં વટાણા ને બટાટા બહુ સારા ઊગી શકે. એના પ્રચારની સારી અસર થઈ. પરંતુ થોડા વખત બાદ જ ભૂલ માલૂમ પડી કે એણે જેટલું ઉત્પન્ન વધાર્યું હતું એટલી માગ નહોતી વધારી. પરિણામે વટાણા ને બટાટાના ગંજના ગંજ સડવા લાગ્યા હતા!

એના ઉપાય માટે આ હબસી વિજ્ઞાની તનતોડ પ્રયાસ પાછળ મંડી પડ્યો. રાતદિવસ એ સડતા વટાણા ને બટાટાના નવા ઉપયોગ શોધી કાઢવા તે અખતરા કરવા લાગ્યો. અને પરિણામે, એને રસાયણશાસ્ત્રના જાદુગર બનાવી દેનારી ઉપર્યુક્ત શોધો તે એક પછી એક નર્યા નિઃસ્વાર્થપણે જગત સમક્ષ રજૂ કરતો ગયો. એની એકમાત્ર શરત હતી કે એ શોધોનો ઉપયોગ માનવહિતાર્થે થવો જોઈએ.



પચ્ચીસ વર્ષ પહેલાં

ભાદરવો ૧૯૯૪ અંક ૧૭૭

મિ. વેસ્ટ શિકારી ન હતા, પણ બીજાના રક્ષણ માટે દોડી જવાની વીરતા અને સૌજન્ય એમનામાં પૂરેપૂરાં હતાં. બંદૂક કે એવું બીજું હથિયાર એમના હાથમાં જોયાનું મને યાદ નથી, પણ ગેંડાના ચામડાનો લાંબો હંટર તેઓ અચૂક વીંઝી જાણતા. એક વાર રાત્રે તેઓ અમારે ઘેર આવેલા. ઓસરીમાં ઊભા ઊભા મગનકાકા સાથે વાત કરતા હતા. ત્યાં દેડકાનું રુદન સંભળાયું. સાપની શંકા ગઇ. જોયું તો એક મોટા દેડકાને કોઇ નીચે ખેંચી રહ્યું હતું અને બે પાટિયાંની તડ વચ્ચે દેડકો ફસાઇ જવાથી નીચે જઈ શકતો નહોતો એટલે મોટેથી રોતો હતો. તુરત મગનકાકાએ ફાનસ ઉપાડયું અને મિ. વેસ્ટ પગથિયાં ઊતરી નીચે ગયા. ઓશરી નીચેની પોલાણમાં હાથ લંબાવી એમણે એવો તો સચોટ ફટકો માર્યો કે પહેલે જ ઘાએ સાપ મરી ગયો અને દેડકો છૂટો થઇ કૂદતો કૂદતો ભાગ્યો.

(પ્રભુદાસ છ. ગાંધી)

એક બ્રાહ્મણને ત્યાં મોટી ભેંશ હતી, એટલે છાશ ખૂબ થાય તે પડોશીઓને આપે. એક દિવસ એને થયું કે આપણે છાશ મફત આપીએ છીએ તે ઠીક નથી. પૈસા તો લેવાય નહિ, કેમકે શાસ્ત્રમાં લખ્યું છે કે ગોરસ વેચાય નહિ. બીજે દિવસે એક પડોશી છાશ માગવા આવ્યો. એને અને બ્રાહ્મણને બનતું નહિ. બ્રાહ્મણે કહ્યું: 'ભાઈ, છાશ આજથી મફત નહિ મળે. આખા રામાયણની વાત સંભળાવશો તો જ છાશ મળશે.' મનમાં વિચાર એ કે લોટા છાશ માટે આખું રામાયણ કોણ સંભળાવવા બેઠું છે? પણ તર્કાર્થી માથાનો હતો. એણે કહ્યું, સાંભળો:

> आदौ रामतपोवनाधिगमनं
> हत्वा मृगं कांचनम्।
> वैदेहीहरणं जटायुमरणं
> सुग्रीवसंभाषणम्॥
> बालीनिर्दलनं समुद्रतरणं
> लंकापुरीदाहनम्।
> पश्चाद्रावणकुम्भकर्णहननं
> एतद्धि रामायणम्॥

'આ તે કેવું રામાયણ? આ નથી વાલ્મીકિનું, નથી તુલસીનું.' બ્રાહ્મણ બોલી ઊઠયો.

'આ તો છાશજોગું રામાયણ છે. લોટા છાશ માટે આવું જ રામાયણ મળે.' પડોશીએ પરખાવ્યું.

(કાકા કાલેલકર)

કો ય ડા ના ઉ ત્ત ર

નીચેના ક્રમ પ્રમાણે સરળતાથી મળી રહે છે

(ક) નટવર પહેલા ઘરમાં રહે છે. (પ્રશ્નની શરત નં. ૧૦); એટલે હવે

(ખ) બીજા નંબરનું ઘર ભૂરું હોવું જોઇએ (જુઓ શરત નંબર ૧૫)

(ગ) પ્રથમ ઘર સફેદ કે લીલા રંગનું ના હોઈ શકે, કેમકે બીજું ઘર ભૂરા રંગનું છે (જે નં. ૬ અને ૧૫માંથી ફલિત થાય છે.) પ્રથમ ઘર લાલ રંગનું પણ ના હોઈ શકે કેમકે અરુણ લાલ ઘરમાં રહે છે (૨) એટલે પ્રથમ ઘર માત્ર પીળા રંગનું જ હોઇ શકે.

(ઘ) ઉપરના (ગ)ને કારણે નટવર ક્રિકેટ રમે છે (શરત નંબર ૮ અનુસાર)

(ચ) પ્રથમ ઘરમાં રહેનાર નીચેનાં પીણાં ન પી શકે—કૉફી(૪), ચા(૫), દૂધ(૯) અને નારંગીનો રસ (૧૩ નંબરના કારણથી). માટે નટવર બાકી રહેલું પીણું પાણી પીએ છે, પીળા ઘરમાં રહે છે અને ક્રિકેટ રમે છે.

(છ) ક્રિકેટ રમનારની જોડેના ઘરમાં, એટલે કે ભૂરા રંગના ઘરમાં ઘોડો પાળેલો છે (૧૨); અરુણ તેમાં રહેતો નથી (૨); સુરેશ પણ તેમાં નથી (૩ નંબરની શરતને લીધે). હવે બાકી રહ્યા જયંત અને યોગેન્દ્ર. હવે ભૂરા ઘરમાં જો જયંત હોય તો તે માત્ર નારંગીનો રસ પીતો હોવો જોઇએ, કેમકે એ કૉફી ન પી શકે (૪); અથવા ચા કે દૂધ પણ ન પી શકે (૫ અને ૯ શરતોથી); અને ઉપર (ચ) પ્રમાણે પાણી તો નટવર પીએ છે. આ પ્રમાણે હકીકત હોય તો તે હૉકી રમતો પણ હોવો જ જોઇએ (૧૩). પણ એ વસ્તુ અસંભવિત છે, કેમકે એ વૉલીબૉલ રમે છે (૧૪). આથી બીજા નંબરના ભૂરા રંગના ઘરમાં યોગેન્દ્ર રહે છે, અને એનું પીણું ચા છે (૫), અને એને ટેનિસનો શૉખ છે (૭, ૮, ૧૩ અને ૧૪ કારણોથી) અને એ ઘોડાનો માલિક છે (૧૨).

(જ) ત્રીજા, ચોથા અને પાંચમા ઘર માટે માત્ર બે જ પ્રકારની ગોઠવણ શકયછે—સફેદ, લીલું, લાલ; યા તો લાલ, સફેદ, લીલું; કેમકે (૬) મુજબ લીલું ઘર સફેદની જોડે જ, અને તેની જમણી બાજુએ છે.

(ઝ) ધારો કે સફેદ-લીલું-લાલ એ સાચી ગોઠવણ છે. પાંચમા લાલ ઘરમાં રહેનાર અરુણને નારંગીનો રસ પીવો પડશે (૪, ૯ ને લીધે) અને તેથી એ હૉકી રમતો હશે (૧૩); કેમકે એ કૉફી (૪) ચા (૫) અથવા દૂધ (૯) ન પી શકે; અને પાણી તો નટવર પીએ છે: (ચ) મુજબ.

કોયડાનો ઉત્તર

ઘર	૧ પીળું	૨ ભૂરું	૩ લાલ	૪ સફેદ	૫ લીલું
માલિક	નટવર	યોગેન્દ્ર	અરુણ	સુરેશ	જયંત
પ્રાણી	બિલાડી	ઘોડો	બકરી	કૂતરો	ગાય
પીણું	પાણી	ચા	દૂધ	નારંગીનો રસ	કૉફી
રમત	ક્રિકેટ	ટેનિસ	ફૂટબાલ	હૉકી	વાલીબૉલ

(ટ) આમ, (ઝ) મુજબ જો શકય હોય તો બાકી રહેલા સુરેશ અને જયંતને માટે ત્રીજું અથવા તો ચોથું એમ બે જ ઘર ખાલી રહે; અને હવે માત્ર બે જ રમતો ફૂટબૉલ અને વૉલીબૉલ બાકી રહે (ઝ)ને લીધે; સુરેશ અને જયંત એ બેમાંથી ગમે તે એકને તો ફૂટબૉલ રમવાની સાથે જ બકરી યે પાળવી પડે (૭); પરંતુ (૩) મુજબ સુરેશ પાસે કૂતરો છે એટલે એ બકરી ન પાળી શકે (ફૂટબૉલ એ શકયતઃ રમી શકે-ઉપર મુજબ); અને જયંત તો વૉલીબૉલ રમે છે (૧૪ મુજબ); એટલે એ કદાચ બકરી પાળી શકે(ઉપર મુજબ), પરંતુ ફૂટબૉલ તો ના જ રમી શકે. આમ, પ્રથમ ધારેલી ગોઠવણ સફેદ-લીલું-લાલ એ અશકય સાબિત થાય છે. તેથી ત્રીજા, ચોથા અને પાંચમા ઘર માટે એકમાત્ર લાલ-સફેદ-લીલું એ જ અનુક્રમની ગોઠવણ શકય છે.


માટે ત્રીજા નંબરના લાલ રંગના ઘરમાં અરુણ રહે છે (૨). એનું પીણું દૂધ છે (૯), અને એ ફૂટબૉલ રમે છે; કેમકે એ ક્રિકેટ (૮), ટેનિસ [આગળ (છ)માં પુરવાર થયેલ છે], વૉલીબૉલ (૧૪) અથવા તો હૉકીની રમત (૯, ૧૩ને લીધે) ના રમી શકે. અને (૭)ને લીધે અરુણ બકરીનો માલિક છે.

(ઠ) ૧૧ નંબરના વિધાનને લીધે પ્રથમ ઘરમાં રહેનાર નટવર બિલાડી પાળે છે, કારણ કે ટેનિસ રમનાર યોગેન્દ્રના ઘરની જોડે તો માત્ર બે જણા—નટવર અને અરુણ રહે છે; અને આગળ (ટ)માં સાબિત કર્યા મુજબ અરુણ બકરીનો માલિક છે; એટલે બિલાડી પ્રથમ ઘરમાં જ હોવી જોઇએ.

(ડ) ચોથું ઘર સફેદ છે [આગળ (ટ)માં સાબિત થયું (૬)ને લીધે]; તેમાં રહેનાર નારંગીનો રસ પીતો હોવો જોઇએ કારણ કે ત્યાં કૉફી ન હોઈ શકે (૪ને લીધે); અને બાકીનાં પીણાંનાં સ્થાન તો અગાઉ નક્કી થઈ ગએલાં છે; અને તેથી એ ઘરનો માલિક હૉકી રમતો હોવો જોઇએ (૧૩ને લીધે). માટે એ ઘરમાં સુરેશ રહે છે, કેમકે જયંત વૉલીબૉલ રમે છે (૧૪); આથી ચોથા સફેદ રંગના ઘરમાં રહેનાર સુરેશ કૂતરો પાળે છે (૩); તેથી તે ગાયનો માલિક ના હોઈ શકે.

(ઢ) આથી માત્ર પાંચમું ઘર ખાલી રહે છે, જે લીલા રંગનું છે. તેમાં જયંત રહે છે, અને એ (૪ મુજબ) કૉફી પીએ છે, વૉલીબૉલ રમે છે (૧૪) અને એ જ ગાયનો માલિક હોવો જોઇએ; કેમકે બીજું કોઈ પણ પ્રાણી માલિક વગરનું હવે બાકી રહેતું નથી.

શતરંજના કોયડાની હરીફાઇ



આ મહિને આપણે એક End Game Study લઈએ.

આ એક બહુ જ જૂનો અને જાણીતો કોયડો છે અહીં જો કાળાને કોઈ રીતે પોતાના વજીરના બદલામાં સફેદનો વજીર મારવાની તક મળે તો પછી સફેદ ન જીતી શકે. માટે કાળાને આવી તક મળે તે પહેલાં સફેદ કેવી રીતે કાળાને મ્હાત કરે છે અથવા તેનો વજીર જીતે છે તે બતાવવાનું છે.

એમાં કાળાની સારામાં સારી ચાલ તો આપવી જ જોઇએ. સાથેસાથે અમુક નબળી ચાલ પણ આપીને તેમાં કાળો કેમ જલદી હારે તે બતાવવું વધુ ઉચિત ગણાશે. આ કોયડો સહેલો છે. કોશિષ કરો અને જવાબ તા. ૭-૧૦-'૬૩ સુધીમાં નીચેને સરનામે મોકલો.

સુરેશ એમ. મોદી, ૬/૯ કંદહારી કૉલોની, ચૅમ્બુર, મુંબાઈ ૭૧.




(દ્રુતવિલંબિત)

પતનના ભયથી જન જે ચડ્યા,
જતન કાજ જ કેવળ જાતના
ગિરિતળેટી મહીં જ પડી રહ્યા,
નમન લાખ હજો ઉર, તેમને
અવગણી, ડગ બે ચડી જે પડ્યા.

(સંસ્કૃતિ) —દુર્ગેશ ભટ્ટ

જેહાંગીર રતનજી દાદાભાઈ તાતા

જાહેરમાં જે. આર. ડી.ના ટૂંકા નામે અને નજીકના વર્તુળમાં 'જેહ'ના લાડીલા નામે ઓળખાતા ભારતના આ મહાન ઉદ્યોગપતિ ધંધાનાં ક્ષેત્રોની વિશાળતાને લીધે જ નહિ, પણ જીવનવ્યવહારમાં ને વ્યવસાયી ક્ષેત્રોમાં અત્યંત સૌજન્યશીલ ચારિત્ર્યવાન વ્યક્તિ હોવાને લીધે પણ ભારતમાં તેમજ પરદેશમાં લોકપ્રિય છે.

ભારતના વિખ્યાત લોખંડ અને પોલાદના ઉદ્યોગના સ્થાપક સ્વ. જમશેદજી નસરવાનજી તાતાના પિતરાઇ ભાઇ અને એમના મોટા ઉદ્યોગોના કુશળતમ વહીવટકર્તા રતનજી દાદાભાઈ તાતાના, એ ફ્રેંચ માતા સુઝાં બ્રીએરેથી થએલા સૌથી મોટા પુત્ર. પારી(સ)માં ઈ. ૧૯૦૪માં એમનો જન્મ થયો. ભારત, ફ્રાંસ ને જાપાન જેવા ભિન્નભિન્ન સંસ્કૃતિવાળા દેશોમાં એમને શિક્ષણ મળ્યું. ઈંગ્લંડના સંપર્કે રાષ્ટ્રીય અને આંતરદેશીય ક્ષેત્રે એમના દૃષ્ટિબિંદુમાં વિશાળતા અને ઉદારતા ઉમેરી. કોઈ પણ કોમ કે જાતિ પ્રત્યેનું એમનું સમદર્શીત્વ આવી કેળવણીને આભારી છે. ભવિષ્યના એમના ઊંચા દરજ્જાને ખયાલમાં રાખીને જ પિતાએ બહુ સમજદારીપૂર્વક એમને શિક્ષણ આપ્યું હતું. ભારે ઉદ્યોગોના વહીવટની તાલીમ પણ એમને અઢારમે વર્ષે તાતાની પેઢીના દફતરમાં મદદનીશ તરીકે કામ સોંપીને પિતાએ આપવા માંડી હતી. તાતા કુટુંબે પોતાના લોખંડ અને પોલાદના ઉદ્યોગમાં સલાહકાર તરીકે નીમેલા ઇન્ડિયન સિવિલ સર્વિસના મિ. જે. સી. કે. પીટરસન જેવા અતિકુશળ વહીવટકર્તા પાસે લીધેલી એ તાલીમની સાર્થકતા આજે એમના કુશળ વહીવટમાં જણાઈ આવે છે.


ઈ. ૧૯૨૬માં પિતાનું અવસાન થયું અને સંસ્થાના એક ડાયરેક્ટર તરીકે એમની નિમણૂક થઇ. ઈ. ૧૯૩૮માં સર નવરોજી સકલાતવાળાનું અવસાન થતાં, ભારતના અનેક મોટા ઉદ્યોગો ચલાવતી એ પેઢી 'તાતા ઍન્ડ સન્સ'ના અધ્યક્ષ તરીકે એમની પસંદગી કરવામાં આવી ત્યારે એમની ઉમર માત્ર ૩૪ વર્ષની હતી.



પણ આવી મોટી અને કપરી જવાબદારીઓ નિભાવવા જેટલી યોગ્યતા પણ જે. આર. ડી.માં હતી જ. પોતાની સાથે સંકળાએલા હાથનીચેના માણસો પ્રત્યેની એમની હૃદયની ઉષ્માભરી લાગણીઓએ એમને સૌના પ્રીતિપાત્ર બનાવી દીધા. આ ઉપરાંત, કોઈ પણ વિષયની જાણકારી પ્રત્યેની ઉત્કટ જિજ્ઞાસા, પોતાના ક્ષેત્રની પ્રત્યેક—ખાસ કરી યાંત્રિક બાબતો વિષેની ઊંડી સમજ, ઉપરચોટિયા નિર્ણયો પ્રત્યેની નાપસંદગી, સામી વ્યક્તિમાં ઢંકાએલી શક્તિને પહેચાની લેવાની ચકોર દૃષ્ટિ, અને કરવાનાં કાર્યોને ઉત્કૃષ્ટતાથી પૂરાં કરવાનો આગ્રહ–આવી આવી એમના વ્યક્તિત્વની આગવી બાજુઓ છે. 'તાતા'નાં સંચાલનોના વિસ્તાર અને વિકાસ પાછળ એક યા

જગતનાં પ્રાણીઓ-૬૨

ઑક્ટોપસ-આઠપગાં



મોતી આપતી 'કાળુ' ને ગોકળગાય જેવાં, શરીરમાં હાડકાં વિનાનાં મૃદુકાય જીવોના વર્ગમાં ઑક્ટોપસ–આઠપગાં નામે એક વિચિત્ર જળચર છે. પ્રાચીન કાળમાં તો એને છીપ જેવું ઢાંકણ હતું, પણ તીક્ષ્ણ દૃષ્ટિ, ઝડપ અને ચપળતા ધરાવતા આ જીવને હવે એની જરૂર નથી રહી. એક ઈંચથી માંડી ૨૮ ફૂટ સુધીના કદનાં લગભગ પચાસેક જાતનાં આઠપગાં થાય છે. આપણા દરિયામાં ૪·૫ ઇંચથી માંડી ૨૦ ઈંચ સુધીનાં આઠપગાં મળે છે. ઈંડાંમાંથી જન્મે ત્યારે તો એમનું કદ અતિશય ટચુકડું અને પગને સ્થાને માત્ર કોંટા જ ફૂટેલા હોય છે. પાછળથી તે વધીને સૂંઢ, હાથ કે પગ જે કહીએ તે રૂપે વિકસે છે. એ દરેક પગમાં ગોળ ચૂસણિયાઓની બબ્બે હાર હોય છે.

નિશાચર હોઇ દિવસે તો એ પાણીમાં તળિયે ખડકોની બખોલમાં કે રેતીમાં દર કરીને ભરાઇ રહે છે. ક્યારેક નજીકથી પસાર થતી માછલીને પોતાનો એકાદ હાથ લંબાવીને પકડી લઈ પોપટની ચાંચ જેવા આકારનાં સખત જડબાંમાં મૂકી એને ફાડી ખાય છે. એનું મોં શરીરની મધ્યમાં, ગુંબજ જેવા માથાની નીચે હોય છે. આ ગુંબજ એ જ એનું શરીર. મોંને બાદ કરતાં એમાં મથાળા પાસે બે મોટી તગતગતી અનિમેષ આંખો હોય છે. સ્વભાવે એ બીકણ છે. ભય વખતે શત્રુ સામે પોતાના શરીરમાંથી શાહી જેવો પદાર્થ કાઢીને એથી રચાએલા વાદળની ઓથે એ છટકી જાય છે. આત્મગોપન માટે એ પોતાના શરીરના રંગ પણ બદલી શકે છે.

અંધારું થયે એ શિકાર માટે બહાર નીકળે છે. ત્યારે જમીન પર પોતાના પગ માંડીને ચાલે છે, તેમજ પિચકારી (જેટ) પેઠે પાણીનો ફુવારો છોડી એના ધક્કાના જોરે એ અવળે મોંએ ઝડપથી તરે પણ છે!

માદા ઑક્ટોપસ દ્રાક્ષ જેવાં ઈંડાં મૂકે છે ને બહુ જતનથી તેને સાચવે છે. જરૂર પડ્યે એના સારુ એ લડવા પણ તૈયાર થઈ જાય છે.

બીજી રીતે એમની આ શક્તિ અને માનસ દેખાઈ આવે છે.

યુવાનીમાં એમને અતિ ઝડપી 'સ્પોર્ટ્સ કાર'માં ઘણો રસ પડતો. આજે પણ ઉડ્ડયનમાં એમને ઊંડો રસ છે. પાછળથી રાષ્ટ્રીયકરણ પામી 'એર ઇંડિયા ઇન્ટરનૅશનલ'રૂપે વિકાસ પામેલા ભારતના પ્રથમ આંતરિક વિમાન-વ્યવહાર 'તાતા એર લાઇન્સ'ના સ્થાપક તેઓ જ છે. ઉડ્ડયનનો પરવાનો મેળવનાર પણ તેઓ જ પ્રથમ ભારતીય છે, ઈંગ્લંડ અને ભારત વચ્ચે એકાકી ઉડ્ડયન કરનાર પણ તેઓ પ્રથમ ભારતીય છે; અને ઇંગ્લંડ ને ભારત વચ્ચે વધુમાં વધુ ઝડપી એકાકી ઉડ્ડયન કરવાની આગાખાન હરીફાઈમાં ભાગ લેતી વખતે સાથી હરીફને સહાય કરવા માટે જાણીજોઇને પોતાનું ઉડ્ડયન મોડું ન કર્યું હોત તો એ ઈનામ પણ તેઓ જ જીતી જવાના હતા.

'તાતા' સંસ્થાના બધા જ ઉદ્યોગો ને સંચાલનોના અધ્યક્ષ, રીઝર્વ બૅંક ઑવ ઇન્ડિયા, ગાંધી સ્મારકનિધિ, કસ્તૂરબા ગાંધી રાષ્ટ્રીય સ્મારક ટ્રસ્ટ આદિ રાષ્ટ્રવ્યાપી સંચાલનોમાં અને એ ઉપરાંત સમાજ-ઉપયોગી અનેકવિધ ટ્રસ્ટોમાં માનભર્યું પદ ભોગવતા હોવા છતાં જીવનની સફળતા ને સ્થાનની પ્રતિષ્ઠાથી ફૂલી જઇને તેઓ પોતાના ખાનદાનની ઉચ્ચ કક્ષાએથી જરા પણ ચાતર્યા નથી, કે એમની સ્વભાવગત સાદગી અને સહૃદયતામાં સહેજ પણ ઓટ આવી નથી. કામદારો પ્રત્યેની એમની સહાનુભૂતિ અને ખેલદિલીની છાપ એટલી તો ઊંડી છે કે કેટલીક વાર કામદારો ને સંચાલકો વચ્ચે મતભેદો થાય ત્યારે કામદારો બેધડક એમને વિષે ટીકા કરી શકવા છતાં એમની જ અંગત દરમિયાનગીરી માટે વીનવે એટલી એમને એમનામાં શ્રદ્ધા છે.

તાતા ઉદ્યોગોના સ્થાપકનું ધ્યેય માત્ર નફો કરવાની પ્રત્યેક તક ઝડપી લેવાનું નહિ પણ પોતાની સંસ્થાઓનો વિકાસ સાધતા રહી ગરીબ તથા અનેક રીતે પછાત એવા આ દેશમાં ઝડપી ઉદ્યોગીકરણ વધારતા જવાનું, તથા સમાજનું હિત સાધતા જવાનું રહ્યું છે. એ ધ્યેય પ્રત્યેની નિષ્ઠા તથા એની સિદ્ધિ અર્થેના પરિશ્રમની શક્તિ વડે જેહાંગીરજી આજે એનું સંચાલન કરી રહ્યા છે. એને માટેની અતિ ઊંડી ચીવટ ને માનવતાભર્યા એમના સફળ સંચાલનને બિરદાવવા (અમેરિકા)ના 'નૅશનલ એસોસીએશન ઑવ ફોરમેને' ઈ. ૧૯૫૩માં એમને 'ઈન્ટરનૅશનલ મૅનેજમૅન્ટ મૅન' તરીકે બિરદાવ્યા છે. ઈ. ૧૯૫૪માં ફ્રાંસની સરકારે 'લીજિયાં ઑવ ઑનર'થી તથા ભારત સરકારે ૧૯૫૫માં એમને 'પદ્મવિભૂષણ' બનાવીને નવાજ્યા છે. ઇન્ડિયન હવાઇ દળના તેઓ માનાર્હ ગ્રૂપકૅપ્ટન છે. લંડનના 'આયર્ન ઍન્ડ સ્ટીલ ઇન્સ્ટિટ્યૂટે' પણ એમને પોતાના માનાર્હ સભ્ય બનાવ્યા છે. આ ઉપરાંત પણ અન્ય અનેક માનભર્યાં સ્થાનો એમને અપાયાં છે અને બેશક કહી શકાય કે એ બધા માનના તેઓ સુયોગ્ય અધિકારી છે.

આટલી સફળતા તથા આવા માનભર્યા સ્થાને હોઈ એમની સંપત્તિ પણ એવી જ વિશાળ હશે એમ માનવા ઘણા પ્રેરાય, પરંતુ હકીકતે એથી ઊલટું છે. એક લાખ ચાળીસ હજાર ઉપરાંત માણસોને સમાવતાં ૨૫ ઉપરાંત જેટલાં વિવિધ ક્ષેત્રોમાં ૩૪૧ કરોડ રૂપિયાનું રોકાણ ધરાવતા તાતા-ઉદ્યોગોની ભાવના લોકોના ટ્રસ્ટી તરીકેની છે. એ બધામાંથી થતા નફાનો ૮૧ ટકા ઉપરાંતનો હિસ્સો જમશેદજીના પુત્રો સર દોરાબ અને સર રતને કરેલાં ટ્રસ્ટો અનુસાર લોકહિતાર્થે વપરાઇને પાછો રાષ્ટ્રમાં જ વહેંચાઈ જાય છે. આમ, અતિશય ઓછા અંગત લાભ છતાં તાતા સંસ્થાઓ પ્રત્યેના મમત્વથી પ્રેરાઇને તેઓ મોડી સાંજ સુધી દફતરમાં એનાં કાર્યોમાં રોકાઈ રહે છે.

દફતર બહાર એમના રસના વિષયોમાં ગૉલ્ફ, તરવું, શિયાળાની રજાઓમાં સ્કીઈંગ અને સૌથી વધુ તો વાચન એમને ગમે છે. ઇંગ્લિશ અને ફ્રેંચ કાવ્યો પ્રત્યે એમને ઊંડી ચાહના છે. છેલ્લે છેલ્લે એમણે સાધનસંપન્ન વર્કશૉપ બનાવી એમાં પણ સમય ગાળવા માંડચો છે. 'જેના ઉદ્યોગપતિઓ ઉચ્ચ ખયાલો ધરાવે છે એ સમાજ મહાન છે' એવા એક કથનની યથાર્થતા વિચારીએ તો કહી શકીએ કે ભારતને મહાન બનવામાં જે. આર. ડી. ખરેખર મોટો ફાળો આપી રહ્યા છે.

શ્રી ગુલામમોહમ્મદ શેખ

યુવાન ચિત્રકાર અને કવિ (એમના પરિચય માટે જુઓ અંક ૪૬૩મો) શ્રી ગુલામમોહમ્મદ શેખ તા. ૧૬મી સપ્ટેમ્બર '૬૩ના રોજ



'કૉમનવેલ્થ સ્કૉલરશિપ યોજના' હેઠળ ત્રણ વર્ષ માટે ચિત્રકળાના વધુ અભ્યાસ અર્થે લંડન જઈ રહ્યા છે. શ્રી શેખ ૧૯૬૧માં વડોદરાની ફૅકલ્ટી ઑવ ફાઈન આર્ટ્સમાં ચિત્રકળાની એમ.એ.ની પરીક્ષામાં પ્રથમ શ્રેણિમાં ઉત્તીર્ણ થયા બાદ ત્યાં જ અત્યાર લગી ચિત્રકળાના ઇતિહાસના પ્રાધ્યાપક તરીકે સેવાઓ આપતા હતા. એમણે લંડન જતાં પૂર્વે મુંબાઈની તાજ આર્ટગૅલેરીમાં એમનું ત્રીજું એક-વ્યક્તિ પ્રદર્શન યોજ્યું હતું, જેને કલાવિવેચકો તરફથી સુંદર આવકાર સાંપડચો હતો. શિષ્યવૃત્તિની યોજના હેઠળ શ્રી શેખ લંડનમાં ચિત્રકળાનો અભ્યાસ કરવા ઉપરાંત યુરોપના અન્ય દેશોના કલા-સંગ્રહોની મુલાકાત પણ લેશે. તાજેતરમાં જ શ્રી શેખનો કાવ્યસંગ્રહ 'અથ' પ્રગટ થશે. શ્રી શેખને લલિતકલા અકાદમી તરફથી ૧૯૬૨માં તેમની ચિત્રકૃતિ માટે રૂ. ૧૦૦૦નું પારિતોષિક પ્રાપ્ત થયું હતું. એમનાં ચિત્રો એ સંસ્થા ઉપરાંત કુણિક આર્ટ ગૅલેરી (દિલ્હી), શ્રી કેકૂ ગાંધી (મુંબાઈ) તથા રૂપા આર્ટ ગૅલેરી (મુંબાઇ)ના સંગ્રહોમાં સ્થાન પામ્યાં છે. તેઓ 'ગ્રૂપ ૧૮૯૦'નામે ચિત્રકારસંઘના સભ્ય છે. —સુનીલ કોઠારી

સસ્તી વીજળીની શોધ

જગતના ઘણા ભાગોમાં આજે પણ વીજળી શક્તિનો અભાવ છે. વીજળી વિના એ વિસ્તારોની પ્રગતિ રૂંધાઈ રહી છે. વળી વીજળી વિના, તેઓ વીજળી પેદા કરવાને તબક્કે પહોંચી પણ શકતાં નથી. વીજળીનાં નવાં સાધનોની ખોજ કરી રહેલા વિજ્ઞાનીઓ આજે ચાલુ સ્વરૂપના વીજળીના કારખાના વિના જ વીજળી પેદા કરવા માટેનાં સાધનો વિકસાવવા મથી રહ્યા છે. તાજેતરમાં તેઓએ સૂર્યશક્તિથી ચાલતી વિવિધ પ્રકારની ઘડીઓ ઉપરાંત હવે સૂર્યશક્તિથી ચાલતી જગતની પહેલી હોડી પણ બનાવી છે.

થોડાં વરસ પૂર્વે અમેરિકાની ટેલિફોન ઍન્ડ ટેલિગ્રાફ કંપનીએ તેની દૂરની ટેલિફોન લાઇનોને ચલાવવા સૂર્ય-કોષ વિકસાવ્યા હતા. તાજેતરમાં, આંતરરાષ્ટ્રીય સંદેશાવ્યવહાર ઉપગ્રહ 'ટેલસ્ટાર' સહિત ઘણાં અવકાશયાનોમાં, યંત્રસાધનો ચલાવી શકાય તેટલા પૂરતી જરૂરી વીજળી પેદા કરવા સૂર્યકોષોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત ખમીર અને જીવાણુઓ (બૅકટીરિયા)માંથી વીજળી પેદા કરવાના પણ પ્રયોગો થઇ રહ્યા છે. પ્રયોગો સફળ થશે તો પાણીની ટાંકીમાં બાઝી જતી લીલમાંથી કે કચરાના કે છાણના ઢગલામાંથી પણ વીજળી મેળવી શકાશે!

સાંકેતિક લિપિઓ-૫] . . . . **મૂલદેવીય** . . . . [સુશીલા આર. પટેલ

મૂલદેવે કહેલી સાંકેતિક લિપિ 'મૂલદેવીય' કહેવાય છે. મૂલદેવ બહુ જ પ્રાચીન સમયમાં થયા હશે તેમ લાગે છે, કેમકે 'કેરલ પ્રશ્નતત્ત્વ' નામે જ્યોતિષ ગ્રંથમાં તથા 'કામતંત્ર' નામે ગ્રંથમાં 'મૂલદેવેન ભાષિતમ્' એ રીતે મૂલદેવના નામનો સમ્માનપૂર્વક ઉલ્લેખ કરીને તેની માન્યતા રજૂ કરી છે. 'કેરલ પ્રશ્નતત્ત્વ'ગ્રંથમાં તેનો મત જ્યોતિષી તરીકે આપ્યો છે. અને 'કામતંત્ર'ગ્રંથમાં કામવિજ્ઞાનના વિદ્વાન તરીકે તેનો ઉલ્લેખ છે. આ રીતે મૂલદેવ ઘણી વિદ્યામાં જાણકાર પ્રસિદ્ધ વિદ્વાન હશે તેમ કલ્પી શકાય છે. 'કેરલ પ્રશ્નતત્ત્વ' અને 'કામતંત્ર'ની રચના જોતાં મૂલદેવ ઇસ્વીસન પૂર્વે થયાની શકયતા છે. સાંકેતિક લિપિ માટે મૂલદેવનું સૂત્ર આ રીતે છે.

અ–કૌ ખ–ગૌ ઘ–ઙૌ ચૈવ
ચ–ટૌ ન–યૌ ચ–શૌ તથા:
એ તે વ્યસ્તા: સ્થિરા શેષા:
મૂલદેવીયમ્ ઉચ્યતે.

અ ના બદલે ક અને ક ના બદલે અ
ખ ના બદલે ગ અને ગ ના બદલે ખ
ઘ ના બદલે ઙ અને ઙ ના બદલે ઘ

ચ–છ–જ–ઝ–ઞ } ચ વર્ગના અક્ષરોને બદલે ટ વર્ગના અને
ટ–ઠ–ડ–ઢ–ણ }
ટ વર્ગના અક્ષરો બદલે ચ વર્ગના લખવા.

એ જ રીતે

ત–થ–દ–ધ–ન } આ વર્ગો પણ ઊલટા-સૂલટી કરવા; તથા
પ–ફ–બ–ભ–મ }

ય–ર–લ–વ } આ વર્ગોને પણ ઊલટા-સૂલટી કરવા; અને
શ–ષ–સ–હ }

બાકી રહેલા એટલે કાનો, માત્રા, હ્રસ્વ ઇ, દીર્ઘ ઈ, હ્રસ્વ ઉ, દીર્ઘ ઊ વગેરેને જેમ લખાય છે તેમ જ લખવા; તો મૂલદેવીય લિપિ થશે.

મૂલદેવની સાંકેતિક લિપિમાં 'કુમાર' શબ્દ લખવો હોય તો **'અુનાષ'** લખાશે, કેમકે ક બદલે અ લખવાનો છે. હ્રસ્વ ઉ તો રાખવાનું જ છે. મ ના બદલે ન લખી કાનો કરવાનો છે, એટલે કે ના લખવાનો છે. અને ર ના બદલે ષ લખવાનો છે. આ રીતે **'કુમાર'**ના બદલે **'અુનાષ'** લખાશે. એ જ રીતે મૂલદેવીય લિપિમાં સુશીલા લખવું હોય તો **'હુયીસા'** લખાશે.

'એકોહં બહુસ્યામ' એ વેદાંતસૂત્ર લખવું હોય તો 'કે ઓવં દહુલ્શાન' લખાશે. આ રીતે ઘણાં ઉદાહરણો વાચકો લખી શકશે.

સત્યજિત રૅયને એક વધુ પુરસ્કાર

શ્રી સત્યજિત રૅયનું નામ હવે અજાણ્યું નથી. ધંધાદારી ચિત્રકાર તરીકેનું કામ છોડી હજી એકાદ દસકાથી જ ફિલ્મનિર્માતાના ક્ષેત્રમાં પ્રવેશનાર આ પ્રતિભાવાન કલાકારે ફિલ્મક્ષેત્રે ઉત્તરોત્તર જે સિદ્ધિઓ મેળવી છે તેમાં છેલ્લે એમના ચિત્ર 'ટુ ડૉટર્સ' (બે કન્યા)ને અમેરિકામાં ફરી એક વાર 'ડૅવિડ સેલ્ઝનિકન' (ગોલ્ડન લૉરેલ)નું (સુવર્ણ-મુકુટ) પારિતોષિક મળ્યું છે. ત્રણ જ વર્ષમાં એમને ફરી આ માન મળ્યું. આંતરરાષ્ટ્રીય સમજણમાં વધારો કરવામાં, અમેરિકા સિવાયના દેશોનાં ચિત્રપટોમાં એમના આ ચિત્રને શ્રેષ્ઠ ઠરાવવામાં આવ્યું છે. એ માન પ્રથમ વાર ૧૯૬૦માં એમના 'અપરાજિત'ને મળેલું ત્યારે ૩૦૦ થી યે વધુ બોલપટો જોયા પછી પરીક્ષકોએ 'અપરાજિત'ને શ્રેષ્ઠ જાહેર કર્યું હતું.

વિવેચકોના કહેવા પ્રમાણે 'ટુ ડૉટર્સ'માં 'પથેર પાંચાલી' અને 'અપુર સંસાર' જેવી જ સચોટ રજૂઆત છે. સામાન્ય આદમીના જીવનની રજૂઆત કરવામાં એમનો કસબ એમના પોતાના જેવો જ સાદગી ભર્યો હોય છે. એમના ચિત્રના ગામડાના પોસ્ટમાસ્તર ને નાનકડી અનાથ બાળા વચ્ચેના નિખાલસ પ્રેમભાવમાં કે ગ્રામદંપતીની અર્થહીન વડછડમાં પૂરતું નાટયતત્ત્વ મળી શકે છે. 'પથેર પાંચાલી' ન્યૂ યૉર્કમાં ૪૨ અઠવાડિયાં ચાલેલું. ચિત્રના નિર્માણ માટે એમની પાસે પૂરતી મૂડી નથી, પણ કરકસર પ્રત્યેનો એમનો પક્ષપાત પણ અન્ય નિર્માતાઓ માટે અનુકરણીય છે. એ માટે ક્યારેક પોતાનાં ચિત્રોમાં પાર્શ્વસંગીત પણ તેઓ પોતે જ રચી લે છે. વાસ્તવિકતા, માનવતા, કાવ્યતત્ત્વ અને શુદ્ધ ભારતીયતાને એમણે પોતાની કલાના લક્ષ્યસ્થાને મૂકયાં છે અને આ ઘટકો આંતરરાષ્ટ્રીય સમજણ વધારવા માટે પૂરતાં છે. એ એમણે પોતાનાં બોલપટો દ્વારા સચોટતાથી સાબિત કરી બતાવ્યું છે.

ઘી અને તેલ

આજના આહારશાસ્ત્રમાં માણસે પૂરતા પ્રમાણમાં ચરબીનાં તત્ત્વો લેવાની ભલામણ કરવામાં આવી છે. ઘી–તેલ એ બંનેમાં ચરબીનાં તત્ત્વો છે. પણ ઘી અને તેલનો કેવળ ચરબીની દૃષ્ટિએ જ વિચાર કરવો ખતરનાક છે. જ્યાં સુધી માણસની પ્રકૃતિનો વિચાર કરવામાં ન આવે ત્યાં સુધી કેવળ ખોરાકનાં પોષક ઘટકોનો વિચાર અપૂર્ણ રહે છે.

જેની પિત્ત પ્રકૃતિ છે એવો માણસ જો કેવળ તેલ ખાવા માંડશે તો એથી ભયંકર નુકસાન થવાનો સંભવ છે, કારણ કે તેલ પિત્તવર્ધક છે. એવી જ રીતે વાત કે કફજ પ્રકૃતિના માણસો ઘી ખાય તો એથી પણ અહિત જ થશે, કારણ કે ઘીમાં પિત્તજ ગરમી આપવાની શક્તિ નથી. જ્યારે આ પ્રકૃતિના માણસને કફને પકવવા માટે તથા વાયુનું અનુલોમન કરવા માટે પિત્તજ શક્તિની જરૂર પડે છે. આથી એવા માણસને મંદાગ્નિ–અજીર્ણ વધે છે. આવશ્યક પાચક ગરમીના અભાવે પચ્યા વિના પડ્યાં રહેલાં તત્ત્વો ચરબીમાં પરિવર્તન પામે છે, મેદ વધતો જાય છે અને પરિણામે રોગજન્ય સ્થિતિ પેદા થાય છે. આમ, ઘી અને તેલ એ બંને ભિન્ન ગુણધર્મવાળાં તત્ત્વો છે અને એથી જ કફજન્ય સ્થિતિમાં તેલ અને પિત્તજન્ય સ્થિતિમાં ઘીનાં અનુપાનો યોજવામાં આવે છે. બીજી રીતે કહીએ તો પોષક ઠંડક માટે ઘી અને પોષક ગરમી માટે તેલ હિતકર બને છે, ખોરાકના ગુણદોષ અને માણસની પ્રકૃતિ એ બેનો સમન્વય કરવાથી જ સંપૂર્ણ પોષક ખોરાક યોજી શકાય. એકલા ખોરાકનાં પોષકતત્ત્વોની ચીવટથી તો કેટલીક વખત અહિત જ થવાનો ભય છે.
(જ. પ્ર) —ચિકિત્સક

જંગી પુસ્તકાલય

આપણી પાર્લામેન્ટ જેવી અમેરિકન કૉંગ્રેસના વૉશિંગ્ટનનું પુસ્તકાલય કેટલું જંગી છે તેનો કાંઈક ખયાલ આ આંકડા આપશે. હાલ ત્યાં ૧,૨૫,૩૪,૦૦૦ પુસ્તકો અને ચોપાનિયાંનો સંગ્રહ છે. આ ઉપરાંત, ૧,૭૯,૮૯,૦૦૦ હસ્તપ્રતો તથા ૧૦ કરોડ જેટલી ફોટોનેગેટિવો, નકશા, સંગીતની પાંડુલિપિઓ, ચિત્રછાપો, અંધજનો માટેના ઉપસેલા અક્ષરોવાળા ગ્રંથો, ફોનોગ્રાફ રેકૉર્ડો, 'બોલતાં પુસ્તકો'; અખબારોની માઇક્રો-ફિલ્મો, ચલચિત્રોનાં રીલ, પોસ્ટરો, માઇક્રોકાર્ડ અને છાપાંઓની બાંધેલી ફાઇલો પણ ત્યાં છે. અંધજનો માટેનાં પુસ્તકોના ત્યાંના મોટા સંગ્રહને લીધે ઈ. ૧૯૬૨માં ૧૨ ટકા જેટલા વાચકોનો ત્યાં વધારો થયો છે.

ટિકિટસંગ્રહ





આ માસની ૧૬મી તારીખે બહાર પં-ડેલી પાકિસ્તાનની નવી પુરાતત્ત્વ વિ-ષયક ચાર ટિકિટો (નઝીરહુસેન-કરાંચી)

આ નવી ચાર ટિકિટો પર (ઉપરથી અનુ-ક્રમે) પહાડપુર, તક્ષશિલા, મેનામતી અને મોહેં જો ડેરોનાં આલેખનો આપ્યાં છે.





સ્વ. દાદાભાઈ નવરોજજી જન્મજયંતી નિમિત્તની આ માસની ૪થી તારીખે બહાર પડેલી ભારતની ખાસ ટિકિટ

ભૂખ નિવા-રણઝૂંબેશની માલાગાસી ની ખાસ ટપાલટિકિટ







રેડક્રૉસ શતાબ્દી નિમિત્તની ઈંગ્લંડની ત્રણ ખાસ ટપાલટિકિટો (મોકલનાર: રામુભાઈ–બર્મિંગહામ). જમણી તરફની નીચેની પાંચ ટિકિટો માડાગાસ્કર-હવે માલાગાસી પ્રજાસત્તાકની છે. ત્યાંનાં રૂપસુંદર પક્ષીઓને આલેખતી આ પાંચે પૂર્ણરંગી ટિકિટો ગયા ઑગસ્ટની ૧૨મી તારીખે બહાર પડી છે. (આ છએ ટિકિટો મોકલનાર: ફિદાહુસેન–માજુંગા). વન્ય જીવન સપ્તાહ નિમિત્તે આવતા માસની ૭મી તારીખે ભારતમાં જે ખાસ ટિકિટો બહાર પડવાની છે તેમાં ૧૦ ન.પૈ.ની ટિકિટ પર ગૌર, ૧૫ ન.પૈ.ની ટિકિટ પર હિમાલયનો પાડો, ૩૦ ન.પૈ.ની ટિકિટ પર હાથી, ૫૦ ન. પૈ. પર વાઘ અને એક રૂપિયાની ટિકિટ પર ગીરના સિંહનું આલેખન રહેશે. ટિકિટના સંગ્રાહકોને ખયાલમાં હશે કે અગાઉ જૂનાગઢ રાજ્યની એક ટપાલટિકિટ પર પણ ગીરના સિંહનું આલેખન આવતું હતું. મથાળાની દાદાભાઇ નવરોજીની આ માસમાં બહાર પડેલી ટિકિટ મોલકનાર: કુ. રેણુકા દેસાઇ-વિલેપારલે. કેન્યા યુગાન્ડા ટાંગાનિકાએ રેડક્રૉસ શતાબ્દી નિમિત્તે બહાર પાડેલી બે ટિકિટોમાંની એક ડાબી બાજુ આપી છે. બીજી ટિકિટ પર પણ રંગફેર સાથે આ મુજબનું જ આલેખન છે. મોકલનાર: હસમુખ શાહ–નાકુરુ અને માધવજી ડાહ્યાભાઈ–ઇરિંગા.

વિકસતું વિજ્ઞાન

'માઇક્રૉફિલ્મ' અને 'મૅગ્નેટિક ટેઇપ' પછી અમેરિકામાં હવે એક એવી શોધ વિકસી રહી છે કે જેના વડે માત્ર એક ઘન સેન્ટીમીટર જેટલી જગ્યામાં લાખો પુસ્તકો સમાઈ શકે. અમુક પ્રકારનાં સ્ફટિક પર પ્રકાશ ફેંકતાં એમાં મિલિમીટરના બે હજારમા ભાગ જેટલા વિસ્તારમાં રંગપરિવર્તન થાય છે. એક ઘન સેન્ટીમીટર જેટલા સ્ફટિકમાં આવા પરિવર્તિત વિસ્તાર લાખોની સંખ્યામાં મળી શકે છે. એ સિદ્ધાંતને આધારે આ નવી શોધ વિકસી રહી છે. અંદાજ છે કે એના વડે દરેક સરાસરી દસેક લાખ અક્ષરોવાળાં લગભગ અઢી લાખ જેટલાં પુસ્તકો માત્ર એક ઘન સેન્ટીમીટરના વિસ્તારમાં સમાવી શકાશે.

સજીવ દ્રાવણને કઠણ પદાર્થમાં ફેરવી નાખવાના પોતાના એક નવા સિદ્ધાંતને આધારે જર્મન રસાયણશાસ્ત્રી ડૉ. થીલે એક જાનવરની આંખના નેત્રમણિ–લેન્સને રાસાયણિક રીતે ગાળી નાખી ફરી કૃત્રિમ રીતે એનું નિર્માણ કરવાનો એક અભિનવ ને સફળ પ્રયોગ કર્યો છે. આ જ સિદ્ધાંતને વધુ વિકસાવવાથી ભવિષ્યમાં કુદરતી પેઠે જ કામ આપી શકે એવા દાંત અને આંખના નેત્રમણિનું કૃત્રિમ નિર્માણ શક્ય બનશે.

આ માસ (સપ્ટેમ્બર) ઇતિહાસમાં • વ્યક્તિવિશેષ • પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ : ક્રિકેટવીર 'રણજી'

ગોરી અંગ્રેજ પ્રજા પ્રત્યેક ક્ષેત્રમાં સર્વોપરી ગણાતી અને કોઈ મામૂલી ગોરા અમલદાર પાસે હિંદી રજવાડાં પણ કુછ બિસાતમાં નહોતાં એ કાળમાં એક હિંદી રાજકુમાર અંગ્રેજોની નિજી કહેવાતી ક્રિકેટની રમતમાં પ્રવીણતા બતાવે, એટલું જ નહિ પણ તેમને કંઈક નવું શીખવી શકે એ ઘણી અજબ બીના હતી. નવાનગર (જામનગર)ના કુંવર રણજિતસિંહજીએ એવી અદ્ભુતતા વડે અંગ્રેજ પ્રજાના હૃદયમાં ઘણું આદરભર્યું સ્થાન મેળવ્યું હતું.

સૌરાષ્ટ્રના સરોદર નામે ગામડામાં ઈ. ૧૮૭૨ની ૧૦મી સપ્ટેમ્બરે એમનો જન્મ થયો. રાજકોટની રાજકુમાર કૉલેજના પ્રિન્સિપલ મિ. ચેસ્ટન મૅકનૉટન પાસે ક્રિકેટના પ્રથમ પાઠ મેળવ્યા. સોળના વયે ઈંગ્લંડ જઈ કૅમ્બ્રિજમાં દાખલ થયા. સરૂરેના શાર્પ, રિચર્ડસન, લોકવૂડ, વૉટ્સ વગેરે જેવા ઉસ્તાદો

(અનુસંધાન પૃ. ૩૦૧)





પ્રસંગવિશેષ : લંડનની આગ, ૨જી સપ્ટેમ્બર. ઇ.સ. ૧૬૬૬

ચાર્લ્સ બીજાના અમલમાં લંડન પર બે મોટી આપત્તિ આવી પડેલી. ઈ. ૧૬૬૫માં લંડનમાં ભયંકર મરકી ફેલાઈ, અને એની અસર હજી ચાલુ હતી ત્યાં બીજે વર્ષે ૧૬૬૬માં ૨જી સપ્ટેમ્બરે રવિવારે વહેલી સવારે લંડન બ્રિજ નજીક પુડિંગ લેનમાં આગ લાગી. આસપાસનાં ગીચ ને લાકડાનાં મકાનોમાં એ આગ ફેલાઈને ટેઈમ્સના ધક્કા તરફ આગળ વધી, નદીમાંથી પાણી ખેંચતું ચક્કર પણ લાકડાનું હોઇ એમાં સળગી ગયું. પરિણામે નજીકના વિસ્તારોમાં પાણી પહોંચતું પણ બંધ થયું. કમનસીબે પવન પણ સતત ફુંકાતો હતો એટલે રાત સુધીમાં તો આગ શહેરમાં ઊંડે સુધી પહોંચી. બળી ગએલા ને સળગતા ભાગને તોડી પાડવા માટે હૂકવાળા દાંડા અને કુહાડીઓ તથા આગ હોલવવા માટે ત્રણ માણસો વડે ચાલતી ટંકી સિવાય લોકો પાસે આગ સામે લડવાનું કોઇ સાધન હતું નહિ. રાજાએ શહેરનો વહીવટ ડયુક ઑવ યૉર્ક જેમ્સને સોંપ્યો. સૈનિકોની સહાય પણ લેવાઈ. એ આગમાં સેંટ પૉલના વિખ્યાત ગોથિક દેવળ સાથે ૮૭ દેવળો, ૧૩૨૦૦ ઘર આદિ સહિત શહેરના માત્ર પાંચમા ભાગ સિવાયનો બધો વિસ્તાર તારાજ થઈ ગયો. ચોથે દિવસે પવન શાંત પડતાં આગ ધીમી પડી ને કાબૂમાં આવી.

પરંતુ આટલી ભયંકર તારાજી પછી પણ છાતીધડી અંગ્રેજ પ્રજાએ હિંમતથી નવસર્જન આદર્યું. સર ક્રિસ્ટૉફર રેન તથા જ્હૉન એવેલિને નગરરચનાની નવી યોજના રજૂ કરી. થએલી ખુવારીને લીધે તથા પૂરતા રાષ્ટ્રીય ભંડોળને અભાવે એનો સમગ્ર અમલ તો ન થઈ શકયો. છતાં લંડન ફરી ઊભું થવા માંડયું. હવે બાંધકામમાં લાકડું વાપરવાની કાયદાથી મનાઇ ફરમાવવામાં આવી. કેટલાક જૂના માર્ગો વધુ પહોળા અને સીધા બનાવાયા. સર ક્રિસ્ટૉફરના નકશા પ્રમાણે સેંટ પૉલનું આજનું જગવિખ્યાત દેવળ નવેસરથી રચાયું. (એનું કામ તો છેક ૧૭૧૨માં પૂરું થએલું). શહેરની વ્યવસ્થા ને સ્વચ્છતા વગેરે માટે લોકોની જવાબદારી વધારાઈ. નવા રસ્તાઓ પર ગટર ને બત્તીઓ મુકાઇ. રોગચાળાની જડ પણ આ આગથી બળી ગઈ.

કંકાવટી

પ્રથમ મહિલા વિમાની

ગયા જુલાઈની ૨૪મીએ અમેરિકન ટપાલ ખાતાએ આઠ સેન્ટની હવાઈ ડાકની ટિકિટ



પર જેની છબિ છાપીને માન આપ્યું છે એ સ્વ. ઍમીલિયાઈયરહાર્ટ વિમાનમાં ઍટલાંટિક પાર કરનાર પ્રથમ અમેરિકી મહિલા હતાં. ઈ. ૧૯૨૮ની ૧૭-૧૮મી જૂને અમેરિકાના ન્યૂફાઉન્ડ લૅન્ડથી ઇંગ્લૅન્ડના વેલ્સમાં બરૃી પૉર્ટ સુધીનું ઉડ્ડયન એણે કર્યું તે પછી ઇ. ૧૯૩૨માં એમણે પ્રથમ એકાકી મહિલા વિમાની તરીકે ઍટલાંટિક પરથી ઉડ્ડયન કર્યા બાદ ૧૯૩૫ના જાન્યુઆરીમાં એમણે હૅાનોલુલુથી કૅલિફૉર્નિયામાં ઑકલૅન્ડ સુધીના ઉડ્ડયનમાં પૅસિફિક પાર કર્યો. આમ, ઉડ્ડયનક્ષેત્રે અનેકવિધ વિક્રમો કરી આંતરરાષ્ટ્રીય ખ્યાતિ મેળવ્યા બાદ ૩૯વર્ષની વયે પૃથ્વીની હવાઇ પ્રદક્ષિણા કરતાં લગભગ છેલ્લા તબક્કે તેઓ પ્રશાંત મહાસાગરમાં એકાએક ગુમ થયાં. અમેરિકન જહાજો અને સોથી યે વધુ વિમાનોએ દિવસો સુધી એમની તપાસ કરી, પણ તેમનો કે એમના સાથી વિમાની ફ્રૅડ નુનાનનો કંઇ પત્તો લાગ્યો નહિ.

ઍમીલિયા વીસ વર્ષનાં થતાં તો ઊડતાં શીખી ગએલાં, અને ૧૯૨૮માં ઍટલાંટિક પાર કર્યો ત્યાં સુધી સામાજિક પ્રવૃત્તિઓ કરતાં રહેલાં. એમના પતિ ન્યૂયૉર્કના એક પ્રકાશક જ્યૉર્જ પામર પુટનામે એમને ઉડ્ડયનકારકિર્દીમાં ખૂબ પ્રોત્સાહન આપ્યું. ને પછી તો એમને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ અને અનેક માનચાંદ મળ્યાં. એમના લેખો અને વ્યાખ્યાનોથી વિમાની સફર પ્રત્યે લોકોનો રસ વધી જતાં વિમાનઉદ્યોગને પણ ઘણો લાભ થયો. તે પછી તો વિમાની ક્ષેત્રે થોડા વખતમાં પ્રગતિની અનેક છલાંગો મારી છે.

ટિકિટ પર એમને ઉડ્ડયનપોશાકમાં પોતાના વિમાનની આગળ ઊભેલાં દર્શાવ્યાં છે. હયાત હોત તો આજે એમની ઉમર ૯૫ વર્ષની હોત.

લુદ્દમિલા (Ludmila)

ગયા જૂનમાં મૉસ્કોમાં મળેલી વિશ્વનારી પરિષદમાં એક નવાઈ પમાડે એવો અનુભવ થયો. અમને અંગ્રેજી તેમજ હિંદી ભાષામાં સમજણ પાડવા માટે લગભગ આઠથી દસ દુભાષિયણ બહેનો સોંપાઇ હતી, જેમાંની એક તો ફક્ત વીસ જ વર્ષની હતી. એક વાર અમે તેનું નામ પૂછ્યું. તેણે કહ્યું: 'મારું નામ લુદ્દમિલા.'

તરત જ અમે બધી બહેનોએ કહ્યું કે 'તો તો અમે તને ઊર્મિલા કહીને જ બોલાવીશું.'

લુદ્દમિલાએ આ સાંભળીને ખૂબ જ ગંભીરતાથી હિંદીમાં જવાબ આપ્યો: 'મારે ઊર્મિલા નથી બનવું; કારણ કે બિચારી ઊર્મિલાને તો ચૌદચૌદ વર્ષ સુધી લક્ષ્મણજીનો વિયોગ સહન કરવો પડચો હતો અને એની બિચારીની તો કોઇ પ્રાચીન કવિએ ગાથા પણ નથી ગાઈ. માટે મહેરબાની કરીને મને ઊર્મિલા ના કહેશો.'

વીસ વર્ષની એક સુંદર રશિયન યુવતી આપણા રામાયણનાં પાત્રો વિષે આટલું જ્ઞાન ધરાવે અને વળી ઊર્મિલાની હૃદયવ્યથા આટલી લાગણીપૂર્વક સમજે એ સાંભળી અમે નવાઇ પામ્યાં.

અમારામાંની એક બહેને તેને હિંદી બનાવટનાં એરિંગ આપ્યાં અને ખૂબ શાબાશી આપી. એ લુદ્દમિલાને સાયગલ અને પંકજ મલિકનાં લગભગ તમામ ગાયનો આવડતાં હતાં ને જ્યારે તે ગાતી ત્યારે અમારા આનંદનો પાર ન રહેતો. **શૈલબાળા મોતીવાળા**

કોપરાની કઢી

સામગ્રી: એક મોટું નાળિયેર, એક મોટો ચમચો ચણાનો લોટ, આદુ-મરચાં, મીઠું, કોથમીર, લીમડો તથા ગોળ.

નાળિયેરનું બારીક ખમણ કરી તેને ચટણી માફક પીસવું. પછી એમાં પ્રમાણસર ગરમ પાણી નાખી, ખૂબ ચોળી, કપડાથી તે દૂધ ગાળી લઇને, તેમાં ચણાનો લોટ, આદુ-મરચાં, ગોળ, મીઠું વગેરે નાખી, ઘીમાં જીરા અને લીમડાથી વઘારી કઢી તૈયાર કરવી. ઉપરથી કોથમીર નાખી નીચે ઉતારી લેવી. બિરયાની સાથે ખાવાથી ખૂબ જ સ્વાદિષ્ટ લાગશે.

(જ. પ્ર.) —કુંજબાળા નાણાવટી

આવી કોઇ ટેવ છે?

* સળગતા ચૂલા, સ્ટવ કે ગૅસના ચૂલા પાસે જ ઊભા થઇને, ઉપર લટકતી કે મૂકેલી ચીજ લેવાની ટેવ છે?

* સળગતો સ્ટવ હોલવાઈ જતાં તેની છેક નજીક સુધી માથું ઘાલી, પિન મારી તેને ફરી સળગાવાની ટેવ છે?

* ચૂલેથી તરત જ ઉતારેલી તવી કે પેણી જવા-આવવાના રસ્તામાં ઠોકરાય એ રીતે મૂકવાની ટેવ છે?

* ચૂલે ચડાવેલા તપેલાને ટેકવવા કોલસાનું ટેકણ મૂકવાની ટેવ છે?

* ચૂલા પર તેલ કકડતું હોય ત્યારે જ આસપાસમાંથી પાણી લેવા-મૂકવાની ટેવ છે?

* ઢીલી પડી ગએલી સાણસીને સમરાવ્યા વિના જ વાપર્યા કરવાની ટેવ છે?

* રસોઇ કરતી વખતે નાનાં બાળકોને પાસે જ બેસાડીને કે સુવડાવીને રમાડવાની ટેવ છે?'


જો હોય, તો...તો શું પરિણામ આવે તે જાણો છો ને? (સૂચિત)

કૅાબી ફ્લાવરનું અથાણું


ડાંખળી, પાંદડાં વગેરે કાઢી નાખી અનુકૂળ કદમાં ફૂલો જુદાં પાડવાં. કાપેલાં ફૂલ બરાબર ધોઇને તોળવાં. પ્રમાણ આ પ્રમાણે છે: કૅાબી ફ્લાવર ૧ કિલો, લાલ મરચાંની ભૂકી ૨૫ ગ્રામ, કાળાં મરીની ભૂકી ૧૨ ગ્રામ, રાઈ તાજી દળેલી ૫૦ ગ્રામ, અજમો (આખો) ૩ ગ્રામ, તજની ભૂકી ૩ ગ્રામ, ડુંગળી (બારીક કટકા) ૧૦૦ ગ્રામ, આદુ (બારીક સળીઓ) ૨૫ ગ્રામ, મીઠું દળેલું ૧૦૦ ગ્રામ, સરકો (વિકલ્પે) ૫૦ ગ્રામ, ગોળ ૫૦ ગ્રામ, લસણની કળી (ફોલેલી) ૧૦ ગ્રામ, સરસિયું અથવા રાઈનું તેલ ૧૦૦ ગ્રામ.

લાલ મરચું, કાળાં મરી, રાઇની દાળ અને તજને બારીક દળવાં. આદુની બારીક સળીઓ રાખવી. ડુંગળી તથા લસણના એકદમ નાના કટકા કરવા. ગોળને સરકામાં મિશ્રિત કરવો. સરકો જેમને પસંદ ન હોય તેમણે એટલો જ લીંબુનો રસ તેની જગ્યાએ લેવો. સરકો, ગોળ અને તેલ સિવાયના બધા પદાર્થોને ફ્લાવર સાથે ભેળવવા અને તે મિશ્રણને બરણીમાં ભરવું. બરણી તડકામાં બેથી ત્રણ દિવસ કપડું બાંધીને રાખવી, જેથી થોડી ખટાશ પેદા થશે. (આ ખટાશ લેક્ટિક ઍસિડની છે.) તડકામાં રાખ્યા પછી સરકો ગોળ તથા તેલ ભેળવી દેવાં. તેલની વધારે જરૂર લાગે તો નાખવું, પરંતુ અથાણાને તેલમાં ડૂબેલું રાખવું.

(જ. પ્ર.) —કૃષ્ણલાલ કોટડાવાળા



આ બુટ્ટામાં છે તો માત્ર પાંદડાં જ, પણ લીલારંગની વિવિધ ઝાંયમાં ભર્યાં હોય તો દીપી ઊઠે. ફૂલ-બુટ્ટાઓની સાથે આને પણ છુટ્ટાછુટ્ટા વેર્યા હોય તો મઝાના લાગે. ટાંકાના માર્ગદર્શન માટે નીચે આપેલી આકૃતિમાં નં. ૧-આમળો, ૨-ગાજનો ટાંકો, ૩-દેશી ભરતનો ટાંકો અને ૪-મરડેલી સાંકળીના ટાંકા.



બારીબારણાંના કાચ સાફ કરવા માટે મેથીલેટેડ સ્પિરિટ ઉત્તમ છે.

ચાંદીનાં ઘરેણાં કે વસ્તુઓ સાફ કરતાં પાણીમાં થોડો ટંકણખાર મેળવી જોજો.

હેડકી બહુ જોરથી આવતી હોય તો બંને પડખાંની પાંસળીઓ દબાવવાનો નુસખો અજમાવી જોવા જેવો છે.

દ્રાક્ષને વાગ્ભટે ફલોત્તમા કહી છે. ચરક-સુશ્રુતના કાળથી આપણા પ્રાચીન વૈદકશાસ્ત્રે દ્રાક્ષનો ઔષધ તરીકે બહોળો ઉપયોગ સ્વીકાર્યો છે. દ્રાક્ષાસવ જેવી ઉત્તમ બનાવટ એ આયુર્વેદના ચિકિત્સાજગતને દેણ છે. આચાર્ય ચરકે દ્રાક્ષના ગુણકર્મોની નોંધ લીધી છે કે:

'દ્રાક્ષ તરસ, બળતરા, તાવ, દમ, રક્તપિત્ત, ઉરઃક્ષત(છાતીમાં વ્રણ થવો), ક્ષય, વાયુ, પિત્ત, ઉદાવર્ત (કબજિયાત), સ્વરભેદ (અવાજની વિકૃતિ), મદાત્યય (મદ્યપાનથી થતો રોગ), કડવું મોં તથા મોંનું સુકાઈ જવું અને ઉધરસ એ બધાંનો નાશ કરે છે. દ્રાક્ષ શરીરને પુષ્ટ કરનાર, કામશક્તિ વધારનાર (વૃષ્ય), ગળી, સ્નિગ્ધ અને શીતળ છે.'

કલ્યાણિકા ગુટિકા

કાળી સૂકી દ્રાક્ષમાં પિત્તનું શમન કરવાની શક્તિ ઘણી છે. વળી તે મળને સરકાવીને પેટને સાફ કરનાર—સારક છે. અહીં શોઢલ વૈદ્યનો એક સરળ ને ઉત્તમ પ્રયોગ આપું છું.

બીજ વગરની કાળી દ્રાક્ષ એક ભાગ તથા હરડેનું ચૂર્ણ બે ભાગ લઈ બંનેને બરાબર લસોટીને એકએક તોલાની મોટી ગોળીઓ વાળવી. શોઢલે એને કલ્યાણિકા ગુટિકા કહી છે. સવારે પાંચ તોલા શીતળ જળમાં એક ગોળી નાખી, દશ-પંદર મિનિટ પછી બરાબર ઓગાળી પી જવું. શરીરમાં પિત્ત વધી જવાથી થએલા વિવિધ વિકારોમાં આ પ્રયોગ બહુ જ લાભદાયી છે. શોઢલે આને હૃદયરોગ, લોહીવિકાર, વિષમજ્વર, પાંડુરોગ, ઊલટી, ચામડીના વિકારો, ઉધરસ, કમળો, અરુચિ, પ્રમેહ, પેટમાં વાયુ-ભરાવો તથા ગુલ્મરોગમાં ઉપયોગી માનેલ છે. ખીલ કે શરીરના બીજા ભાગોમાં થતી ફોલ્લીમાં પણ ફાયદાકારક છે. અમ્લપિત્ત કે શરીરના કોઈ પણ ભાગમાં થતા દાહમાં પણ આ પ્રયોગ લાભદાયી છે.

પિત્તની ઊલટીમાં મોં કડવું થઈ જાય ત્યારે આ ગોળી લેવાથી કડવાશ દૂર થાય છે અને વધી ગએલા પિત્તનો ઝાડા વાટે નિકાલ થાય છે, કબજિયાત દૂર થવાથી વાયુનું અનુલોમન થાય છે; પરિણામે ઊલટી મટે છે.

ઉધરસ ને દમમાં પણ કબજિયાત કારણભૂત હોય છે. આ ગોળીથી કબજિયાત દૂર થઈ વાયુ સવળી ગતિનો થતો હોઇ એ બંને રોગોમાં ઉપયોગી છે. પેટની અફરીમાં પણ આ ગોળી લાભદાયી છે.

દ્રાક્ષાસવ

દ્રાક્ષાસવ દીપન-પાચન છે. શરીરના માર્ગોને સ્વચ્છ કરવાનો ખાસ ગુણ તેમાં છે. આથી ક્ષયમાં એનો ઉપયોગ ઘણો જ લાભદાયી છે. આસવમાં રહેલા 'યીસ્ટ' (આથા)-ની દૃષ્ટિએ દ્રાક્ષાસવ ઘણો જ મૂલ્યવાન છે, કેમકે વિટામિન 'બી' માટેનું તે ઉત્તમ દ્રવ્ય છે. શરીરપુષ્ટિ માટે આવશ્યક રીબોફ્લેવીન પણ એમાં છે. વિટામિન 'બી' વર્ગનું નિકોટિનિક ઍસિડ નામનું વિટામિન પણ એમાં હોય છે, જે પૈલાગ્રા નામના રોગનું નિવારક છે. આ રોગમાં અજીર્ણ, અતિસાર, જીભ અને મોં આવી જવાં, ચીડિયો સ્વભાવ, નિદ્રાનાશ, વિસ્મૃતિ વગેરે લક્ષણો જોવા મળે છે. યીસ્ટમાં રક્તની ઉત્પત્તિમાં ઉપયોગી એવું દ્રવ્ય પણ હોય છે જેથી પાંડુરોગમાં દ્રાક્ષાસવ લાભદાયી બને છે. શિયાળા અને ચોમાસામાં સ્વસ્થ માણસે પણ એનું સેવન કરવું લાભપ્રદ છે. ગરમ ચીજો નડતી હોય એણે દ્રાક્ષાસવનું વિશેષ સેવન કરવું નહિ.

બીજા ઉપયોગો

દ્રાક્ષ પિત્તશામક હોઈ દાહ અને તૃષાનું શમન કરે છે. એથી તાવમાં જ્યારે આ લક્ષણો વધી જાય ત્યારે કાળી દ્રાક્ષના દાણા આપવાથી ફાયદો થાય છે. ચક્કરની ફરિયાદવાળાએ રોજ બે તોલા કાળી દ્રાક્ષને ઘીવાળો હાથ લગાવી, તાવડી પર જરા શેકી, સિંધવનું ચૂર્ણ ભભરાવી સવારમાં ચાવી જવી.

પીડા અને બળતરા સાથે મૂત્ર અટકી અટકીને આવતું હોય તો બે તોલા ઘી વગરની કાળી દ્રાક્ષમાં નાની બે એલચીના દાણા નાખી લસોટીને ચટણી બનાવી પોણોશેર ઠંડા પાણીમાં મિશ્ર કરી વસ્ત્રથી ગાળીને સાકર નાખી પી જવું. મૂત્ર અવરોધ વગર આવશે અને બળતરા શમી જશે. **લાભશંકર ઠાકર**

શાકભાજીનું સમયપત્રક

આ પહેલાં ઘરઆંગણામાં કે આંગણાની અગવડ હોય એ સંજોગોમાં મોટાંખોખાંમાં શાકભાજી વાવવાની રીત અવારનવાર આપી છે; તે વેળા, તે તે ઋતુમાં જે વાવી શકાય તેનો ખયાલ રાખીને દર્શાવી છે. આ માસથી હવે દર મહિને કયું શાક વાવી શકાય તે જોઈશું.

આસો માસમાં આટલાં શાકભાજી વાવી શકાય: ટમાટાં, ફણસી. કાકડી, બટાટા, ડુંગળી, કૉબી ફ્લાવર, વટાણા, ગાજર, મોગરી, રીંગણાં, નોલખોલ, સલગમ, લેટયુસ, બીટ, વાલોળ, મૂળા, બધી જ જાતની ભાજીઓ. (ગ્રામયુવક)



અનુસંધાન] વ્યક્તિવિશેષ [પૃ. ૩૯૮થી
પાસે એમણે નવેસરથી ક્રિકેટની તાલીમ લીધી



અને ૧૮૯૩માં યુનિવર્સિટી તરફથી પ્રથમવાર મૅચમાં ઊતર્યા ત્યારથી ઉત્તરોત્તર એમની કારકિર્દી બઢતી જ ગઈ. સસેક્સની કાઉન્ટી-ટીમમાં જ્યારે એમની પસંદગી થઈ ત્યારે એ અન્ડર ગ્રૅડ્યુએટ હિંદીની શક્તિ વિષે કેટલાકને શંકા હતી, પણ લૉર્ડ્ઝના મેદાન પર મૅન્ચેસ્ટર કાઉન્ટી ટીમ સામે પહેલી ઇનિંગમાં નૉટ-આઉટ રહી ૭૭ અને પછી ૫૦ રનનો કિંમતી ફાળો આપી એમણે ટીકાકારોનાં મો બંધ કરી દીધાં. ૧૮૯૫માં મૅન્ચેસ્ટર ખાતે ઑસ્ટ્રેલિયાની ઘણી મજબૂત ટીમ સામે તો જાણે એમણે જ એકલાએ ઈંગ્લંડની આબરૂ રાખી હતી. ઑસ્ટ્રેલિયન જોન્સની વેગીલી બૉલિંગ સામે જ્યારે ડબલ્યુ. જી. ગ્રેઇસ અને એ. ઈ. સ્ટૉડર્ડ જેવા મહારથીઓ ઊડી ગયા ને ઇંગ્લંડ માટે શરમ ભરી હાર નિશ્ચિત થઈ ચૂકી ત્યારે રણજી મેદાનમાં આવ્યા. આવી મોટી મૅચમાં તેઓ પહેલીવાર રમતા હતા. લોકોને પણ શંકા રહેતી હતી. ત્યાં જોન્સના કાતિલ અને ગિફિનના લલચાવનારા દડાઓને એમણે ઉપરાઉપર બાઉન્ડ્રી બહાર ફટકારવા માંડ્યા. આ નવા જવાનડાને ઝૂડવા ઑસ્ટ્રેલિયનોએ જીવતોડ પ્રયત્નો કર્યા પણ કંઈ વળ્યું નહિ. એક દિવસ તો પૂરો થયો, બીજાની પણ સાંજ થઈ, પણ રણજી હજી વિકેટ પર જ ચીટક્યા હતા. આખરે ૧૫૪ રન કરી તેઓ ગયા. મજબૂતમાં મજબૂત હૃદયો એ શિકસ્ત ખાધી હોત તો યે માફ થઈ શકે એવાં એ કપરાં આક્રમણો સામે રણજિતસિંહે જે પ્રવીણતા દાખવી તેના પર ઈંગ્લંડ વારી ગયું અને 'રણજી'ના લાડીલા નામે એમને વધાવ્યા. સામયિકોમાં એમની મુલાકાતો ને છબિઓ આવવા લાગી. 'કૅપ્ટન' નામે માસિકના એક આખા અંકનું સંપાદન ખાસ એમના પાસે કરાવ્યું. પછી તો એક સીઝનમાં એમણે ૩૦૦૦ રનનો જંગી જુમલો નોંધાવ્યો. યૉર્કશર (યૉર્ક શાયર)ની મજબૂત ખેલાડી ટીમ સામે બેવડી સદી કરી એમણે અદ્‌ભુત વિક્રમ કર્યો. સસેક્સે અને ઇંગ્લંડની ઇલેવનમાં પણ રમ્યા.

એમની રમત આગવી જ હતી. સામા પક્ષના ગમે તેવા તરખાટ સામે ખડક પેઠે અડગ રહી હસતે મોંએ દૃઢતાથી તેઓ રમતા. એક બે રનના ફટકા મારી મેદાન પર દોડાદોડી કરી રન નોંધાવવાને બદલે એક પછી એક ઓવર બાઉન્ડ્રી લગાવી ઢગલાબંધ રનનો જુમલો તેઓ આપતા. 'લેગ ગ્લેન્સ'ની એમની આગલી શૈલીએ ઓછા શ્રમે વધુ ફાળો એ એમની વિશિષ્ટતા હતી. સારી યે ક્રિકેટ આલમ એમની આ રમત પર ફિદા હતી.

પણ ક્રિકેટ એક જ નહિ, ફૂટબૉલ પણ તેઓ એટલા જ રસથી રમતા. ટેનિસમાં અને ઉમદા નિશાનબાજ તરીકે શિકારમાં પણ એમની ગણના થતી.

૧૯૦૬માં જામનગરની ગાદીએ આવ્યા. રાજકારણમાં પડ્યા પછી કૉંગ્રેસની સ્વાતંત્ર્ય-લડતમાં વિઘ્નો નાખતા બ્રિટિશરોને પડખે રહેલા નરેન્દ્રમંડળ (ચેમ્બર ઑવ પ્રિન્સિઝ)ના સરનશીન પણ થયા. એમના ભત્રીજા દુલીપસિંહે પછી એમની પરંપરા જાળવી.

ઈ. સ. ૧૯૩૩ની ૨જી એપ્રિલે એમનું અવસાન થયું.

∽

કોઈ નવા તકુંડચી લેખકે આખું પુસ્તક ઉપજાવી કાઢી જર્મન વિદ્વાન લેસિંગ પર તે મોકલ્યું. લેસિંગે તેની સમાલોચના લખી: 'આ પુસ્તકમાં એવું ઘણું લખાણ છે જે સરસ અને નવીન છે. પરંતુ જે સરસ છે તે નવીન નથી અને જે નવીન છે તે સરસ નથી!'

નિર્લજ નર લાજે નહિ, કરો કોટિ ધિક્કાર,
નાક કપાયું તો કહે, અંગે ઓછો ભાર.

—દલપતરામ—

સેન્ટ હેલીના ટાપુમાં કેદી નેપોલિયનને એક જણ અમુક યુદ્ધનો અહેવાલ વાંચી સંભળાવતો હતો. તેમાં એક ઠેકાણે આવ્યું: 'નેપોલિયન સૌથી પહેલો પૂલ ઓળંગી ગયો હતો ને તેની પાછળ સરદાર લેની હતો.' વચ્ચે જ તેને અટકાવી નેપોલિયન બોલ્યો: 'ના,,એ ભૂલ છે. લેની તો મારી આગળ હતો, ને હું એની પાછળ હતો.'


અનેકાર્થી શબ્દ: ગો=ગાય કે બળદ, શબ્દ વાણી કે ભાષા; ઇંદ્રિય; જીભ; દિશા; નેત્ર કે જોવાની શક્તિ; પાંચની સંજ્ઞા; નવનો આંકડો; હીરો; વાયુ; વીજળી; સૂર્ય; ચંદ્ર; આકાશ; સ્વર્ગ; વજ્ર; વૃષભરાશિ; મરીચિ; શિવનો નંદી; ઘોડો; ગવૈયો; ઋક્ષભ નામની ઔષધિ; રૂઆબ કે બડાઇ; પૃથ્વી કે જમીન; બાણ; માતા; રુંવાંટું; વેદ; શય્યા; સંખ્યા; કિરણ; કેશ કે વાળ; પાણી; બકરી વગેરે પશુ; સુખ; સત્ય.

કહેવતોના અર્થ: 'ગોપાભાઈની ગોપવણી, પાઘ બાંધે ઉપરણી'–પાઘડી વિનાના કે ફાટેલી પાઘડીવાળા કોઇ ગોપાભાઇ, પોતાની એ અવદશાની ગોપવણી કરવા (છુપાવવા) માટે ઉપરણી (ચુંદડી કે અંગવસ્ત્ર) બાંધીને પણ પાઘડી પહેર્યાની ડંફાશ મારે, એવા હાસ્યાસ્પદ ફિશિયારીખોર કે દંભી માણસો માટે વપરાતી આ કહેવતને મળતું ઉદાહરણ ગરીબી છુપાવનાર ગરાશિયાનું પણ છે. એના ઘરમાં મૂછે લગાડવા પૂરતું પણ તેલ ન હોવાથી દીવાના કોડિયાનું વધેલું તેલ ચોપડ્યું, ને એમ કરતાં દિવેટ મૂછ પર ચોંટી રહી; તે કોઈએ જોતાં પ્રશ્ન કર્યો, તેને જવાબ દીધો કે આજ ભોજનમાં સેવો ખાધી'તી તે રહી ગઇ હશે, ને એમ કહીને દિવેટ ચાટી ગયા! ગરીબાઈ ઢાંકવા માટેની ફિશિયારી વિષેની આ કહેવત (ગોપાભાઈની ગોપવણી) વિષે બીજાં પણ કથન તથા ઉદાહરણ છે જેમાંનું એક છે:

'મુલતાન કે મલજી, દિલ્હી કે લાલા,
સૂરત કે ભાઈસાબ, સબ ભીખ મંગનેવાલા.'

ગણિતગમ્મત

કોઇ પણ રકમ ધારો. તેને પાંચ વડે ગુણી, આવેલી રકમમાં ત્રણ ઉમેરી, જે આવે તેને બે વડે ગુણી, ફરી આવેલી રકમમાં પાછા ત્રણ ઉમેરીને છેલ્લો આંકડો (જે હમેશાં નવડો જ હશે) કાઢી નાખશો એટલે તમારી ધારેલી રકમ આવશે.



લંડનના ફિશ સ્ટ્રીટ હિલ વિસ્તારમાં ઊભું કરેલું ૨૦૨ ફૂટ ઊંચું આ સ્મારક ઈ. ૧૬૬૬માં આ વિસ્તારમાંથી શરૂ થએલી લંડનની ભીષણ આગની યાદગીરીમાં ઊભું કરાયું છે. (જુઓ 'આ માસ')

એકલા હિંદમાં વનસ્પતિની બધી મળી ૧૫૦૦૦ ઉપરાંત જાતો થાય છે.

ઠંડા કરતાં ગરમ પાણી જલદી ઠરી જતું હોઈ બરફ તેમાંથી બનાવાય છે।

ઈસુ ખ્રિસ્તનો જન્મ ઈ. સ. ૧માં નહિ, પણ તેથી ચાર વર્ષ વહેલો થએલો.


ઍલ્યુમીનિયમનાં વાસણ સાફ કરવામાં રાખ કે સોડા કદી ન વાપરતા. સાબુના પાણીથી ધોઇ, લૂછીને અંદરબહાર તેલનો આછો હાથ મારી દેજો.



માણસ ડાબે હાથે કે જમણે હાથે કામ કરનારો કેમ બને છે એને વિષે બે મત છે: એક મત એને ટેવ ગણે છે, જ્યારે બીજો મત વારસાગત ખાસિયત ગણે છે. જો માબાપમાંથી એક જણ ડાબોડી હોય તો બાળક ડાબોડી થવાનો સંભવ છએ એક ગણાય. પણ માબાપ બન્ને જમણા હાથની ટેવવાળાં હોયતો બાળક ડાબોડી થવાનો સંભવ સોળે એક ગણાય.



કલાકણિકા: સિલોનની હાથીદાંતની આ કાંસકીમાં બારીક દાંતાની સાથોસાથ દેવીના હાથમાંથી પ્રકટતી વૃક્ષવેલની ભાતની લીલા.



ઉત્તરધ્રુવ પ્રદેશમાં સૂર્ય ઊંચે ન ચડતાં ક્ષિતિજ ઉપર જ ફર્યા કરે છે એમ આપણે વાંચ્યું છે. એ દૃશ્ય કેવું હશે તેનો ખયાલ આપતા આ ચિત્રમાં દર વીસ મિનિટને આંતરે ક્ષિતિજ ઉપર ફરતા જતા સૂર્યબિમ્બના ફોટોગ્રાફ પાડેલા છે.

અનુક્રમ

સપ્ટેમ્બર ૧૯૬૩ · અંક ૪૭૭

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૧૦; પરદેશમાં રૂ. ૧૪ અથવા શિ૦ ૨૧; છૂટક નકલ: રૂ. ૧-૨૫


છેતરાશો નહિ
મેટ્રિક તોલમાપનો ઉપયોગ ફરજિયાત
મેટ્રિક પદ્ધતિ
સુગમતા અને સમાનતા માટે અપનાવો